

પ્રતીક્ષા · ચિત્રકાર : વૈદ્યનાથ દાસ—જેમનો પરિચય ગયા અંકમાં આવી ગયો

કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ
તંત્રી · બચુભાઈ રાવત

૨૯૨
એપ્રિલ · ૧૯૪૮



બાલ-છટા (આ અંકમાં જેમનો પરિચય આપ્યો છે તે રૉયલ ઍકેડેમીશ્યન કલાકાર સ્વ. રુસ્તમ સિયોદિયાની તસ્વીરકળાનો નમૂનો)

કુમાર
એપ્રિલ ૧૯૪૮
અંક ૨૯૨

ચિત્રો

કાવ્ય

ચરિત્ર


વાર્તા


લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ, ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂા. ૭।।; પરદેશમાં રૂા. ૯।। અથવા ૧૪ શિલિંગ. છૂટક નકલના બાર આના.

જાહેરખબરના સોલ એજન્ટ: મેસર્સ સાયન્ટિફિક પબ્લિસિટી કંપની
ફર્નાન્ડિઝ બ્રિજ, ગાંધી રોડ, અમદાવાદ.





સુભાષચન્દ્ર બોઝ રચિત આઝાદ હિંદ ફોજનાં વિવિધ સંજ્ઞાચિહ્નો : હિંદના સ્વાતંત્ર્યયુદ્ધના ઇતિહાસમાં અમર સ્થાન મેળવનાર સુભાષચન્દ્ર બોઝ તથા તેમની ખમીરવંતી આઝાદ હિંદ ફોજે હિંદના પૂર્વ સીમાડે ૧૯૪૩–૪૪માં સાધનોની અછત હોવા છતાં જે વિક્રમભરી ન્યોચ્છાવરી બતાવેલી તે સંભારીને પ્રત્યેક હિંદી ખુમારીની ઝણઝણાટી અનુભવે છે. શસ્ત્રાસ્ત્રોથી સજ્જ એવી જબરદસ્ત બ્રિટિશ સેનાને હઠાવીને તેમણે હિંદની ધરતીના ૧૫૦૦ ચો. માઈલનો પ્રદેશ કબજે કરી તેના પર હિંદનો ત્રિરંગી રાષ્ટ્રધ્વજ ફરકાવેલો. એ ફોજનું આયોજન અન્ય સેનાઓની માફક જ કેવું યોજનાબદ્ધ હતું તેનો ખ્યાલ તેનાં વિવિધ દળો, અધિકારીઓ તથા પ્રવૃત્તિ માટેનાં સંજ્ઞાચિહ્નો તથા બિલ્લાઓ આપશે. મુંબઈના શ્રી વિઠ્ઠલભાઈ ઝવેરીએ શ્રમપૂર્વક એ પ્રવૃત્તિને ચિત્રમય રીતે રજૂ કરતા 'Freedom's Battle' નામના પુસ્તકમાંથી તારવીને આ સંજ્ઞાચિત્રો આપવા પાછળ અમારો હેતુ એ છે કે આજ સુધી બ્રિટિશ અમલ તળે આપણને લશ્કરી પ્રવૃત્તિનો પરિચય થયો નથી. એમાં અંગ્રેજ અમલ જેટલી જ આપણી એ દિશા પ્રત્યેની ઉપેક્ષાવૃત્તિ પણ દોષપાત્ર છે. પણ હવે આઝાદ બનતાં આપણા લશ્કરી જીવન વિષે પણ આપણે ઉત્સાહભર્યો રસ કેળવવો પડશે, તેને માટે આત્મીયતા પેદા કરવી પડશે, જેથી ભવિષ્યમાં જ્યારે આપણા દેશની કરોડરજ્જુ સમાન તે સૈન્યમાં

કુમાર

આવતી કાલનાં નાગરિકોનું એકલું માસિક · વર્ષ પચ્ચીસમું · અંક ચોથો · એપ્રિલ ઓગણીસસો ઉડતાલીસ

સ્વરૂપત્રયી સિન્ધુ

સિન્ધુને મેં જ્યાંજ્યાં જોઈ છે ત્યાંત્યાં મને એ જૂજવાં રૂપે દેખાઈ છે. સક્ખરની પડોશમાં, સાધબેલાના નાના મંદિરદ્વિપ નજીક જોએલી સિન્ધુમાંથી મને નાની, રમતિયાળ કન્યાનું રૂપ જોવા મળ્યું હતું. નગરઠઠ્ઠા પાસે, તાડનાં ઝુંડોની વચગાંથી નીકળતી સિન્ધુના યૌવને મને કાંઠે જ થંભાવી દીધો હતો: પગ ઝબોળીએ તો આખા શરીરને ખેંચી જાય એટલો ગતિમાન પ્રવાહ મેં બીજે ક્યાંય જોયો નથી. બ્રાહ્મણાબાદની પશ્ચિમે વહેતી સિન્ધુમાં મને માતાના વાત્સલ્યનાં દર્શન થયાં હતાં.

ઈન્દુલાલ ગાંધી

શૈશવી

· વસંતતિલકા ·

કન્યા તણી ગરવી મોંછબિ જેવું રમ્ય
જોવા મળ્યું હસુંહસું થતું રૂપ તારું;
ઊડી રહેલ પગપાલવ, જેમ તારા
નાના તરંગ પર નેન જરાક ઢાળું.

ઊભી ખળાંમહીં કૃષિકની નાની કન્યા
જાણે અનાજ રહી ઊપણી ગાતી ગાતી;
તારી હથેળીથકી આંહીં જ એવી રીતે
ઊંચીનીચી થઈ રહી જલની સપાટી.

તારો પ્રવાહપથ પ્હોંચી રહ્યો ક્ષિતિજે,
એણે તને કનક આસન આપી દીધું;
જે દક્ષિણે ધસતી ક્ષીરકણા ઉછાળી
તે આંહીં વારિકણશું રમતી નિહાળી.

તારાં લઘુ નરતનો, ઉછરંગગીતો,
જોવાં સદા ય સુણવાં ગમતાં મને તો.

યૌવના

· શિખરિણી ·

તને મેં રોકી'તી ખડક બનીને માર્ગ વચમાં,
જરા ખેંચ્યો છેડો–જલશું રમતાં–ઉત્તરીયનો:
થપાટે ઓચતાં પગ ખસી ગયો, અંગ લથડ્યું,
થતાં સ્વસ્થ તારે મુખ વિજયનું હાસ્ય ખખડ્યું!

કિનારે ઊભેલો તરુસમૂહ ઊંચાં મુખ કરી
હસ્યો: એથી તો તેં અધિક ચગવી તારી હઠને:
મરુતે મ્હાલંતી તવ ગતિતણી નૃત્યરચના
પરે હું મોહ્યો'તો,–છલ સકલ તારાં ભૂલી સખી!

મદે ઘેર્યાં નેનો, અતિ ત્વરિત તારી પથગતિ
નવા ઉન્મેષોથી હૃદયનદી તારી છલકતી:
જલૈશ્વર્યે રાણી થઈ વિહરતી ઉગ્ર યમુના!
ઉપેક્ષી યાત્રીને ક્ષિતિજ ભણી માંડે નયન કાં?

હું આવ્યો'તો—ખૂંદી વિજન વન—થૈને પુરુરવા
સૂના અંબોડામાં કમળફૂલ એકાદ ધરવા.

માતા

· હરિગીત ·

ગંભીર જલવિસ્તાર આખી ભોમકા ઢાંકી રહ્યો
કાંઠો ય વનવીંટચો જલશ્રીનું કુશલ ભાખી રહ્યો:
ધુમ્મસભર્યાં આચ્છાદનો આકાશરંગી ભૂખરાં
ઓઢી તું કુંતા જેમ ચિંતાતુર બેઠેલી સદા.

તેં પાઈ ધાવણ પંડનાં રણને કમળમાં ફેરવ્યું,
એકેક રેતી–કાંકરાનું, માડી, તેં મોતી કર્યું:
ઘનની ઘટા, નભગર્જના કે વીજળી-વર્ષા વિના
તું નિત્ય બારે માસ ભૂમિઅંગને રાખે ભીનાં.

ઇતિહાસ તો વંટોળિયો થૈને ઘૂમ્યો'તો આંગણે,
તેં સંસ્કૃતિને સાબદી કીધી હતી સમરાંગણે;
વરદાન કૈં વાત્સલ્યનાં મા, સાંભરે છે રાતદિ',
જે ખોળલે ખૂંદ્યાં અમે તે તો ભુલાશે ના કદી.

તું જાહ્નવી શી શુદ્ધ હિમાલયતણી ઉરગોમતી,
પટ ક્ષિતિજે પ્હોંચે છતાં શીતલ સલિલે તું છતી:
આવે છ આજે યાદ સ્મરણો શોક ને આનંદનાં,
તારી પ્રસન્ન પ્રગલ્ભતાને કોટિકોટિ વંદના.

મનન

નવી દૃષ્ટિની જરૂર

કોઈ પણ રાષ્ટ્રની તાકાત શું ? એનો વિચાર કરતાં મનમાં પહેલો જ ઉત્તર આવશે કે તેનું લશ્કર. અને લશ્કરી તાકાત પર નભતી આજની દુનિયા જોતાં એ સ્વાભાવિક પણ લાગે. પરંતુ ખરી હકીકત એ નથી. ખુદ એ લશ્કરી તાકાત ને મુત્સદ્દીઓની કુનેહ પર નભતી આજની દુનિયાનાં બધાં રાષ્ટ્રો પણ એ તો નિઃશંક સ્વીકારે છે કે કોઇ પણ રાષ્ટ્રની ખરી તાકાત તો એના જીવનમાં જ રહેલી છે. એ જીવન જેટલું સત્ત્વશીલ એટલું એનું લશ્કર બળવાન, એટલી એના મુત્સદ્દીઓની કુનેહ ફળદાયી. આમ, રાષ્ટ્રની તાકાતનો જે સામાન્ય અર્થ આપણે કરીએ છીએ એ ઉપલકિયો છે. એની ખરી તાકાત આપણું લશ્કર નહિ પણ આપણું જીવન છે, આપણે પોતે, હું અને તમે-છીએ.

આજ સુધી સ્વતંત્રતાને આપણે આપણા જીવનનું ધ્યેય ગણ્યું હતું. એ ધ્યેય તો પ્રાપ્ત થઇ ગયું. એટલે હવે પછીના આપણા જીવનનું ધ્યેય શું હોઈ શકે તેનો સ્પષ્ટ ખ્યાલ બંધાવો જોઈએ. બધે જોઇએ છીએ તો સ્વાતંત્ર્ય પછી આપણું જીવન સાવ ધ્યેયહીન બની ગયું છે. આપણી જીવવાની રીતમાં કશો ફેર નથી પડયો. આપણા સામાજિક વ્યવહારમાં હજુ આપણે એના એ જ રહ્યા છીએ. કાળાં બજાર ને લાંચરૂશ્વત એ જ પુરાણી રીતે હજી ચાલ્યાં કરે છે. અને આ પરિસ્થિતિનું કારણ શોધવાની-તેનો વિચાર સુદ્ધાં કરવાની કોઇને પડી નથી.

આ બધાંનું કારણ એક જ છે: આપણે હજુ એક 'રાષ્ટ્ર' તરીકે જીવતા નથી. આપણે એક રાષ્ટ્રનું અંગ છીએ એવી અસ્મિતાથી આપણે વિચારતા જ નથી, અને રાષ્ટ્ર તરીકે જીવવા માટે ખૂબ જરૂરી એવી જે 'રાષ્ટ્રીય શિસ્ત' તે આપણે ત્યાં જણાતી જ નથી. જીવનના કોઈ એક જ અંગમાં શિસ્ત વ્યક્ત થાય એ પૂરતું નથી. એ તો જીવનના અંગઅંગમાં વ્યાપી ગએલી હોય અને જાણ્યે કે અજાણ્યે થતા આપણા એકેએક કાર્યમાં સમગ્ર રાષ્ટ્ર તરીકે જીવવાનો જ આપણો પ્રયત્ન થતો હોય, તો જ આવેલી આઝાદીને યોગ્ય આપણું જીવન થયું કહેવાય.

આનો અર્થ એ કે જીવનના કોઈ પણ ક્ષેત્રને (આર્થિક,સામાજિક,સાંસ્કારિક કે રાજકીય) આપણે બીજાથી ગૌણ ન ગણી શકીએ. કારણ આપણી અસ્મિતા કે વ્યકિતત્વ કોઇ એક ક્ષેત્રનું પરિણામ નથી, પરંતુ જુદાંજુદાં ક્ષેત્રોમાંથી પરિણમતું મિશ્રિત સર્જન છે.

આ પરિસ્થિતિમાં આપણે આપણામાં રાષ્ટ્રનું ભાન પ્રકટાવે એવાં અને આપણા રાષ્ટ્રજીવન સાથે સુસંગત બને એવાં નવાં મૂલ્યો સ્વીકારવાં પડશે. આપણા જીવનના એકેએક કાર્યને આખા રાષ્ટ્રની દૃષ્ટિએ નાણી જોવું જોઈશે અને એકેએક ક્ષણે રાષ્ટ્રના જ વિકાસનું ધ્યેય મનમાં રાખવું જોઈશે.

આ માટે 'રાજકારણમાં ઝંપલાવવું' કે 'સમાજસેવાના ભેખ લેવા'–એવા 'મહાન' નિશ્ચયોની જરૂર નથી. માત્ર જીવનના જે ક્ષેત્રમાં હોઇએ ત્યાં ક્ષેત્રસ્થ થઈને પ્રામાણિકપણે જીવન જીવીએ. એટલો નિશ્ચય કરીએ તોયે બસ છે. આ નિશ્ચય સાદો એટલો જ કસોટીભર્યો છે. પણ જો આપણે તેને અમલમાં મૂકીએ તો દસ જ વર્ષમાં આપણે કલ્પેલું 'રાષ્ટ્ર' ખડું થઈ જાય. આપણે બલિદાન 'આપવા' બહાર ન નીકળીએ, આખા જીવનને જ બલિદાન બનાવી દઇએ.

એકલી 'ભાવના' અને 'ઊર્મિ'ઓથી આપણે કશું મેળવી નહિ શકીએ. નિયમિત, શુદ્ધ અને એકધારા 'કાર્ય'ની જ હવે જરૂર છે. અને એમ કરતાં આપણે પ્રથમ એક જ વાત સ્વીકારવાની છે: કોઈપણ કાર્ય રાષ્ટ્રની દૃષ્ટિએ હીણું છે જ નહિ. જેટલી અગત્ય મોટા નેતા કે રાજપુરુષની છે એટલી જ એક મામૂલી મુખીની છે. શિક્ષકની જેટલી અગત્ય છે, એટલી જ વિદ્યાર્થીની પણ છે. મિલમાલિકની છે એટલી જ મજૂરની છે. દેશને એક વેપારી જેટલો જરૂરનો છે તેટલો જ જરૂરનો ગુમાસ્તો પણ છે. મોટો વિદ્વાન અને અદના વાળંદ બંને રાષ્ટ્રનાં જ અંગ છે. રાષ્ટ્રનું જીવન તો કોઇ નદીના મોટા પ્રવાહ જેવું છે. એમાં દરેક ક્ષેત્રમાંથી ફાળો પુરાતો આવે છે.

બીજી રીતે કહીએ તો દેશમાં થતા દરેક કાર્યને આપણે 'કર્તવ્ય' ગણવું જોઇએ; અને એ બધાંની સમાનતાની ભાવના સ્વીકારીએ. વિદ્યાર્થી એમ ન સમજે કે પોતાના 'વાંચવા-લખવા'ને રાષ્ટ્ર સાથે કશો સંબંધ નથી. પરીક્ષા માટે દસથી બાર કલાક નિયમિત કામ કરનારને એમ કદાચ લાગે, કારણ કે આપણે હજુ આ નવી દૃષ્ટિથી વિચાર કરતા નથી થયા. પરંતુ જો એ દસ કલાક વાંચશે તો કાં તો એ જ્ઞાનમાં સમૃદ્ધ થશે—અને જ્ઞાની માણસોની તો આપણને જરૂર છે—ને એમ નહિ થાય તો પણ દસ કલાક કામ કરવાની માનસિક ને શારીરિક શક્તિ પણ શું રાષ્ટ્રની દૃષ્ટિએ અગત્યની નથી ? જો અભ્યાસશક્તિની આવી અગત્ય છે તો ઘરકામની (જે આજનો વિદ્યાર્થી જવલ્લે જ કરતો હોય છે!) અગત્ય પણ લેશમાત્ર ઓછી નથી. કારણ, જેને આપણે આત્મવિશ્વાસ કહીએ છીએ એ જ રાષ્ટ્રનું ખરૂં ધન છે; અને સાચો આત્મવિશ્વાસ કાર્યમાંથી જ જન્મે છે.

વિદ્યાર્થીમંડળો આ દૃષ્ટિથી વર્ષનો કાર્યક્રમ ઘડી કાઢે એમની પ્રવૃત્તિનું મુખ્ય અંગ 'સારા વિદ્યાર્થીઓ' પેદા કરવાનું હોય; 'નકલિયા નેતાઓ' નહિ. આજનો વિદ્યાર્થી અભ્યાસ ને બીજી પ્રવૃત્તિઓમાં કેટલો સમય ખર્ચે છે એની સરખામણી કરી જુએ, ને વિચારે કે પોતાની સમીપ રહેલા ધ્યેયથી એ કેટલો ચ્યુત થએલો છે. બીજી પ્રવૃત્તિઓ અને બીજાં ક્ષેત્રો તરફ ખેંચાવું એ એકલા વિદ્યાર્થીઓનો જ દુર્ગુણ નથી; એ કદાચ માનવ સ્વભાવની મર્યાદા છે. પરંતુ આપણે ત્યાં આ આકર્ષણ જુદાં જ કારણોથી જન્મ્યું છે.

રાજકીય ક્ષેત્રને આપણા જીવનમાં સૌથી વધુ અગત્ય અપાય છે. અલબત્ત, આઝાદી પ્રાપ્ત કરવા માટે તો શરૂઆતમાં આવા કેન્દ્રીકરણની જરૂર ખરી; પરંતુ આજે જો એ ચાલુ રહેશે તો એટલે અંશે રાષ્ટ્રજીવનનાં બીજાં ક્ષેત્રોની અવગણના થવાની. આ એકપક્ષીપણું નાબૂદ કરવા માટે પણ ઉપર કહેલી નવી દૃષ્ટિની જરૂર છે. આજ સુધી તો પૂ૦ ગાંધીજીના વિરાટ વ્યક્તિત્વમાં જીવનનાં ભિન્નભિન્ન ક્ષેત્રો સમાઇ ગયાં હતાં. પરંતુ ગાંધીજી જતાં આજે અંધકાર લાગે છે. કોઇ એવો સમાજનેતા આજે શોધ્યો જડતો નથી જે જીવનનાં બધાં જ ક્ષેત્રોમાં નવાં મૂલ્યોનું સિંચન કરે, ઉપલકિયા નજરે અસંગત લાગતી જુદીજુદી પ્રવૃત્તિઓને એક ભાવનામાં કેન્દ્રિત કરે અને નવજીવન પ્રેરે.

પણ આ જેટલું દુઃખકર છે એટલું નિરાશાજનક ન હોવું જોઇએ. ગાંધીજીના મૃત્યુનું ગાંભીર્ય ઊર્મિલતા ને ક્ષણિક પ્રત્યાઘાતોમાં ન સમાવતાં મક્કમ ચિરંજીવ નિશ્ચયોમાં આપણે સમાવીએ; આપણું જે ક્ષેત્ર હોય તેમાં આસનબદ્ધ થઇને કાર્યરત બનીએ. જે એકતાની લાગણી આપણને એમના મૃત્યુના દુઃખમાં લાગી તેને કાર્યના ક્ષેત્રમાં લાવીએ. કારણ આપણા દેશને તો હજુ દરેક ક્ષેત્રમાં એકેએક ગાંધીની જરૂર છે.

હૃષીકેશ પાઠક

પુરુષોત્તમદાસ ટંડન



પ્રોજ્જ્વલ ચારિત્ર્યશીલ પુરુષ નિસ્પૃહ ત્યાગી લોકસેવક અને તેજસ્વી નીડર નેતા

★

જેમને જોતાં જ આપણને પ્રાચીન ઋષિમુનિઓના તપઃપૂત વ્યક્તિત્વનો ભાસ થાય ને આપણું મસ્તક શ્રદ્ધાની નમી પડે એવી વિરલ તેજસ્વી વ્યક્તિઓમાં શ્રદ્ધેય બાબુ પુરુષોત્તમદાસ ટંડનજી મોખરે છે. તેમના ત્યાગની ઓજસ્વિતા, સાદાઈની નમ્રતા, દેશપ્રેમની જ્વલંતતા ને હિંદુ ધર્મ વિષેની પ્રખરતા એવાં ઉચ્ચ કોટિનાં છે કે તે બાબતમાં સ્વ. માલવીયજી પછી કદાચ તેમનું જ સ્થાન આવે.

યુક્ત પ્રાંતના રાજકારણ અને સમાજકારણ બંનેમાં અનોખું સ્થાન ધરાવનાર આ અર્વાચીન મહર્ષિનો જન્મ સંવત ૧૯૩૯ના પોષ માસના શુક્લ પક્ષમાં તીર્થરાજ પ્રયાગના પવિત્ર શહેરમાં એક ધર્મનિષ્ઠ ખત્રી કુટુંબમાં થએલો. તે જન્મ્યા તે મહિનો પુરુષોત્તમ માસ હોવાથી તેમનું નામ પુરુષોત્તમદાસ રાખવામાં આવ્યું તેમના પિતા રાધાસ્વામી સંપ્રદાયના એક સિદ્ધ સંત પુરુષ હતા. આવા ધર્મનિષ્ઠ પિતા તરફથી શુદ્ધ અને પવિત્ર જીવનના ઉચ્ચ સંસ્કારો તેમને ગળથૂથીમાં જ મળેલા. તેજસ્વી મેધા ધરાવતા તે બાળકે બાલ્યવયથી ઘરમાં જ શિક્ષણ લેવું શરૂ કરી નાની વયે મોટી યોગ્યતા પ્રાપ્ત કરી લીધી. અને માત્ર ૧૪ વર્ષની કાચી વયે જ્યારે તે મૅટ્રિકની પરીક્ષામાં બેઠા ત્યારે તેમના પાસ થવા વિષે સૌ સાશંક હતા. પણ પરિણામ બહાર પડતાં તે ઊંચે નંબરે પાસ થયા.

જોતજોતાંમાં તેમણે બી.એ. ઊંચા વર્ગમાં પાસ કરીને એમ એ.નો અભ્યાસ શરૂ કર્યો અભ્યાસમાં કુશાગ્ર હોવા સાથે તેમની ન્યાયનિષ્ઠ નીડરતા અને અન્યાયનો વિરોધ કરવાની તમન્નાનો પરિચય આપતો એક બનાવ આ કાળમાં બન્યો. એક વખત તે રસ્તેથી જતા હતા ત્યારે તેમણે પોતાના પ્રિન્સિપલને એક ગરીબ મજૂર સાથે અન્યાયપૂર્વક અસભ્ય વર્તન કરતા જોયા. લાગલા જ પોતે ત્યાં ગયા અને ન્યાય પેલા મજૂરને પક્ષે જણાતાં જ તેમણે પ્રિન્સિપલ સાહેબનો સખત શબ્દોમાં વિરોધ કર્યો. આથી તેમની ને પ્રિન્સિપલની વચ્ચે થોડીક બોલાચાલી થતાં પ્રિન્સિપલે ટંડનજીને માફી માગવા કહ્યું, અને જો માફી ન માગે તો પરીક્ષામાં બેસવા ન દેવાની ધમકી આપી. પણ ટંડનજી જેમનું નામ! ડર તો તેમણે કદી જાણ્યો નહોતો અને અન્યાય સામે નમી જવું એ નામર્દાઈ ગણતા. તેમણે દૃઢતાથી જુસ્સાપૂર્વક જવાબ આપ્યો, 'સાહેબ, આમાં વાંક તો આપનો જ છે; માટે જો માફી માગવાની હોય તો તે આપને, મારે નહિ. આપ થાય તે કરજો. પણ હું તો પ્રાણ જાય તો પણ માફી માગવાનો નથી.' પ્રિન્સિપલે તેમને એમ.એ. ની પરીક્ષામાં બેસવા ન દીધા; છતાં પણ ટંડનજીએ એક તસુ પણ નમતું ન આપ્યું. ત્યાર બાદ ઘણાં વર્ષો પછી તેમણે એમ.એ. ની પરીક્ષા આપેલી.

એ જ અરસામાં ટંડનજી પં. મદનમોહન માલવીયજીના પરિચયમાં આવ્યા. કોઈ ઝવેરી જેમ સાચા હીરાને પારખી લે તેમ માલવીયજીએ તત્કાળ એ પાસા પડ્યા વગરના હીરાને પારખી કાઢ્યા. ટંડનજીની બુદ્ધિ તથા શક્તિમાં એમને એવો તો દૃઢ વિશ્વાસ પેદા થયો કે તેમણે પોતે તાજેતરમાં જ શરૂ કરેલા 'અભ્યુદય' નામના પત્રના સંપાદનનું ભારે કાર્ય ટંડનજીને સોંપ્યું. અને ૨૪ વર્ષના એ ગભરૂ યુવાને સહેજ પણ થડક્યા વિના એ પત્રની ધુરા હાથમાં લીધી. જે દક્ષતાથી તેમણે એ પત્રનું સંપાદન કરેલું તે જોઈ માલવીયજી તેમના પર પ્રસન્ન રહેતા.

ત્યાર બાદ પત્રકારત્વનું ક્ષેત્ર છોડી ટંડનજીએ વકીલાતના વ્યવસાયમાં પ્રવેશ કર્યો અને પોતાની વિચક્ષણ બુદ્ધિમત્તા, અસામાન્ય પ્રામાણિકતા અને અનન્ય કુશળતાને કારણે જોતજોતામાં પ્રતિષ્ઠિત વકીલોની હરોળમાં તેમણે સ્થાન પ્રાપ્ત કરી લીધું. એ કાળમાં નાભા સ્ટેટમાં કંઈક ગેરવ્યવસ્થા અને ઝઘડા ઊભા થયાં અને તેને માટે કોઈ કાબેલ દીવાનની ત્યાં જરૂર પડી. સર્વ લોકોએ તે કાર્ય માટે ટંડનજીને જ યોગ્ય વ્યક્તિ ગણવાથી તેમને નાભા બોલાવવામાં આવ્યા. ત્યાં જઈને ટંડનજીએ એ કાર્ય એવી કુશળતાથી ને પ્રામાણિકતાથી પાર પાડ્યું કે રાજા અને પ્રજા બને સંતોષ પામ્યાં.

દેશ તથા કોઈ પણ ઉચ્ચ ધ્યેયને ખાતર ગમે તે ભોગ આપવાની તમન્ના તો ટંડનજીના હાડમાં જ ઊતરેલી હતી, એટલે પરાધીન બનેલા સ્વદેશને મુક્ત કરવાની તેમના હૃદયમાં સતત જલતી રહેલી ઝંખના વ્યક્ત થવાને કોઈ અવસર જ શોધતી હતી. આથી જ્યારે ૧૯૨૦માં મહાત્માજીએ સત્યાગ્રહનું રણશીંગું ફૂંક્યું ત્યારે ટંડનજીએ ઉત્સાહથી તેમાં ઝુકાવી દીધું ભારે આવકવાળી પોતાની વકીલાતને તેમણે તિલાંજલિ આપી દીધી અને તનમનધનપૂર્વક ચળવળમાં ભાગ લેવા લાગ્યા. વચ્ચે ચળવળ પાછી ખેંચાયા પછી સ્વાર્થી અને તકવાદી એવા ઘણા વકીલોએ પોતાની વકીલાત ફરી ચાલુ કરી દીધી, પણ દૃઢનિશ્ચયી અને લીધેલી પ્રતિજ્ઞાને વફાદાર રહેનાર ટંડનજીએ

ફરી વર્ષાસત્ત તરફ પાછું વળીને જોયું પણ નહિ. ઊલટું તેમણે તો હવે આજીવન દેશસેવાનું વ્રત લીધું. આથી તેમની આર્થિકસ્થિતિ ઘણી વિષમ બની ગઈ પણ તેથી તે અડગ મહાપુરુષ જરા પણ ન ડગ્યા.

ટંડનજીએ લોકસેવાનું એક મહત્ત્વનું કાર્ય માથે લીધું. ગોખલેજીના 'ભારત સેવક સંઘ'ના ધોરણ પર લાલા લજપતરાયે પણ લાહોરમાં એક 'લોક સેવક સંઘ' સ્થાપેલો. લાલાજીના સ્વર્ગવાસ પછી તે મહત્ત્વની સંસ્થાની ધુરા કોણ માથે લે? લોકસેવાના શોખીન ટંડનજીએ જરા પણ આનાકાની કર્યા વગર ઉત્સાહથી તે કાર્ય ઉપાડી લીધું. આ કાર્ય અંગે ઘણાં વર્ષો સુધી તે લાહોરમાં જ રહેલા.

સતત એકધારીરીતે પ્રજાની સેવા કરવાની તેમની પ્રવૃત્તિ તથા ધગશ, તેમનું ચારિત્ર્યશીલ નમ્ર જીવન, તેમની નિસ્પૃહતા, સહૃદયતા તથા નિર્ભયતા આદિ અનેક ગુણોને કારણે હવે તેમના જીવનની સૌરભ ધીમેધીમે ચોતરફ ફેલાવા માંડી અને તેમને એક પછી એક અતિ મહત્ત્વનાં અને વિકટ એવાં અનેક કાર્યો સોંપાવા માંડ્યાં. ઈ. ૧૯૩૦ માં તે અલ્લાહાબાદ જિલ્લા કૉંગ્રેસ સમિતિના અધ્યક્ષ નિમાયા. એ કાળે અનાવૃષ્ટિની આફતમાં સપડાયેલા ખેડૂતોનો પક્ષ લઇ તેમણે સરકાર સામે જે મોરચો માંડ્યો અને ખેડૂતોને મહેસૂલ નહિ ભરવાનો આદેશ આપ્યો, ત્યારથી તે યુક્ત પ્રાંતના એક અગ્રગણ્ય આગેવાન તરીકે પ્રકાશમાં આવ્યા. તે પછીથી તેમની દેશહિતની ઉત્કટ ધગશ, યોગ્ય માર્ગદર્શન કરાવવાની શક્તિ, સંગઠન-કૌશલ અને નિસ્પૃહ આચરણને કારણે તેમની ખ્યાતિ દિનપ્રતિદિન વધતી જ ગઇ અને અખિલ હિંદના નામાંકિત નેતા બની ગયા.

૧૯૩૫ના નવા કાયદા અનુસાર ૧૯૩૭માં જ્યારે કૉંગ્રેસે પ્રધાનપદાં ગ્રહણ કર્યાં તે વખતે યુક્ત પ્રાંતની ધારાસભા(ઍસેંબ્લી)ના પ્રમુખપદે સર્વાનુમતે ટંડનજીની જ વરણી થઇ. ઍસેંબ્લીના અધ્યક્ષ કોઈ પણ પક્ષના ન હોવા જોઇએ એ નિયમ અનુસાર જ્યારે ટંડનજીએ કાં તો કૉંગ્રેસમાંથી રાજીનામું આપવું જોઇએ અથવા તો અધ્યક્ષપદ છોડી દેવું જોઇએ એવો પ્રશ્ન ઊભો થયો ત્યારે પ્રજાની સેવાને જ જીવનકાર્ય ગણનાર ટંડનજીએ અધ્યક્ષપદનું રાજીનામું આપવાનું ઠરાવ્યું. પણ ટંડનજીની ન્યાયનિષ્ઠા અને પ્રામાણિકતામાં દરેક પક્ષનો એવો તો દૃઢ વિશ્વાસ હતો કે પેલા નિયમને એક અપવાદ તરીકે ટંડનજીને કૉંગ્રેસ પક્ષમાં રહેવા સાથે અધ્યક્ષપદે પણ રહેવાની રજા આપવામાં આવી! લોકતન્ત્રના ઇતિહાસમાં આ એવો પહેલો જ દાખલો છે જેમાં ઍસેમ્બ્લીના પ્રમુખ રાજકારણમાં પણ ભાગ લે છે. એક તરફ તે કૉંગ્રેસની નીતિની પણ સખત ટીકા કરે છે અને બીજી બાજુ મુસ્લિમ લીગનો ઘોર વિરોધ કરે છે; છતાં આખી આમ-ધારાસભાના પ્રત્યેક સભાસદના તે વિશ્વાસપાત્ર રહ્યા છે. આ વસ્તુ જ તેમનું ઉદાત્ત ચારિત્ર્ય, નિષ્પક્ષ વલણ ને નિસ્સીમ પ્રામાણિકતા સાબિત કરે છે. ધારાસભામાં તે ઘણુંખરું હિંદીમાં જ ભાષણ કરે છે. આજે પણ ટંડનજી એ જ સ્થાને છે.

રાજકારણ અને સામાજિક કાર્યમાં ટંડનજીનું સ્થાન આમ મહત્ત્વનું ને અનોખું હોવા છતાં ટંડનજીનું સાચું જીવનકાર્ય તો જુદું જ છે. એ ભગીરથ કાર્ય તે હિંદી ભાષાના પુનરુજ્જીવનનું. આજથી ૫૦ વર્ષ પહેલાં સમસ્ત ઉત્તર ભારતમાં સરકારી દફતર અને કચેરીઓમાં ક્યાંયે હિંદીનું નામનિશાન પણ નહોતું. અરબી અને ફારસીમય ઉર્દૂ જ બધે પ્રચલિત હતી. પેશાવરથી પટણા સુધી ઉર્દૂનું જ સામ્રાજ્ય ચાલતું હતું. ન્યાયાધીશ અને વકીલ પણ અદાલતમાં ઉર્દૂ જ બોલતા તથા લખતા હતા, જે હજારે ૯૯૯ લોકો માટે દુર્બોધ હતી. સભ્ય લોકો આપસમાં મળે ત્યારે 'આદાબ અર્ઝ'થી શરૂ કરી ઘણુંખરું 'ખુદા-હાફિઝ' કહી વાત સમાપ્ત કરતા હતા. જીવન અને હિંદી ભાષા પર છવાઈ રહેલી ઉર્દૂની આ આંધીથી ટંડનજી નાનપણમાં જ અકળાઈ ઊઠેલા. આ વાતાવરણમાં ગૂંગળાઇ રહેલી ખુદ હિંદી ભાષાની સ્થિતિ પણ શોચનીય થઈ ગઇ હતી. તેનામાં જોડણીનું અંધેર પ્રવર્તતું હતું. આ સર્વ પરિસ્થિતિથી વ્યાકુળ બનેલા ટંડનજીએ શુદ્ધ હિંદી ભાષાના રક્ષણ ને પ્રચાર માટે પોતાનું જીવન અર્પણ કરી દેવાનું ઠરાવી 'હિંદી સાહિત્ય સંમેલન'ની સ્થાપનામાં મોટો ભાગ ભજવ્યો. આમ છેલ્લા ત્રણેક દસકાથી રાષ્ટ્ર-પુનરુજ્જીવનના પ્રયત્નમાં ભારતભરની રાષ્ટ્રભાષા તરીકે હિંદી ભાષાની સ્થાપના અને પ્રચારનું જે ધીમું પણ દૃઢ પગલે આગળ વધતું કાર્ય થતું આવ્યું છે તેનું સર્વ શ્રેય ટંડનજીને ફાળે જાય છે. હિંદી સાહિત્ય સંમેલનની સ્થાપના કરીને તેના સંવર્ધન અને ઉત્કર્ષ પાછળ તે એવી લગનીથી લાગી ગયા કે સંમેલન અને ટંડનજી લગભગ અભેદ જેવા બની ગયા. હિંદી સાહિત્ય સંમેલનનું આજનું બળ એ તેમની એકનિષ્ઠ તપસ્યાનું જ ફળ છે. સંમેલનની સ્થાપના પછી ઘણાં વર્ષો સુધી તે તેના મંત્રી અને ઉપપ્રમુખ રહેલા. તેમની સેવાની કદર તરીકે જનતાએ કાનપુર અધિવેશનના પ્રમુખ તરીકે તેમની વરણી કરી હતી. એ અધિવેશનમાં તેમણે આપેલું ભાષણ તેમના વિચારોની પ્રગલ્ભતાના કારણે જ નહિ પણ તેમની હિંદી ભાષાની છટા અને ઓજસ્વિતાને કારણે પણ ચિરસ્મરણીય બની રહ્યું છે. આજે તો હિંદી સાહિત્ય સંમેલને એવું સ્થાન જમાવ્યું છે કે દર વર્ષે ૪૦ થી ૫૦ હજાર વિદ્યાર્થીઓ તેની પ્રથમા, મધ્યમા, ઉત્તમા અને રત્ન આદિ પરીક્ષામાં બેસે છે. આ સર્વનું શ્રેય ટંડનજીને જ છે. હિંદી ભાષાના ઉચ્ચ અભ્યાસ માટે તેમણે પ્રયાગમાં એક વિદ્યાપીઠની પણ સ્થાપના કરી છે. દેવનાગરી લિપિમાં લખાએલી શુદ્ધ હિંદી ભાષા જ હિંદની રાષ્ટ્રભાષાના સિંહાસને બેસવી જોઈએ એવો દૃઢ મત-તે પોતે ધરાવે છે. ટંડનજી ઉર્દૂની વિરુદ્ધ નથી એ તો હિંદીની પરીક્ષામાં ઉર્દૂને ઐચ્છિક વિષય તરીકે રખાવવા તેમણે કરેલી મહેનત બતાવી આપે છે. પણ ઉર્દૂને તેના ઉચિત સ્થાનથી વધુ મહત્ત્વ ન આપવું જોઈએ એમ તેઓ માને છે. મહાત્મા ગાંધીજી સાથે હિંદી-હિંદુસ્તાનીના વિવાદાસ્પદ મુદ્દા ઉપર મતભેદ થવાથી મહાત્માજીએ ઉદેપુર હિંદી સાહિત્ય સંમેલન વખતે રાજીનામું આપેલું ને વખતે ટંડનજી આગળ મોટો કોયડો આવી ઊભેલો. ટંડનજીના હૃદયમાં મહાત્માજી પ્રત્યે એક મુરબ્બી મોટા ભાઈ પ્રત્યેની શ્રદ્ધા હતી. પણ બીજી બાજુ પોતાના કાર્ય માટે સત્ય આગ્રહ હતો. બન્ને વચ્ચે હૃદયમાં સંઘર્ષ જાગ્યો. છેવટે હૃદયના સત્યને વફાદાર રહી પૂજ્ય ગાંધીજીનાં રાજીનામાને દુઃખી હૈયે સ્વીકારવા તે સંમત થયા. આ તેમની ભક્ત અને ભગવાન વચ્ચે લડાઇ હતી.


ટંડનજી એટલે સાદાઇ અને નમ્રતાની મૂર્તિ. તેમના સાન્નિધ્યમાં આપણને એમ જ લાગે કે આપણે પ્રાચીન કાળના કોઈ ઋષિ પાસે જ ઊભા છીએ. ખાદીના તે અનન્ય ઉપાસક છે અને તેમના ઘરમાં ઘંટી અને રેંટિયા ગુંજતાં જ હોય. પોતાનાં ખાદીનાં કપડાંની તે ગાંધીજીની માફક અત્યંત કરકસરભરી કાળજી રાખે છે: કપડું ફાટે તેને સીવીને તે ચલાવે છે. ધોતિયું જ્યારે ફાટી જાય ત્યારે તેમાંથી બાંડિયાં, રૂમાલ આદિ બનાવી તેનો તારેતાર છૂટો પડે ત્યાં સુધી ચલાવે છે.


અને એવું એમના ભોજન વિષે! કેવળ આરોગ્યની દૃષ્ટિથી જ યોજાએલું તેમનું ભોજન એવું સંયમિત, સાદું અને સ્વાદરહિત છે કે તે બાબતમાં તો એ કદાચ મહાત્મા ગાંધીજીને પણ ટપી જાય! તે દૂધ અથવા દૂધમાંથી બનેલી કોઇ પણ વસ્તુ—ઘી, માખણ, છાશ

વગેરે—લેતા નથી. તેના કારણમાં જણાવે છે: 'હું શાકાહારી છું. તેથી આ પશુજન્ય વસ્તુ મારું ખાદ્ય બની શકે નહિ. ગાયનું દૂધ ગાયના વાછરડા માટે છે, મારે માટે નહિ.' આ કારણસર જ્યારે કોઈ તૈલી વસ્તુની જરૂર પડે ત્યારે તે તેલથી જ કામ ચલાવી લે છે. તેઓ ભોજનમાં મીઠું પણ બિલકુલ લેતા નથી કારણ તેને તે ખનીજ તત્ત્વવાળી પાર્થિવ વસ્તુ ગણે છે. ખાંડને તે સ્વાદની વસ્તુ ગણે છે, ભોજનની નહિ. આથી જ્યારે ગળપણની જરૂર પડે ત્યારે ગોળથી ચલાવી લે છે. આટલું જ નહિ પણ મરચું, મસાલા અને ખાટી વસ્તુઓ પણ તે લેતા નથી કારણ તે રાજસ ભોજન છે એમ તે માને છે. હવે વિચાર કરો કે તેમનો ખોરાક શો અને કેવો હશે? દૂધ, ઘી, માખણ, ખાંડ, મીઠું, મરચું, મસાલા ને ખટાશ ખાવાની નહિ, તો પછી તે ખાય છે શું? ઉકાળેલાં શાકભાજી, લુખ્ખા ફુલકા અને લુખ્ખાં દાળ ચોખા. છેલ્લાં ૩૦ વર્ષથી આવો ખોરાક નિયમિત લેનાર ટંડનજીએ સ્વાદ ઉપર કેવો અદ્‌ભુત વિજય મેળવ્યો છે તે એ બતાવી આપે છે. આ ચિરંતન તિતિક્ષાએ તેમના સમગ્ર જીવનમાં એક અલૌકિક દૃઢતા પેદા કરી છે. તે આજે ૬૫ વર્ષની વયે પણ સ્વસ્થ છે. કદીકદી શિયાળામાં એમને કફનું દરદ થાય છે, પણ તે માટે ભોજનમાં ફેરફાર કરી તેનું નિવારણ કરી નાખે છે. ચામડાં માટે પશુઓની હત્યા કરવામાં આવતી હોવાથી તેમણે ચામડાંના જોડા યા ચંપલ વર્જ્ય કરી દીધાં છે અને સદા કૅન્વાસના બૂટ જ પહેરે છે.

પ્રયાગમાં આવેલું ટંડનજીનું ઘર પણ સાદાઈનો નમૂનો છે. ઘરમાં હાથે દળવાની ઘંટી પણ છે. તેમના ૧૨×૧૨ ફૂટના જાજમ પાથરેલા ઓરડામાં ટંડનજી વચ્ચે બેસે છે. સામે ટેલિફોન પડ્યો હોય અને દીવાલમાં ચારે તરફ ચોપડીઓ ને છાપાંઓ બરાબર વ્યવસ્થિત ગોઠવેલાં હોય; ત્યાં મળવા આવનારા સાથે પ્રેમપૂર્વક વાતો કરતા હોય અને વચ્ચેના અવકાશમાં કામ પતવતા હોય. સાદાઈની સાથેસાથે વ્યવસ્થિતપણું, શિસ્તબદ્ધતા એ પણ તેમનું વૈશિષ્ટ્ય છે. સાદા ઘરમાં છાપાં, માસિકો આદિ દરેક વસ્તુ યોગ્ય ઠેકાણે વ્યવસ્થિતરીતે મૂકવાથી માંડીને પોતાના લખાણમાં એક પણ શબ્દ નિરર્થક તેમજ વધારે ન હોવો જોઈએ એવો સખત આગ્રહ તે રાખે છે. કીર્તિવિમુખતા પણ તેમનામાં એટલી જ છે. હિંદુ ધર્મ પરની તેમની શ્રદ્ધા અને ભક્તિ મદનમોહન માલવીયજીની કોટિનાં છે. તે એટલા આત્માનુરક્ત અને ત્યાગવૃત્તિવાળા ધાર્મિક પુરુષ છે કે જો દેશ ગુલામ ન હોત તો સંભવ છે કે તે કંઈક જુદા જ હોત. તેઓ માને છે કે આત્માની સ્વતંત્રતા એ જ સાચી સ્વતંત્રતા છે. આજે આટલો કામનો બોજો હોવા છતાં પણ રાતના આત્મચિંતન માટે થોડોક સમય તે બચાવી કાઢે છે. તીર્થરાજ પ્રયાગ માટે તેમના મનમાં હમેશ ભક્તિભાવ અને અભિમાન રહ્યાં છે. જ્યારેજ્યારે પર્વ આદિના દિવસે તેમનાં ધર્મપત્ની ત્રિવેણીસંગમ પર સ્નાન માટે પોતાની સાથે આવવાનું સૂચવે છે ત્યારે બીજાં બધાં કામ બાજુએ મૂકી તે શ્રદ્ધાપૂર્વક તેમની સાથે જાય છે.

ટંડનજી એક કટ્ટર રાષ્ટ્રવાદી છે. અત્યાર સુધીની સત્યાગ્રહની સર્વ ચળવળોમાં તે હમેશ મોખરે રહ્યા છે અને વરસો સુધી જેલવાસ ભોગવ્યો છે. ખેડૂતસેવા, મજૂરસેવા અને હરિજનસેવામાં ખપી જનારા સેંકડો કાર્યકર્તા કેળવીને તેમણે તૈયાર કર્યા છે. નીડરતા એ તો જાણે તેમનો જીવનમંત્ર છે કોઈની શેહમાં દબાઈને તેમણે કદી પણ પોતાનો સ્વતંત્ર વિચાર દાબી રાખ્યો નથી. દેશના કૃત્રિમ રીતે ભાગલા પાડવાના કૉંગ્રેસના ઠરાવ વિરુદ્ધ તેમણે પુણ્યપ્રકોપ





પુરુષોત્તમદાસ ટંડનની સહી

દર્શાવેલો તે તેનો નમૂનો છે. એ જ પ્રમાણે મુસ્લિમ લીગને સંતોષવાની નીતિ તથા અહિંસાનો પણ તેમણે ઉગ્ર વિરોધ કરેલો. યુક્ત પ્રાંતના આ વયોવૃદ્ધ નેતા યુવાનોના સ્ફૂર્તિસ્થાન છે. દેશમાં જ્યારે કોમી અશાંતિનું તાંડવ નૃત્ય ચાલી રહ્યું હતું ત્યારે 'આત્મરક્ષા દળ'ની સ્થાપના કરીને તેમણે યુવાનોને સજ્જ થવાનો આદેશ આપેલો.

પ્રાણીને મારીને બનાવેલા જોડા પહેરવામાં સંકોચ માનવા જેટલા કોમળ હૃદયવાળા તે હોવા છતાં જ્યારે આપણે તેમને એક લડાયક સેનાનાયક તરીકે માર્ગદર્શન કરાવતા જોઈએ ત્યારે આભા જ બની જઇએ. છતાં તટસ્થ નમ્રતા પણ તેમનામાં એટલી જ છે. કોઈ અસત્ય વાતને પણ તેઓ 'અસત્ય' ન કહેતાં 'અશુદ્ધ' કહેશે. આની પાછળ હેતુ એ છે કે અસત્ય એ બહુ ભારે શબ્દ હોવાથી તેમ કહેવાથી કોઇને અન્યાય કરી બેસાય. ટંડનજીના ત્રણ પુત્રો પૈકી મોટા ભારત બૅંકની લખનૌ શાખાના એજન્ટ છે. બીજા પુત્ર, ગ્વાલિયરની કૉલેજમાં હિંદીના પ્રોફેસર છે અને ત્રીજા પુત્ર ડૉકટર હોઇ પ્રયાગની કૉલેજમાં રસાયનશાસ્ત્રના લેકચરર છે.

પોતાનો જીવનસિદ્ધાંત સમજાવતાં તે કહે છે: 'વાણીમાં પૂર્ણ સંયમ, પણ કાર્યમાં દૃઢતા એ મારો સિદ્ધાંત છે. કાર્ય કરતી વખત અંગદ જેવું પગલું ભરવું: જ્યાં મૂક્યું ત્યાં અચળ. વિશ્વ આખું તેને ખસેડવા મથામણ કરીને મરી જાય, પણ એક તસુય હાલવું ન જોઈએ.'

ભારતીય સંસ્કૃતિના આ પ્રખર પુરસ્કર્તા, હિંદના યુવાનોના આરાધ્ય દેવ, યોગ્ય માર્ગદર્શન આપનારા સ્પષ્ટવક્તા નેતા ને પ્રખર વિદ્વાન એવા મહર્ષિ ટંડનજી દીર્ઘ આયુષ્ય ભોગવે જેથી ભારતના નવનિર્માણમાં તેમના નેતૃત્વ અને ઉદાત્ત ચારિત્ર્યનો સંપૂર્ણ લાભ મળે.
('સંસાર' 'દેશદૂત'ને શ્રી જેઠાલાલ જોષીનાં સંસ્મરણો પરથી સંકલિત)

ભૂતકાળના આઘાતથી ભવિષ્યમાં મોત

આજથી એક હજાર વર્ષ પછીની—ત્રીસમી સદીની

કાલિદાસ જાદવની એક વૈજ્ઞાનિક કલ્પનાકથા

પ્રોફેસર નિખિલેશનું અવસાન જે સંજોગોમાં થયું તે જોતાં સૌને મારા પર શંકા ઊપજે એ સ્વાભાવિક હતું. પ્રોફેસરની પ્રયોગશાળાના ઓરડામાં માત્ર અમે બે જ હાજર. એક મહાન આઘાત અનુભવી તે બેભાન બનેલા હું એમને જાગૃત કરવા કોશિશ કરી રહ્યો હોઉં ત્યાં જ એમનાં પત્ની ઓરડામાં દાખલ થાય, પ્રોફેસરને મરેલા જોતાં તેઓ રોકકળ શરૂ કરે, અને હું કાંઇ પણ સમજૂતી આપું તે પહેલાં તો ગભરાઇને તે પોલીસને ખબર આપી દે.

મારા પર વહેમ આવે એનું બીજું સબળ કારણ છે વિજ્ઞાનની પ્રત્યેક શાખામાં આખી દુનિયામાં એમનું પ્રથમ સ્થાન હું એમનો મિત્ર ખરો, પણ અમારી મૈત્રી મને એમનો દ્વેષી ન બનાવે એવું કોઈ માનવાને તૈયાર ન થાય. આમ જનતા તો એમ જ માને કે એમના પ્રત્યેના તેજોદ્વેષથી પ્રેરાઇને અને એમની શોધોનું માન જાતે ખાટી જવાની દાનતથી મેં એમનું અજ્ઞાતરીતે ખૂન કર્યું હશે

પણ ખરી વાત તો આમ છે: પ્રોફે૦ નિખિલેશ એમના બધા પ્રયોગો મારી હાજરીમાં જ કરતા. એઓ એમના કોઈ પણ વૈજ્ઞાનિક સિદ્ધાંતને મારાથી ગુપ્ત રાખતા નહિ. છેલ્લા કેટલાક દિવસથી અમે સદેહે ભૂતકાળમાં જવાનો પ્રયોગ કરતા હતા.

પ્રોફેસરનું માનવું એવું હતું કે, પ્રત્યેક માણસનું માનસ આપણા ભૂતકાળના સંસ્કારોના કોઠાર જેવું છે. આપણી માનવજાતે પૃથ્વી ઉપર 'પ્રોટોપ્લાઝમ'રૂપે જીવનની શરૂઆત કરી ત્યારથી માંડીને આજે અબજો વર્ષ બાદ આપણે સમુત્ક્રાંત થએલા માનવો પૃથ્વી ઉપરથી બીજા ગ્રહો ઉપર પણ વસાહતો કરી વસ્યા છીએ એટલો વિકાસ સાધ્યો. આટલા અફાટ સમયની વચમાં આપણા જે જે પૂર્વજો થઈ ગયા તેમને થએલા બધા અનુભવો આપણાં માનસોમાં સદા યે હાજર જ હોય છે, એવો પ્રોફેસરનો મત હતો. એને સિદ્ધ કરવા પ્રોફેસરે એક યંત્ર શોધેલું. રેડિયોયંત્રના જેવું જ એ હતું. માત્ર તેમાં વૅક્યુમ ટ્યૂબ્ઝમાં પ્રોફેસર કોઈક પદાર્થ વાપરતા. એ પદાર્થ શો છે એ તો મને પણ ખબર નથી. પછી તારનાં દોરડાંનાં ગુંચળાંવાળી એક ટોપી આપણે માથે પહેરવાની. વીજળીનાં સંધાણો થતાંજ ભૂતકાળ જીવતો થાય. આ યંત્રની ખૂબી એ હતી કે, માત્ર થોડી જ મિનિટોમાં ભૂતકાળના દિવસોના અનુભવ વર્તમાનમાં જાગ્રત થવા માંડે.

પ્રયોગયંત્રની સામે અમે બંને બેસતા. પ્રયોગ શરૂ થતાં અમારાં માનસતંત્રમાં અમારા પિતા ને પિતામહનાં જીવેલાં જીવનની યાદ હૂબહૂ જાગ્રત થતી. શરૂના પ્રયોગોમાં તો અમે માત્ર એકાદ બે પેઢીથી આગળ વધી શકતા નહિ. એથી પ્રોફેસરે યંત્રમાં થોડા સુધારા કર્યા. પછી તો અમે સૈકાઓ પહેલાંના અમારા પૂર્વજોનાં જીવન વર્તમાનમાં જીવવા લાગ્યા.

આપણી પૃથ્વી ઉપરનું એ ભૂતકાળનું જીવન કેટકેટલાં વમળોથી ભરેલું હતું એ આપણને આજે સમજાય જ નહિ આપણે તો માત્ર ઇતિહાસમાં નક્કર બનેલા બનાવ તરીકે શીખી ગયા છીએ કે, આજથી દસ સૈકા પહેલાં વીસમી સદીમાં માનવજાતનું માનસ અનેક વમળોથી ભરેલું હતું. અત્યારે તો આપણો આખો માનવસમાજ એક કુટુંબની માફક રહે છે. આપણે ત્યાં છે માત્ર એક વાદ, અને તે માનવવાદ. આપણે ત્યાં છે માત્ર એક ધર્મ, અને તે માનવધર્મ. પણ એ વીસમી સદીમાં તો અનેક વાદ પ્રવર્તતા હતા: સમાજવાદ, સામ્યવાદ, પ્રજાતંત્રવાદ વગેરે. વળી ત્યારે હિંદુ, ખ્રિસ્તી, બૌદ્ધ, ઇસ્લામ યહૂદી વગેરે ધર્મો પણ ઘણા હતા. એ બધા વાદો અને ધર્મો એ કાળે પરસ્પરમાં લડતા. આ અમાનુષી લડાઈમાં માનવતા ભૂલાતી. આજે આપણે પ્રયોગો ખાતર પણ પ્રાણીઓને ચીરતાં અચકાઇએ છીએ; પણ ત્યારે તો માત્ર વિરોધી વિચારો ખાતર માનવ માનવને સહેજે મારી નાખતો. આજે આપણી પૃથ્વી પર દેશો જેવું કાંઈ નથી; પણ ત્યારે આખી પૃથ્વી જુદાજુદા દેશોમાં વહેંચાઈ ગએલી.

આપણે આજ જે પૃથ્વી પ્રદેશે વસીએ છીએ તે પ્રદેશને ત્યારે હિંદુસ્તાન કહેતા. એ હિંદુસ્તાનમાં એ વખતે વીસમી સદીમાં એક મહાન વિભૂતિ થએલી. એ વિભૂતિ વિજ્ઞાની ન હતી છતાં વિજ્ઞાની હતી. એ સર્વગુણસંપન્ન હતી એમ કહેવામાં અતિશયોક્તિ નહિ થાય. એ વખતે—આજથી છેક એક હજાર વરસ પહેલાં એણે જ્ઞાન, વિજ્ઞાન, ધર્મ, વાદો વગેરે સર્વેનો સાર ખેંચી નવ્ય માનવવાદ શરૂ કરેલો. એ નવ્ય માનવવાદ એણે શરૂ કર્યા પછી તો આપણી માનવજાત ઉત્ક્રાંતિની દિશામાં અનેકગણી ઝડપથી વધવા લાગી. પણ આજે આપણે જે સ્થિતિમાં છીએ તે એ માનવ-વિભૂતિના જ પ્રયોગોની પ્રસાદી છે. એ વિભૂતિનું નામ મોહનદાસ કરમચંદ ગાંધી. પણ એમની મહત્તાથી લોકો સાદર એમને મહાત્મા ગાંધી કહેતા.

એ નવ્ય માનવવાદ સ્થાપનાર એ વિભૂતિના સમયમાં અમારા જે પૂર્વજો જીવતા હતા તે હિંદના તે વખતના પાટનગર ન્યૂ દિલ્હીમાં રહેતા. તે સમયે હિંદમાં હિંદુ અને મુસલમાન એમ બે મોટા ધર્મો ચાલતા. મારો પૂર્વજ મુસલમાન હતો અને પ્રોફેસર નિખિલેશનો પૂર્વજ હિંદુ હતો. છતાં, તેઓ બંને મિત્રો હતા એ વખતે એ બંને ધર્મો વચ્ચે ભયંકર કાપાકાપી થયેલી. નવ્ય માનવધર્મની શરૂઆત પહેલાં આ હિંદુમુસલમાન ઝગડામાં બંને બાજુએ અત્યંત અમાનુષી કૃત્યો થએલાં. મુસલમાનો હિંદુઓને જીવતા બાળતા તો હિંદુઓ મુસલમાનને જીવતા બાળતા. સ્ત્રીઓનાં અપહરણ થતાં બાળકોને એમનાં માતાપિતાના દેખતાં રહેંસી નાખવામાં આવતાં. આજે તો આપણે એટલો બધો વિકાસ પામ્યા છીએ કે, બીજા માનવનું અપમાન કરતાં પણ અચકાઇએ; પણ એ નવ્ય માનવધર્મ સ્થપાયા પહેલાં તો ઉપર કહી તેવી સ્થિતિ પ્રવર્તતી.

હિંદુમુસલમાન ઝગડાના એ જમાનામાં હિંદુસ્તાનમાં મહાત્મા ગાંધી થઈ ગએલા. એમનામાં રહેલી માનવતાએ આ ઝગડાનો અંત ન જોયો. એમણે તે વખતના હિંદીઓને માનવ બનાવવા ઘણો યે પ્રયત્ન કરી જોયો. તે વખતના હિંદીઓ તો ગાંધીજીને લગભગ દેવ સમાન ગણતા. તેમ છતાં એમનામાં રહેલી પાશવતાને ગાંધીજીની માનવતા સ્પર્શી શકી નહિ.

ઉપર્યુક્ત કત્લેઆમને જ્યારે ગાંધીજીની માનવતા ન સહી શકી ત્યારે પોતાનું જે માને એવા હિંદુઓનાં હૃદય પર અસર કરવા અને મુસલમાનોને રક્ષણ આપવા તેમણે ઉપવાસ કરેલા. માનવતાની ઉન્નત્ત ભાવનાને જ લક્ષ્ય તરીકે રાખી ગાંધીજીએ એ હિંદુમુસલમાન ઝગડામાં જે ભાગ ભજવેલો તેનાથી ઘણાયે હિંદુઓ એમના પર ગુસ્સે થએલા. તેથી ગાંધીજીના એ ઉપવાસ છૂટ્યા પછી

પ્રાચીન નાટ્યશાસ્ત્ર

તથા તેની અનુષંગી નૃત્યાદિ કળાઓનો પરિચય આપતી લેખમાળા [૨૦]

મુદ્રા-વિવરણ

લેખક · યોગેન્દ્ર પ્રિયદર્શી

નૃત્યમાં જુદાજુદા અર્થો દર્શાવવા માટે હાથના અમુક પ્રકારના સંકેતોનો ઉપયોગ કરવામાં આવે છે, તેને 'મુદ્રા' કહે છે. નૃત્યાભિનયનમાં કદી વાણીનો ઉપયોગ કરવામાં આવતો નથી; પણ દરેક વસ્તુ વાણીને બદલે 'મુદ્રાઓ' વડે દર્શાવવામાં આવે છે. આમ 'મુદ્રા' એ વાણીની ગરજ સારતી હોઈ તેને નૃત્યવાણી અથવા નૃત્યની ભાષા તરીકે ઓળખાવી શકાય.

આ મુદ્રાઓ જુદાંજુદાં શાસ્ત્રોમાં જુદીજુદી રીતે આપવામાં આવેલી છે. વળી જેમ એક જ વસ્તુનાં ઘણાં નામ હોય છે, અથવા એક જ અર્થ જુદાજુદા અનેકવિધ શબ્દોમાં દર્શાવી શકાય છે, તેમ ઘણી વખત એક જ અર્થની મુદ્રા જુદાંજુદાં શાસ્ત્રોમાં જુદાજુદા રૂપે જોવા મળે છે.

આ વિષના આપણા મૂળ પ્રાચીન શાસ્ત્ર 'ભરત નાટ્યશાસ્ત્ર'ની મુદ્રાઓ તો આજે ખાસ કરીને દક્ષિણ હિંદના 'ભરત નાટ્યમ્' નૃત્યમાં જ પ્રચલિત છે. આ નૃત્યપદ્ધતિમાં મુદ્રાઓનો ઉપયોગ બહુ ઓછા પ્રમાણમાં થાય છે; એટલે એ નૃત્યપદ્ધતિમાં જેટલા અંશે તેનો ઉપયોગ થાય છે તેટલા અંશે જ એ ખરી પ્રાચીન મુદ્રાઓ જીવંત છે એમ કહી શકાય.

મલબારની 'કથકલી' નૃત્યપદ્ધતિમાં વપરાતી મુદ્રાઓ વળી 'ભરત નાટ્યશાસ્ત્ર'ની મુદ્રાઓથી જુદી છે. તે 'હસ્તલક્ષણ-દીપિકા' નામના એક જુદા જ શાસ્ત્રગ્રંથમાંથી લેવામાં આવેલી છે. જોકે 'ભરત નાટ્યશાસ્ત્ર' અને 'કથકલી'ની કેટલીક મુદ્રાઓની રચના અને નામો એકસરખાં છે એ ખરું; પરંતુ તેના અર્થો અને તે દર્શાવવાની રીત વગેરે બાબતોમાં તે પદ્ધતિઓ એકબીજાથી જુદી પડે છે.

ઉત્તર હિંદના 'કથક' નૃત્યમાં પણ મુદ્રાઓનો થોડો વપરાશ જોવામાં આવે છે. પરંતુ તે તો પાછળથી દાખલ થએલો છે. એ કથક નૃત્યનું મૂળ ઇસ્લામી સંસ્કૃતિમાં રહેલું ગણાય છે, તેથી તેમાં મુદ્રાઓની હસ્તી સંભવી શકતી નથી; કારણકે મુદ્રાઓ માત્ર ભારતીય નૃત્યની જ વિશેષતા છે. વળી કથક નૃત્યની મુદ્રાઓ જુદા જ પ્રકારની છે અને તેનું કોઇ નિશ્ચિત શાસ્ત્ર નથી, તે પણ તેનો એક પુરાવો છે. પરંતુ બીજી ભારતીય નૃત્યકલાઓની અસરથી ધીમેધીમે તેમાં પણ મુદ્રાઓનો વપરાશ પાછળથી ઉમેરાયો હશે એમ લાગે છે.

જોકે એ 'કથક' નૃત્યની ઉત્પત્તિ પણ હિંદુ સંસ્કૃતિમાં જ હોવાનો પણ કેટલાક જાણકારોનો મત છે; કેમકે ઇસ્લામ ધર્મમાં તો નૃત્યાદિ કલાઓનો નિષેધ છે. વળી 'કથક' એ નામ પોતે જ મુદ્રાઓની અપેક્ષા માગી લે છે, કારણકે 'કથક' શબ્દ 'કથા' સૂચવે છે ને મુદ્રાઓ વગર કથા શક્ય નથી. પરંતુ એ કથક નૃત્યનો નિભાવ મુસ્લિમ રાજ્યકાળ દરમ્યાન 'દરબારી નાચ' તરીકે થએલો હોવાથી ધીમેધીમે તે મનોરંજનનું સાધન બની જતાં તેમાંથી મુદ્રાઓનો વપરાશ ઘટતો ગયો હોય અને છેવટે તેમાં માત્ર કામોત્તેજક ચેનચાળા જ રહી જવા પામ્યા હોય તે વધુ સંભવિત છે. ગમે તેમ હોય, પણ 'કથક' નૃત્યમાં મુસ્લિમ સંસ્કૃતિની સ્પષ્ટ અસર જોઈ શકાય છે. પરંતુ અહીં તેની સાથે આપણને વિશેષ નિસ્બત નથી.

મણિપુરી નૃત્યમાં પણ ક્વચિત મુદ્રાઓનો ઉપયોગ કરાય છે, પરંતુ ખૂબ અલ્પાંશે. વળી મુદ્રાઓ તેનું મૂળ અંગ નથી, પણ એક આધુનિકતા જ છે. ખરીરીતે તો કથક તેમજ મણિપુરી નૃત્યમાં મુદ્રાઓની જરૂર જ રહેતી નથી, કારણ કે એ બંને પ્રકારો 'નૃત્ય'-પ્રધાન નહિ પણ 'નૃત્ત'-પ્રધાન છે. નૃત્તમાં અર્થની અપેક્ષા રહેતી ન હોવાથી સ્વાભાવિકરીતે જ મુદ્રાઓ તેનું બિનજરૂરી અંગ ઠરે છે.

મુદ્રાઓ બે પ્રકારની છે: મૂળ (Basic) મુદ્રા અને નૃત્ત-હસ્ત.

મૂળ મુદ્રા: મૂળ મુદ્રા એ નૃત્યની ભાષાના મૂળાક્ષરો છે. જેમ કોઈ એક અક્ષરનો ખાસ કશો અર્થ થતો નથી, પણ એકથી વધુ અક્ષરોને ભેગા કરવાથી જ કંઈક અર્થવાળો શબ્દ બને છે, તેમ એકલી મૂળ મુદ્રાઓનો પણ કશો અર્થ થતો નથી તે તો માત્ર નૃત્યભાષાની બારાખડી જ છે. પરંતુ આ મુદ્રાઓના સમૂહના અમુક હલનચલનથી તેમાંથી જુદાજુદા અનેક અર્થોની મુદ્રાઓ નીકળે છે.

મૂળ મુદ્રા વળી બે જાતની છે: 'અસંયુક્ત' અને 'સંયુક્ત'. પણ એનાં નામો અને લક્ષણો તથા તે કરવાની રીત વગેરે આપણે ચિત્રો સહિત આવતા અંકમાં જોઈશું. (ચાલુ)

થોડા સમયે ગાંધીજીનું એક હિંદુએ ઠંડે કલેજે ગોળીથી ખૂન કરેલું.

જે દિવસે ગાંધીજીનું ખૂન થયું તે દિવસે અમારા પૂર્વજો એમની પ્રાર્થનામાં હાજરી આપવા જતા હતા. રસ્તામાં જ એમને ખબર પડી કે ગાંધીજીનું કોઇએ ગોળીથી ખૂન કર્યું છે એ જાણીને અમારા પૂર્વજોએ જે કલ્પાંત કર્યું તે યંત્રમાં જોઇને અમે આભા જ બની ગયા!

અને ગાંધીજીના મૃતદેહને જોવા તો માનવીનો મહાસાગર જાણે ઊલટેલો. એમની સ્મશાનયાત્રામાં લાખો માણસો હતા. આજની પેઠે એ જમાનામાં પ્રત્યેક માણસના મકાનમાં ટેલિવિઝન ન હતું, કે દરેક માણસ કાંડે રેડિયોસેટ નહોતો રાખતો. તેથી એ સ્મશાનયાત્રામાં સંખ્યાતીત લોકો ગએલા. અમારા પૂર્વજો તો ખુદ સ્મશાનયાત્રામાં હતા, એટલે એમણે તો ઘણુંખરું નજરોનજર જોએલું.

ગાંધીજીના એકાએક મરણના સમાચારથી અમારા પૂર્વજોનાં મન એટલાં તો ક્ષુબ્ધ થએલાં કે એમણે જ્યારે ગાંધીજીનો અગ્નિદાહ સગી આંખે જોયો ત્યારે એ આઘાતની પરિસીમા આવી ગઇ.

આઘાત-પ્રત્યાઘાતથી પર થએલા આજના તમારા માનસને એનો ખ્યાલ નહિ આવે પણ પ્રો૦ નિખિલેશના પૂર્વજ ઉપર તો તેની એટલી ભારે અસર થઈ કે એ દૃશ્ય જોતાં જ તે બેભાન બની ગયા. મારા પૂર્વજે તેમની સંભાળ લીધી; પણ એ આઘાતની અસરમાંથી પ્રોફેસરના પૂર્વજ ઊઠવા પામ્યા જ નહિ. અને બેભાન અવસ્થામાં જ તે ચોથે દિવસે ગુજરી ગયા. આ બધું દૃશ્ય અમે પેલા યંત્ર ઉપર જોયું.

ગાંધીજીના અગ્નિદાહના આઘાતની પ્રોફેસરના પૂર્વજ ઉપર થએલી કારમી અસર પ્રોફેસરના સિદ્ધાંત પ્રમાણે એમના ઉપર પણ થઈ હશે. એમણે પોતે પણ એવો જ આઘાત વર્તમાનમાં પણ અનુભવ્યો હશે અને તેથી એ આઘાત ન સહાતાં આજે, ગાંધીજીના મરણ પછી હજાર વરસ બાદ પણ, તે મરણ પામ્યા!

મેં તમને આ સાચી વાત કરી. અદાલતમાં પણ હું એ જ કહીશ. અને અદાલતને શંકા થશે તો નિખિલેશનું યંત્ર મારી મદદમાં છે જ.

કાલિદાસ જાદવ



ઐતિહાસિક સ્થાનો તથા અર્વાચીન શહેરો બતાવતો સિંધનો નકશો

દેવળ બંદર

સિંધનું એક વેળાનું ધીકતું દરિયાદ્વાર જ્યાંથી અરબોના આક્રમણદ્વારા ઈસ્લામનો પહેલો પગપેસાર થયો

આજે તો એનું નામ સુદ્ધાં પણ ભાગ્યે કોઈ જાણતા હશે; પણ આજથી હજાર બારસો વર્ષ ઉપર, છઠ્ઠી, સાતમી અને આઠમી સદીમાં સિંધનું એ એક અગત્યનું અને ધીકતું બંદર હતું. દરિયા સાથેના સીધા જોડાણને લીધે દક્ષિણ હિંદના વ્યાપારનું તે મધ્યવર્તી કેન્દ્ર ગણાતું દેશપરદેશની અઢળક સમૃદ્ધિ એને કાંઠે ઠલવાતી. દેશદેશના વેપારીઓ ત્યાં આંટાફેરા કરતા. લગભગ ૨૦ માઇલના વિસ્તારમાં ફેલાએલું આ મહાનગર જાહોજલાલીની ટોચે હતું, અને તેનું મુલ્કમશહૂર દેવળમંદિર અને શહેર ફરતો આવેલો તોતિંગ કોટ તો ઘણાયે મુસાફરોના આકર્ષણનું કેન્દ્ર હતાં.

પરંતુ આજે તો એ વિરાટ નગરનું નામનિશાન પણ જડતું નથી. એટલું જ નહિ, પણ વિદ્વાન સંશોધકો સુદ્ધાં તેનું નિશ્ચિત સ્થાન પણ શોધી શકતા નથી. તેના ચોક્કસ સ્થાન વિષે પુષ્કળ મતભેદો પ્રવર્તે છે. એક માન્યતા એવી છે કે પ્રાચીન કાળના નારાયણકોટની જગ્યાએ જેમ હાલનું હૈદ્રાબાદ વસ્યું છે તેમ દેવળ બંદરની જગ્યાએ હાલનું નગરઠઠ્ઠા વસ્યું હોય. પણ લુપ્ત થએલા ભાંભોર અને લારી બંદર આ માન્યતામાં શક ઉપજાવે છે. પ્રાચીન કાળમાં સિંધુ નદીનું મુખ ઘણે દૂર સુધી પશ્ચિમ બાજુએ હોવું જોઇએ, એમ ત્યાંની જમીન જોતાં જણાય છે. દેવળ બંદર, લારી બંદર અને વક્કર બંદર (કેટી બંદર) એ ત્રણે સિંધુ નદીની પશ્ચિમે જ આવેલાં હતાં એમ ઇતિહાસકાર ઈસ્તખારી કહે છે. જ્યારે અબુલ કાસીમ ઈબુ હૌકલ કહે છે કે દેવળ બંદર સિંધુના પૂર્વ કિનારે દરિયાકાંઠે આવેલું છે; પણ બીજી જગ્યાએ તે જ વળી લખે છે કે દેવળ બંદરની પૂર્વ બાજુએ થઇ સિંધુનાં પાણી દરિયામાં પ્રવેશે છે! આ રીતે જેમ તેના સ્થાન માટે મતભેદો પ્રવર્તે છે તેમ તેના નામ માટે પણ ઘણા મતભેદો છે. દેવળ બંદર, દેવળપુર, દેબલપુર, દીપલપુર એમ ઘણાં નામોથી તે ઓળખાતું આવ્યું છે. પણ એટલું તો ચોક્કસ લાગે છે કે, સિંધ દેશના દાહીર વલદ ચચ્ચ નામના પ્રખ્યાત હિંદુ રાજાની આગલી પેઢીએ થએલા દેવળ નામના રાજાના નામ પરથી આ શહેરનું નામ દેવળ પડેલું હોવું જોઇએ; કારણ કે ઉપરનાં બધાં નામો 'દેવળ' પરથી જ નીકળ્યાં છે. તેમાંનાં દેવળપુર, દેબલપુર અને દીપલપુર તો માત્ર ઇતિહાસના ગ્રંથોમાં જ ઉલ્લેખાયાં છે. સામાન્ય લોકજીભે તો એ 'દેવળ બંદર' તરીકે જ ઓળખાતું આવ્યું છે.

જે કાળે દેવળ બંદર ધીકતું શહેર હતું તે કાળે ત્યાં વિવિધ ધર્મસંપ્રદાયોનું ઘણું જોર હતું. રાજા જે ધર્મનો હોય તે ધર્મને રાજ્યાશ્રય મળતો ને તેનું પ્રાબલ્ય શહેરમાં વધતું. ઈ. ૬૩૨માં રાજા ચચ્ચ ગાદીએ આવ્યો ત્યારે તે શૈવધર્મી હોવાથી શૈવ સંપ્રદાયનું જોર વધેલું. પણ ઇ. ૬૭૨માં તેના મૃત્યુ પછી ગાદીએ આવેલો તેનો નાનો ભાઇ ચંદાર બૌદ્ધ ધર્મી હોવાથી તેના સમયમાં બૌદ્ધ ધર્મનું પ્રાબલ્ય વધ્યું. ચંદારે ઠેકઠેકાણે બૌદ્ધ વિહારો, મઠો તથા સ્તૂપો બંધાવ્યા. પણ આઠ જ વર્ષ બાદ તે મૃત્યુ પામતાં ઈ. ૬૮૧માં ચચ્ચનો પુત્ર દાહીર ગાદીએ આવ્યો. પિતાની માફક એ પણ શિવભક્ત હોવાથી ફરી શૈવધર્મને રાજ્યાશ્રય મળ્યો ને તેનું જોર વધ્યું.

રાજા ચચ્ચ દેવળના વખતમાં શૈવ ધર્મ તરફના તેના પ્રેમને કારણે તેણે શિવનું એક ભવ્ય મંદિર આ શહેરમાં બંધાવેલું દેવળ બંદરની જો કોઈ ગૌરવભરી વિશિષ્ટતા હોય તો તે આ 'દેવળ મંદિર'. લાખોના ખર્ચે બંધાવેલા આ મંદિરમાં કલાકારોએ પોતાની ઉત્કૃષ્ટ કલાને સભર ભરી દીધી હતી. સોમનાથ પાટણના શિવમંદિર અને ઉજ્જૈનના મહાકાલેશ્વરના મંદિર જેવી જ ભવ્યતા ને ખ્યાતિ ધરાવતા આ મંદિરનું તેજસ્વી શિવલિંગ જમીન બહાર પાંચ ફૂટ જેટલું ઊંચું હતું. દૂરદૂરથી ભાવિક લોકો તેના દર્શન માટે આવતા. દેવળરાજ તરફથી મંદિરને અઢળક ધન મળવાથી ઉત્તરોત્તર તેનો સિતારો ચઢતો જતો હતો. પણ દેવળરાજના મૃત્યુ બાદ જ્યારે બૌદ્ધ ધર્મી ચંદાર ગાદીએ આવ્યો ત્યારે મંદિરની મહત્તા ઘટી. જો કે એ સમયે બૌદ્ધ ધર્મ તેની વિકૃત અને નિષ્પ્રાણ દશામાં હતો. ચંદારના મૃત્યુ પછી ચચ્ચનો પુત્ર શૈવધર્મી દાહીર ગાદીએ આવતાં ફરી દેવળ મંદિરને રાજ્યાશ્રય મળ્યો અને એની ખ્યાતિ અધિક ફેલાઇ.

બ્રાહ્મણ વંશનો આ છેલ્લો રાજા દાહીર મહાપરાક્રમી હતો. બ્રાહ્મણાબાદ, મકરાણા, અરમનબેલા, ઈરકંદહ, મુલ્તાન અને સિવિસ્તાનના હાકેમો પર તેણે પોતાની સત્તા સ્થાપી હતી. તેના રાજ્યઅમલ દરમ્યાન સિંધ દેશ વૈભવની ટોચ પર હતો. અલોર, સેવાન, નારાયણકોટ, મુલ્તાન અને દેવળ આદિ તેનાં શહેરોની સમૃદ્ધિ તથા જાહોજલાલીની કીર્તિ મધ્ય એશિયા સુધી પ્રસરેલી હતી અને હિંદના કોદુમ્બરાનું બારીક કાપડ, ગાંધારના રેશમી રેજા અને કનોજનાં અત્તર બગદાદની બજારોમાં જ્યારે બહુ જ મોંઘા ભાવે વેચાતાં ત્યારે હિંદની આ અપૂર્વ વૈભવશાલિતા ઈરાક અને ઇરાનના શાહની આંખોમાં કણાની માફક ખૂંચતી અને તેને લૂંટી લાવવાના મનસૂબા તેઓ કરતા. તે માટે એક બે પ્રયત્નો પણ તેમણે કરેલા, પણ દાહીરની શક્તિ આગળ તેઓ ફાવતા નહિ.

એ અરસામાં દેવળ બંદરના સર્વનાશના કારણરૂપ એક શકવર્તી બનાવ બન્યો. સિંહલદ્વીપના રાજવીએ બગદાદના ખલીફા અબ્દુલ મલિકને મોકલાવેલું લાખોનું જરજવાહીર અને કીમતી તેજાના લઇને જતાં કેટલાંક વહાણો બગદાદ તરફ જતાં હતાં. ત્યાં

રસ્તામાં ભયંકર તોફાન ફાટી નીકળ્યું. નાખુદા સઢ સંકેલે તે પહેલાં તો ભીષણ વાવડાએ વહાણોને ચકરાવે ચડાવ્યાં અને તેની ઉપરાઉપરી થપાટે વહાણોને સિંધુનાં મુખમાં દેવળ બંદર પાસે આવેલી બેટડાની નાળમાં ધકેલ્યાં. ખલાસીઓએ, પોતે કોઈ સુરક્ષિત સ્થાને આવ્યા માની નિરાંતનો શ્વાસ લીધો, પણ તેમને ખબર ન હતી કે જેને તેઓ સુરક્ષિત સ્થાન માનતા હતા તે તો સમ્રાટ હર્ષના સમયથી સાગર તીરે વસતા અને સફરી વહાણોને ત્રાસ પોકરાવતા બૌદ્ધ ચાંચીઆઓનો બેટ હતો. વહાણો હજુ સ્થિર થયાં ન થયાં ત્યાં તો ચાંચીઆઓએ તેમના પર હુમલો કરી બધું જવાહીર લૂંટી લીધું તથા વહાણ પરના માણસોની નિર્દયરીતે કતલ કરી.* જે થોડા માણસો જીવતા બચ્યા, તેમણે આ ભયંકર બનાવની ખબર ઈરાકના અરબ સુબેદાર હિજાજને કરી. હિજાજે દાહીર આગળ ફરિયાદ કરી.

દાહીરે જણાવ્યું કે એ બૌદ્ધ ચાંચીઆઓ પોતાના કબજા હેઠળ નહોતા અને પોતાના અનેક પ્રયત્નો છતાં પોતે દરિયાવાટને નિર્ભય બનાવી શકયો નહોતો. આથી એ પોતે લાચાર હતો. પણ હિંદ પર ચઢાઇ કરવાને કંઇ ને કંઈ કારણ શોધતા ટાંપી બેઠેલા ખલીફે આ ખુલાસાઓને ન લેખવતાં બાઝીલ નામના પોતાના એક સરદારને સૈન્ય સાથે સિંધ જીતી લેવા મોકલ્યો. દાહીરે પોતાના પુત્ર જયસિંહને તેની સામે મોકલ્યો. દેવળબંદર નજીક મોટું યુદ્ધ થયું. તેમાં પહેલે જ સપાટે તેણે બાઝીલને હરાવી, મારી નાખ્યો ને તેના સર્વ સિપાહીઓને કેદ પકડ્યા. હિજાજને આ ખબર મળતાં તેણે પોતાના જમાઈ મહંમદ બિન કાસિમને ૬ હજાર કસાએલા ઘોડેસવારો, જંગી પાયદળ તથા દરિયાઈ યુદ્ધમાં



મહંમદ બિન કાસિમ

* એક ઇતિહાસ-લેખક આથી જુદી જ માહિતી આપે છે કે હિંદુસ્તાનમાંથી સ્ત્રી-ગુલામો ખરીદીને દરિયામાર્ગે પાછા ફરતા ખલીફાનાં વહાણ પર દેવળ બંદરના ચાંચીઆ લુંટારાઓએ હલ્લો કરીને તે સ્ત્રીઓને છોડાવી લીધી અને આરબ વેપારીઓને મારી નાખ્યા. તેમાંથી જે જીવતા નાસી છૂટ્યા તેમણે આ ખબર ખલીફાને પહોંચાડી. બીજા એક ઇતિહાસકારના કહેવા મુજબ સિંહલદ્વીપના રાજાએ પોતાના દેશની કેટલીક સુંદર છોકરીઓ ખલીફાને ભેટ મોકલેલી. પણ તે વહાણ દેવળ બંદર પાસે આવતાં જ ત્યાંના 'મેડ' જાતના દરિયાઈ લુંટારાઓએ તે લૂંટી લીધું. આ વાતની હિજાજને જાણ થતાં તેણે દાહીર પાસે પોતાનો એલચી મોકલીને તે છોકરીઓને છૂટી કરવા જણાવ્યું. પરંતુ દાહિરે જણાવ્યું કે, 'ચાંચીઆ લોકો પર મારી કાંઇ પણ સત્તા નથી. ઘણીવાર તેઓ અમને પણ હેરાન કરે છે.'


કુશળ એવી સેના અને ખૂબ શસ્ત્રાસ્ત્રો આપી મોકલ્યો. આ મહંમદ બિન કાસિમ ઈસ્લામ-પ્રચારમાં ઝનૂની શ્રદ્ધા ધરાવનાર કટ્ટર મુસલમાન હતો. વીસ જ વર્ષના એ તરુણ સેનાનાયકની કાફિરો પ્રત્યેની સૂગ જાણીતી હતી, અને જ્યાંજ્યાં એ વિજયી બનતો ત્યાંત્યાં નિર્દયપણે ઈસ્લામની સ્થાપના કરતો. જોકે સેનાપતિ તરીકે તે શૂરો સાહસિક, આજ્ઞાપાલક ને વચનપાલક હતો. સિંધુપતિ દાહીરને પોતાના ગુપ્તચરો મારફત આ જંગી આક્રમણના સમાચાર મળતાં પોતાની રાજધાની અલોરના રક્ષણનો બંદોબસ્ત કરી તે જાતે પોતાના પુત્ર સહિત દેવળ બંદરનું રક્ષણ કરવા આવી પહોંચ્યો. દેવળ બંદર આગળ જે યુદ્ધ થયું તેમાં દુર્ભાગ્યે પહેલા જ આક્રમણમાં દાહિરનો પુત્ર જયસિંહ હણાયો. આથી લશ્કરમાં ભગાણ પડ્યું અને લશ્કર દેવળ બંદરના કિલ્લામાં ભરાયું. મહંમદ કાસિમે શહેરને ઘેરો ઘાલ્યો. દિવસો પર દિવસો પસાર થવા લાગ્યા, પણ વિજયનું કંઇ ચિહ્ન ન દેખાતાં મહંમદ કાસિમ અકળાયો. અરબોના બધા હુમલા દાહીરનું હિંદુ લશ્કર મારી હઠાવતું રહ્યું.

પણ મહંમદ બિન કાસિમ જેવા વીર અને કુશળ સેનાનાયકના કસાએલા વિશાળ સૈન્ય સામે દેવળ બંદર જે ટક્કર ઝીલી રહ્યું હતું તેનું ખરું કારણ તો બીજું જ હતું. દાહીરના લશ્કરના દરેક સૈનિક અને દેવળ બંદરના પ્રત્યેક નાગરિકની એવી શ્રદ્ધાભરી માન્યતા હતી કે જ્યાંસુધી શહેરના મધ્યભાગે આવેલા દેવળ મંદિર પરની ધ્વજા ફરકતી રહે ત્યાં સુધી ઈશ્વર આપણી બાજુ છે અને વિજય આપણો જ છે. જો એ ધ્વજાને કંઇ ઇજા પહોંચે અને તે પડી જાય તો તેને યુદ્ધ બંધ કરવાનો ઇશ્વરનો આદેશ સમજી યુદ્ધ બંધ કરવું જોઈએ. આથી જ્યાં સુધી એ ધ્વજા ઉન્નત મસ્તકે ફરફરી રહી હતી ત્યાં સુધી સૈનિકો અને નાગરિકો આ ધાર્મિક અંધશ્રદ્ધાના ઉત્સાહથી અને આત્મવિશ્વાસથી લડી રહ્યા હતા અને મહમદ બિન કાસિમના ઝનૂની આક્રમણોને હંફાવી રહ્યા હતા.

આથી હવે, કિલ્લાના કોઈ ગુપ્ત દ્વારનો પત્તો મેળવવાના આશયથી મહંમદના દરિયાઇ કાફલાએ જતાંઆવતાં વ્યાપારી અને સફરી વહાણોના મુસાફરોને પકડી તેમની પાસેથી કિલ્લાની બાતમી મેળવવાના પ્રયત્નો શરૂ કર્યાં હતા. છતાં યુદ્ધના ખબર આખા દેશમાં ફેલાએલા હોવાથી તેને બહુ સફળતા મળી ન હતી.

પણ આખરે દેવળ બંદરના પતનના ઇતિહાસમાં જેનું નામ કલંકિત અક્ષરે લખાએલું છે તે, શિવશર્મા* નામનો એક ડરપોક બ્રાહ્મણ, જે પકડાએલા પૈકી હતો તેણે, અંતે વતન કરતાં પોતાનું જીવન વહાલું કર્યું. એ કોઇ અસાધારણ વિદ્વાન નહોતો, પણ પોતાની વાક્પટુતાને કારણે દાહીરના દરબારમાં ઠીકઠીક માન ધરાવતો હતો. તેણે કિલ્લાનું કોઈ ગુપ્ત દ્વાર તો ન બતાવ્યું, પણ મરણના ભયથી દાહીરના સૈન્યની બહાદુરીનો પેલો મંદિરની ધ્વજાવાળો ભેદ બતાવી

* બીજી માન્યતા પ્રમાણે આ દેશદ્રોહી કામ કરનાર ખુદ દાહિરનો સેનાપતિ હતો. આરબોએ તેને સિંધ જીતીને તેની ગાદી તેને આપવાની લાલચ આપીને ફોડ્યો હતો. તેથી તેણે જ સૈનિકોમાં એવી માન્યતા ફેલાવી કે 'જ્યાં સુધી મંદિર પરની ધ્વજા કાયમ રહે ત્યાં સુધી સૌએ હિંમતથી લડવું. તે જો પડે તો જ આપણી હાર થાય.' એક બાજુ સૈનિકોમાં આ માન્યતા ફેલાવીને બીજી બાજુ તેણે મહમદ કાસીમને આની જાણ કરી દીધી જેથી મહંમદે અરૂસ યંત્ર વડે લડાઇમાં પહેલું જ કામ મંદિરનું શિખર તોડી નાખી ધ્વજા પાડી નાખવાનું કરેલું (વધુ માટે જુઓ શ્રી ચુનીલાલ વર્ધમાન શાહ કૃત 'સિંધ પર સવારી' નામની નવલકથા)



દૂરથી મોટા પથરા ફેંકી શકાય તેવાં અરૂસનામના ગોફણ જેવા યંત્રો, જેનો ઉપયોગ મહંમદ બિન કાસિમે દેવળ-બંદર પરની ચઢાઇમાં કરેલો.

દીધો. તરત મહંમદે દૂર સુધી નિશાન તાકીને મોટા પથ્થરો ફેંકી શકાય એવું 'અરૂસ' નામનું એક યંત્ર ઝડપી નૌકા દ્વારા પોતાના દેશથી મંગાવ્યું અને તે યંત્રની સહાયથી મોટી શિલાઓનો પેલા મંદિર પર મારો કરી તેનું શિખર તોડી નાખ્યું. આથી મંદિરની પવિત્ર મનાતી ધજા જમીનદોસ્ત થઇ ગઇ. ધજાને પડી ગએલી જોતાં જ, દિવસો સુધી અરબોનો બહાદુરીપૂર્વક સામનો કરી રહેલા હિંદુ સૈનિકો તેને યુદ્ધ બંધ કરવાનો ઈશ્વરી સંકેત માની લઇ આત્મશ્રદ્ધા ગુમાવી નાસી ગયા. છતાં સૈન્યવિહોણો બનેલો દાહીર આથી નિરાશ ન થતાં ગુપ્ત માર્ગે દેવળ બંદર છોડી પોતાની રાજધાની અલોરનું રક્ષણ કરવા ચાલ્યો ગયો.

વિજયોન્માદ કરતું મહંમદનું પ્રલયકારી સૈન્ય દેવળ બંદરમાં પ્રવેશ્યું અને એ વૈભવશાળી શહેરનો મહાવિનાશ શરૂ થયો. આગ, લૂંટફાટ અને કતલનું તાંડવ શરૂ થયું. દેવળમંદિરમાંનું લખલૂટ દ્રવ્ય લૂંટી લઇ તેને જમીનદોસ્ત કરવામાં આવ્યું. થઈ શકે તેટલો વિનાશ કરી, લૂંટાય તેટલું ધન લૂંટી, મહંમદ બિન કાસિમ નૈરૂનકોટ–નારાયણકોટ (હાલનું હૈદરાબાદ) તરફ રવાના થયો.

આ મહાવિનાશ પછી પણ દેવળ બંદર તેના બંદરી મહત્ત્વને કારણે પોતાનો મોભો જાળવી રહ્યું હતું. પણ મહંમદનું બાકી રહેલું કાર્ય કુદરતે પૂરું કર્યું. સૈંકડો વર્ષોથી એકધારીરીતે દેવળ બંદર પાસે વહેતી સિંધુ નદીએ, જાણે યવન લશ્કરે કરેલી એ નગરની બદસૂરત પોતાથી જોઇ શકાતી ન હોય તેમ, પોતાનું વહેણ બદલ્યું અને દેવળ બંદરથી દૂરદૂર ચાલી ગઈ. કુદરતનો આ છેવટનો ફટકો મરણતોલ નીવડયો. ધીમેધીમે, અરબ અમલ દરમ્યાન લારી બંદર વિકસવા લાગ્યું હતું. સૌકોઇ ઊગતા સૂર્યને પૂજે છે તેમ, દેવળ બંદરના રહ્યાસહ્યા નાગરિકો પણ હવે એ નગર છોડી લારી બંદર ચાલ્યા ગયા અને દેવળ બંદરનો નોતિંગ કોટ તથા નિર્જન ગૃહો બધું જ વરસાદ આદિ કુદરતી બળોને કારણે ધીમેધીમે પડી જઇ નામશેષ થઈ ગયું. એક વખતનું વૈભવની ટોચે બિરાજતું એ શહેર એવું તો જમીનદોસ્ત થઇ ગયું કે તે ખરેખર કયે સ્થળે હતું તે નક્કી કરવા પૂરતાં તેનાં ખંડિયેરો પણ આજે હાથ આવતાં નથી. આપણી વિચારહીન અંધશ્રદ્ધાએ આપણા ઇતિહાસમાં કેવો કરુણ ભાગ ભજવ્યો છે તેનું દેવળ બંદર એક કમનસીબ દૃષ્ટાન્ત છે.

દેવળનું પતન કરી મહંમદ બિન કાસિમે નારાયણકોટ અને સિવિસ્તાનના કિલ્લા કબજે કર્યા અને ઝીમ પરગણામાં સિંધુ નદી ઉપર હોડીઓનો પુલ બનાવી આખું લશ્કર સિંધુના સામે કાંઠે ઉતાર્યું. એક પછી એક શહેર કબજે કરતા જઇ તેણે દાહીરની રાજધાની અલોર ઉપર આક્રમણ કર્યું. રાજા દાહીરે પોતાની ઈલ્લાફી અરબોની બેરખો (ટુકડીઓ)ને તેની સામે જવા ફરમાવ્યું, પણ તેમણે પોતાના અરબ ભાઇઓ સામે લડવાનો ઈન્કાર કરતાં દાહીર જાતે લડવા નીકળ્યો અને હિંદના ઈતિહાસનું એક મોટું શકવર્તી યુદ્ધ શરુ થયું.

પાંચ દિવસ સુધી અલોરના મેદાનમાં દાહીર ને મહંમદ બિન કાસિમ વચ્ચે ભીષણ લડાઈ ચાલી. બંનેનાં લશ્કરો બહાદુરીથી લડતાં હતાં. એવામાં એકાએક દાહીર જે હાથીની અંબાડીમાં બેસી લડતો હતો તેમાં એક બળતું તીર ફેંકાયું. અંબાડી સળગી ઊઠી. શાણો હાથી ત્યાંથી નાસી એક તળાવમાં જઈ ઊભો. સમયસૂચકતા વાપરી દાહીર નીચે ઊતરી ઘોડેસવાર થઈ લડવા લાગ્યો અને અંતે ઘોડો પણ ઘવાઈને મરાતાં, તે જમીન પર લડતાંલડતાં એક અરબ સિપાહીને હાથે મરાયો. રાજા મરતાં હિંદુ લશ્કર નાહિંમત થઇ નાસવા લાગ્યું. અરબોની જીત થઇ. આમ ઈ. ૭૧૨ની આ લડાઈના વિજયથી હિંદમાં મુસ્લિમોનો અને ઇસ્લામનો પગદંડો જામ્યો.

દંતકથા કહે છે કે સિંધ જીત્યા પછી, મહંમદ બિન કાસિમે લૂંટનો માલ ખલીફાને ભેટ તરીકે મોકલાવ્યો તેની સાથે રાજા દાહીરની બે કુંવરીઓને પણ રાજકેદી તરીકે બગદાદ મોકલવામાં આવી. તેમણે ખલીફા પાસે ખોટી ફરિયાદ કરી કે મહંમદ બિન કાસિમ કપટથી લડયો છે અને અમે રાજકુંવરીઓ હોવા છતાં અમારી સાથે અઘટિત વર્તન ચલાવી અમારી આબરૂ લીધી છે. આથી ખલીફાને બહુ જ ક્રોધ ચડ્યો અને કંઈ તપાસ કર્યા વગર મહંમદ બિન કાસિમને જીવતો ને જીવતો ચામડામાં શીવીને બગદાદ લાવવાનો હુકમ કાઢ્યો. આ હુકમનો તરત અમલ થયો અને ચામડામાં ગોંધી રાખવાથી ત્રણ દિવસે મહંમદ બિન કાસિમનું અકાળ મોત થયું. સિંધનો જીતનાર આમ મરાયાથી આનંદ માનતી દાહીરની પુત્રીઓએ પાછળથી ખલીફાને ખરી વાત જણાવી. એથી ખલીફ વિફર્યો. તેણે બન્ને છોકરીઓના ચોટલા ઘોડાને પગે બાંધી, બગદાદની શેરીઓમાં ને ઘોડા દોડાવ્યા અને બન્ને બહેનો પછડાઈ રિબાઇને મરણ પામી.*

'પ્રવાસી'

* બીજી માહિતી પ્રમાણે ખલીફાએ ક્રોધિત બની તે કુમારીઓને દિવાલમાં જીવતા ચણી લેવાનો હુકમ કર્યો. પણ કોઈ યવન નોકર તે કુમારીઓને અડે તે પહેલાં જ રાજકુમારીઓએ છુપાવી રાખેલી કટાર બહાર કાઢી વારાફરતી પોતાને હાથે જ આપઘાત કર્યો.

વિદ્યાર્થીઓને મદદ કરનાર સંસ્થાઓની યાદી

સાધનરહિત વિદ્યાર્થીઓને મદદ કરનારી સંસ્થાઓની એક વિસ્તૃત યાદી શ્રી. ચંદુલાલ ત્રિ. વ્યાસ, ન્યૂ ઇરા સ્કૂલ, મુંબાઈ ૭ એમણે સંપાદિત કરીને નૂતન શિક્ષણ કાર્યાલય, દેસાઈની પોળ, સૂરત તરફથી પ્રગટ કરી છે, જેનો ઉલ્લેખ ગયે વર્ષે પણ અમે કર્યો હતો. આ યાદી ગરજુ અને સાધનરહિત વિદ્યાર્થીને અત્યંત આવશ્યક માહિતી પૂરી પાડે છે. તેના નીચેના વિભાગો જ તેની ઉપયોગીતા સિદ્ધ કરશે: (૧) કોઈ પણ કોમના વિદ્યાર્થીઓને મદદ આપનારી સંસ્થાઓ; (૨) બહેનોને મદદ આપતી સંસ્થાઓ; (૩) જુદીજુદી કોમને મદદ કરતી સંસ્થાઓ; (૪) બ્રાહ્મણ, (૫) વણિક, (૬) જૈન, (૭) લોહાણા અને (૮) ભાટિયા વિદ્યાર્થીઓને મદદ કરતી સંસ્થાઓ (૯) રજપૂત શિક્ષણ સંસ્થાઓ; (૧૦) પરદેશ ભણવા જનારને મદદ આપતી સંસ્થાઓ; (૧૧) કચ્છ કેળવણી માટે નાણાં ધીરનારી સંસ્થાઓ તથા (૧૨) બાળાશ્રમોની યાદી. ઈચ્છુકોએ છ આનાની ટિકિટો બીડી ઉપરને સરનામે લખીને તે યાદી મંગાવી લેવી.

રોજિંદા જીવનમાં
વિજ્ઞાનનો ફાળો
[૧૪]

સાબુ અને ગ્લિસરીન

લેખક : ડૉ. નરસિંહ મૂ. શાહ એમ.એસસી. પીએચ.ડી.

સાબુની જરૂરિયાત આજે એટલી અનિવાર્ય બની છે કે કોઈ પણ દેશની આધુનિક સંસ્કૃતિનો ચોક્કસ આંક તે દેશમાં થતી સાબુની વપરાશ પરથી નીકળી શકે એમ જે સમ્મતમાં કહેવાય છે તે આજે એકરીતે યોગ્ય પણ છે. એક સમય એવો પણ હતો કે જ્યારે સાબુ મોજશોખની અનાવશ્યક વસ્તુઓમાં લેખાતો; પણ આજે તો સાબુ આપણા જીવનમાં રોજિંદા વપરાશની જરૂરિયાતની ઉપયોગી ચીજ બની ગઈ છે. પ્રત્યેક સંસ્કારી દેશમાં આજે સાબુની બનાવટ માટે મોટા ઉદ્યોગો ચાલે છે. રાસાયનિક સંશોધન દ્વારા આજે સાબુની બનાવટમાં ખૂબ પ્રગતિ થઈ છે. પહેલાંના વખતમાં ચરબી અને એવા પદાર્થોના સાબુની બનાવટમાં ઉપયોગ થતો; અને આજે પણ યુરોપ અને અમેરિકામાં કતલખાનાનો કચરો સાબુની બનાવટમાં વપરાય જ છે. તેમ છતાં આજનો મોટા ભાગનો સારો સાબુ વનસ્પતિ-તેલોમાંથી જ બનાવાય છે.

વનસ્પતિજન્ય તેલોના મુખ્ય બે વિભાગો પડે છે: પ્રથમ વિભાગમાં કોપરેલ, મગફળી, કુસબી, કપાસીઆનું તેલ વગેરેનો સમાવેશ થાય છે અને બીજા વિભાગમાં યુકેલિપ્ટસ, ટર્પેન્ટાઇન, લીંબુ-નારંગીનું તેલ વગેરે દવામાં વપરાતાં તેલો આવે છે. પ્રથમ વિભાગનાં તેલોનું રાસાયનિક સ્વરૂપ એકસરખું હોય છે, એવું પ્રતિપાદન ફ્રાંસના પ્રસિદ્ધ રાસાયનિક શેવ્રુલે (Chevreul) કરેલું. તેણે પુરવાર કર્યું કે જુદાજુદા ચરબી-તેજાબો (Fatty acids) જેવા કે પામાટિક, સ્ટીઅરિક, ઓલિઇક ઍસિડનું ગ્લીસરીન સાથે રાસાયનિક સંયોજન થવાથી તેલ યા ચરબીના પદાર્થો ઉત્પન્ન થાય છે. આવા ગ્લીસરીનયુક્ત પદાર્થો ગ્લીસેરાઇડ કહેવાય છે. ટૂંકામાં, કોઈ પણ તેલ યા ચરબી એટલે જુદાજુદા ગ્લીસેરાઇડોનું મિશ્રણ. આવાં તેલો સ્થિર તેલો (Fixed oils) કહેવાય છે અને ખાવા માટે વપરાય છે. આ તેલો ગ્લીસેરાઇડો હોવાથી તેમાંથી ગ્લીસરીન કાઢવા માટે પણ ઉપયોગી પદાર્થો બને છે. આથી ઊલટું, બીજા વિભાગનાં તેલોનું રાસાયનિક સ્વરૂપ તદ્દન જુદા પ્રકારનું હોય છે. આ વર્ગના તેલો સુગંધિત હોઈ સહેલાઈથી ઊડી જાય તેવાં હોય છે. આથી તેમની ગંધ હવામાં ફેલાય છે અને તેથી તે ઊડણ તેલો (Essential oils) કહેવાય છે. આ તેલોમાંનો સુગંધિત પદાર્થ જુદો પાડીને તેલ-અત્તરની બનાવટમાં ઉપયોગમાં લેવાય છે. સાબુને સુગંધિત બનાવવા માટે પણ આ તેલો કામમાં આવે છે. પરંતુ સાબુની બનાવટમાં તો પ્રથમ વિભાગનાં જ તેલો જરૂરી છે.

સાબુ એટલે જુદાજુદા ચરબી-તેજાબોના સોડિયમ યા પોટાશિયમનો ક્ષાર, યા તેમનું મિશ્રણ. આ ક્ષાર પાણીમાં દ્રાવ્ય હોઈ તેનામાં મેલ સાફ કરવાનો અદ્વિતીય ગુણ રહેલો છે. આ કામ માટે બીજા પદાર્થો પણ વાપરી શકાય. પરંતુ ચામડી, કાપડ કે બીજી એવી મુલાયમ ચીજોને નુકસાન કર્યાં વિના સાફ કરી શકે એવી કોઈ ચીજ હોય તો તે સાબુ જ છે.

સોડિયમને બદલે બીજી ધાતુઓના ક્ષારવાળા સાબુ પણ બનાવાય છે: જેવા કે કૅલશિયમ, ઍલ્યુમીનિયમ, સીસું વગેરે ધાતુઓના ક્ષાર પણ આ બધા સાબુઓ પાણીમાં અદ્રાવ્ય હોવાથી તે ધોવાના ખપમાં નથી આવતા તેમનો ઉપયોગ ઊંજણ, રંગરોગાન અને એવાં બીજાં કાર્યોમાં થાય છે.

સાબુની બનાવટ તો જાણીતી છે. ચરબી કે તેલને કૉસ્ટિક સોડાના દ્રાવણ સાથે ગરમ કરવાથી સાબુ તૈયાર થાય છે. આ ક્રિયા સાબુકરણ (saponification) કહેવાય છે. સાબુકરણની આ ક્રિયામાં બે પદાર્થો ઉત્પન્ન થાય છે: એક સાબુ અને બીજું ગ્લીસરીન. તે પ્રક્રિયા આ પ્રમાણે: તેલ યા ચરબીમાં આવેલા ગ્લીસેરાઇડોનું વિઘટન થઈ ચરબી-તેજાબ અને ગ્લીસરીન છૂટાં પડે છે. તેમાંનો ચરબી-તેજાબ કૉસ્ટિક સોડાની સાથે સંયોજાઈને સોડિયમ ક્ષાર બને છે. આ ક્ષાર તે સાબુ. અને બીજો ભાગ ગ્લીસરીન પાણીમાં ખૂબ દ્રાવ્ય હોવાથી તેનું દ્રાવણ બની જાય છે. આમ, સાબુની બનાવટમાં ગ્લીસરીન પણ એક ગૌણ પદાર્થ તરીકે પેદા થાય છે. સાદી ભાષામાં, સાબુકરણની ક્રિયાવડે તેલમાંથી ઉત્પન્ન થતાં સાબુ અને ગ્લીસરીન એ બે પદાર્થો જોડિયાં બાળકો જેવા છે.

આમાંથી પહેલાં ગ્લીસરીન વિષે જોઈએ. ૧૭૭૯માં શીલે નામના વૈજ્ઞાનિકે ઑલિવ તેલને મુર્દારસિંગ (litharge) સાથે ગરમ કરીને તેનું વિઘટન કરેલું. તેમાંથી અદ્રાવ્ય પદાર્થો જુદા કાઢી લીધા પછી જે પ્રવાહી બાકી રહ્યું તેનો સ્વાદ તેને મીઠો લાગ્યો. એ ગ્લીસરીન હતું. પછી તો ઉપર જણાવ્યા મુજબ શેવ્રુલે બતાવી આપ્યું કે કોઈ પણ તેલ કે ચરબીમાંથી ગ્લીસરીન મેળવી શકાય છે.

આ સિવાય ખાંડને યીસ્ટ વડે આથીને દારૂ બનાવવાની ક્રિયામાં પણ લગભગ ૨.૫ ટકા ગ્લીસરીન પેદા થાય છે. ગ્લીસરીનનો ઉપયોગ જેમજેમ વધતો ગયો તેમતેમ તેની બનાવટ માટે નવીનવી રાસાયનિક રીતો યોજવામાં આવી છે. તેની વિગતોમાં આપણે ન ઊતરતાં મુખ્યત્વે સાબુમાંથી ગ્લીસરીન કેવીરીતે મેળવવામાં આવે છે તે જોઈએ. સાબુ થઈ ગયા પછી ધાણમાં મીઠું ઉમેરવામાં આવે છે આથી સાબુ ઉપર તરે છે અને ગ્લીસરીન નીચેના પાણીમાં રહી જાય છે. તે પાણીમાં પથી૮ ટકા ગ્લીસરીન હોય છે. થોડા વર્ષો પહેલાં આ દ્રાવણનો ઉપયોગ કોઈ જાણતું ન હતું અને તેને ફેંકી દેવામાં આવતું. પણ આજે તો સાબુની બનાવટનો નકામો ગણાતો આ ભાગ (spent lyes) ગ્લીસરીનની પેદાશનું એક મુખ્ય સાધન થઈ પડ્યું છે. રસાયનશાસ્ત્ર ધૂળમાંથી સોનું કેવીરીતે બનાવે છે તેનું આ એક ઉદાહરણ છે. આ નકામા ભાગમાં ખૂબ મીઠું, થોડો કૉસ્ટિક સોડા અને બીજા પદાર્થો હોય છે તે દૂર કરવા માટે પ્રથમ તેમાં તેજાબ નાખવામાં આવે છે. પછી તેને ગાળી નાખીને અદ્રાવ્ય કચરો કાઢી નંખાય છે. ત્યાર બાદ તે દ્રાવણને હવા કાઢી લીધેલા બંધ વાસણમાં ઓછા દબાણ હેઠળ ઉકાળવામાં આવે છે. આથી મીઠું જુદું પડી જાય છે, જે ફરી વાપરી શકાય છે. પછી તે ગ્લીસરીનયુક્ત દ્રાવણને અતિશય ગરમ કરેલી વરાળ વડે આસવવામાં આવે છે. છેવટે આ પાણીવાળા આસવને નિર્વાતક વાસણોમાં વરાળ વડે ઉકાળવાથી ગ્લીસરીન તૈયાર થાય છે. આ ગ્લીસરીનને ખુલ્લા વાસણમાં ઉકાળવાથી તેનું વિઘટન થાય છે અને તેમાં રંગીન પદાર્થો પેદા થાય છે

ગ્લીસરીનના ઉપયોગો અનેકવિધ છે: તેની સાથે ફૉસ્ફોરિક ઍસિડનું સંયોજન કરવાથી ગ્લીસરો ફૉસ્ફોરિક ઍસિડ બને છે,


જેના ક્ષાર ઔષધમાં ટૉનિક તરીકે વપરાય છે. ઈસ્ટન સીરપ જેવી દવાઓમાં આજ ક્ષાર હોય છે. વળી, કૉપીઇંગ ઇન્ક તથા વૉટર કલરના રંગોની બનાવટ ઉપરાંત, પારદર્શક સાબુ, બુટ-પૉલિશ, બનાવટી રેશમ, સેલોફેઈન, છાપવાની શાહી, કાગળની બનાવટ વગેરે અનેક ઉપયોગોમા તે ખપ લાગે છે. મોટરના રૅડીએટરમાં તથા ગૅસ માપવાના મીટરમાં પણ પાણી ઠંડીને લીધે ઠરી ન જાય તે માટે સાથે ગ્લીસરીન નાખવામાં આવે છે. મોટરની હાઇડ્રૉલિક બ્રેકમાં પણ તેનો ઉપયોગ થાય છે.

પણ ગ્લીસરીનનો સૌથી મહત્ત્વનો ને વ્યાપક ઉપયોગ તો દારૂગોળાની બનાવટમાં થાય છે. તેના પર નાઇટ્રિક ઍસિડની પ્રક્રિયા કરીને બનાવેલા નાઇટ્રો-ગ્લીસરીનને ગરમી આપવાથી ભયંકર ધડાકો થાય છે. ૩ ભાગ નાઈટ્રો-ગ્લીસરીન અને ૧ ભાગ ફીસલગુર રેતી મેળવવાથી ડાયનેમાઈટ બને છે. આ મહાવિનાશકારી શોધ સ્વીડનના સુપ્રસિદ્ધ નોબેલ પ્રાઇઝના સંસ્થાપક આલ્ફ્રેડ નોબેલે કરી હતી. કૉરડાઇટ નામના બીજા પદાર્થમાં ૧૮ ભાગ નાઇટ્રો-ગ્લીસરીન હોય છે. આમ, યુદ્ધ માટે ગ્લીસરીન એક અત્યંત મહત્ત્વનો પદાર્થ છે.

માસમાસના વૃક્ષવિશેષનો પરિચય આપતી આવતી લેખમાળા : આપણી વનસ્પતિ : હપ્તો ૧૪

આસોપાલવ

લેખક **પ્રો. જયંતીલાલ દે. ઓઝા** એમ. એસસી.



આસોપાલવનાં પાન, ફૂલ ને ફળ

આપણા પ્રત્યેક ધાર્મિક અને માંગલિક પ્રસંગે પવિત્રતા ને શુભના પ્રતીક તરીકે સૌકોઇ જેનો ઉપયોગ કરે છે એ આસોપાલવથી તો કોણ અજાણ્યું હશે? પૂજનવિધિ તેમજ આનંદોત્સવોમાં આસોપાલવનાં પાનના તોરણનો ઉપયોગ રાયથી તે રંક સુધી જાણીતો છે.

આસોપાલવને મરાઠીમાં અશોક અને અંગ્રેજીમાં 'ધી ઇન્ડિયન માસ્ટ ટ્રી' (The Indian Mast Tree) કહે છે તેનું શાસ્ત્રીય નામ પૉલીઍલ્થિયા લૉંગીફૉલિયા (Polyalthia Longifolia, Benth. & Hook). પૉલીઍલ્થિયા એટલે 'અનેક ગુણવાળું' એ ગ્રીક શબ્દો (પૉલી=અનેક+ઍલ્થેસિસ=ગુણકારી)નું બનેલું એ નામ આસોપાલવના ઔષધીય ગુણોનું સૂચક છે. લૉંગીફૉલિયા એટલે 'લાંબા પાનવાળી વનસ્પતિ'

આ વૃક્ષ મૂળ તો સિલોનનું વતની: પણ તેનાં લીલાંછમ સુંદર પાનની ઘટાને લીધે શોભા તેમજ છાયાવૃક્ષ તરીકે તે બાગબગીચા ને રસ્તાઓ પર હિંદમાં એટલું મબલખ ઉગાડવામાં આવે છે કે તે જાણે આપણે ત્યાંનું જ વતની હોય એટલું પરિચિત છે.

આસોપાલવનું રમણીય વૃક્ષ સીધું ઊંચું ઊગે છે; અને પાનખરના એકાદ માસના ગાળા સિવાય તે સદા યે લીલું હોય છે. તેનાં પાન સાદાં, ૩ થી ૯ ઇંચ લાંબાં અને ¾ થી ૧¼ ઇંચ પહોળાં, ટોચે અણીવાળાં, લીસાં, ચળકતાં, અને પાણીનાં મોજાં માફક ચઢઉતર ફેનલિયાળા વળાંક લેતી કિનારવાળાં હોય છે. દરેક પાનને ⅛ થી ¼ ઇંચ લાંબી દાંડી હોય છે. વસંતે વૃક્ષ પર નવાં પાન ફૂટે છે ને જૂનાં ખરવા માંડે છે. આ ઋતુમાં નવાં કૂમળાં પાનવાળું વૃક્ષ મનોરમ લાગે છે.

તેનાં ફૂલોનો ઉદ્‌ભવકાળ અપ્રિલથી જૂન. એ નાનાં, પીળાશ પડતાં લીલાં ને ઝૂમખાંબંધ હોય છે. ફૂલમણિની છ પાંખડીઓ પણ આકારે આસોપાલવનાં પાન જેવી જ હોય છે.

આસોપાલવ એ સીતાફળ, રામફળ આદિ વર્ગની વનસ્પતિ છે. તેનું ફળ ઇંડા આકારનું ⅞ ઇંચ લાંબું, બન્ને છેડે ગોળાકાર અને લીસું હોય છે. તે ચોમાસે પાકે છે ને તેમાં એક બીજ હોય છે. ટૂંકી દાંડીવાળાં એવાં અનેક ફળો એક જ મુખ્ય દાંડી પર ટોચે ગોઠવાએલાં હોય છે. આસોપાલવ એ બીજવડે ઊગે છે. ઊગવામાં આ વૃક્ષ ધીમું છે.

આસોપાલવનો ઉપયોગ છાયાવૃક્ષ તરીકે ખૂબ થાય છે. તેની છાલમાંથી સારા રેસા મળે છે અને તે દોરડાં તેમજ જાડી ચટાઈઓ બનાવવામાં વપરાય છે. તેનું લાકડું પીળાશ પડતું સફેદ, વજનમાં હલકું અને બળે તેવું હોય છે અને એક ઘનફૂટનું વજન ૪૪ થી ૪૮ રતલ થાય છે. બંગાળામાં તે પેન્સિલો તથા પેટીઓ બનાવવામાં અને મદ્રાસમાં દારૂનાં પીપ બનાવવામાં વપરાય છે. ચીનમાં તે દીવાસળી બનાવવાના ઉપયોગમાં લેવાય છે.

આયુર્વેદમાં આસોપાલવનાં મૂળ, છાલ, પાન, ફૂલ, ફળ બધાંનો ઉપયોગ કહ્યો છે. સ્ત્રીઓનાં—ખાસ કરીને ગર્ભાશયનાં દરદોમાં તે વિવિધરીતે વપરાય છે અને અસરકારક કામ આપે છે. ઓરિસ્સામાં આસોપાલવની છાલ તાવ માટે પણ વપરાય છે.

આસોપાલવનું રાસાયનિક અન્વેષણ કરતાં તેમાં 'એ', 'બી', 'સી' અને 'ડી' વિટામિન હોવાનું માલૂમ પડયું છે.

આસોપાલવને મરાઠીમાં 'અશોક' કહે છે તે મુજબ કેટલાક લોકો તેને અને અશોક વૃક્ષને એક જ સમજે છે, તે ભૂલ છે. સંસ્કૃત કાવ્યોએ વર્ણવેલો ખરો અશોક તો જુદી જ (શિંગી વર્ગની) વનસ્પતિ છે અને તેનું વર્ણન માર્ચ '૪૭ના અંકમાં આવી ગયું છે.

દવાની બનાવટમાં પણ ગ્લીસરીન વપરાય છે: ગ્લીસરીન ટૅનિક ઍસિડ, ગ્લીસરીન બોરિક ઍસિડ તો દવા તરીકે પણ ખૂબ જાણીતા છે. બાળકને આંતરડાંમાં મળ જામી ગયો હોય ત્યારે ગ્લીસરીનની પિચકારી આપવાથી મળ છૂટે છે અને તેને આરામ થાય છે. વળી દ્રાવક તરીકે પણ ગ્લીસરીન ખૂબ ખપગતી છે. તે હવામાંથી ભેજ ચૂસે છે. શિયાળામાં ચામડી ફાટી જાય ત્યારે ગ્લીસરીન ચોપડવાથી ફાયદો થાય છે. સૌંદર્ય-સાધનો (કૉસ્મેટિક)ની બનાવટમાં પણ તેનો ઉપયોગ થાય છે. તેનો ગળ્યો સ્વાદ સૌ કોઈને જાણીતો છે. શુદ્ધ ગ્લીસરીનને ઠંડું કરવાથી તેના સ્ફટિકો બને છે અને તેમનું ગલનબિંદુ ૧૭° ડિગ્રી હોય છે.

આપણા દેશમાં સાબુનાં ઘણાં કારખાનાં છે, તથા ગૃહ-ઉદ્યોગ તરીકે પણ સાબુનો ઉદ્યોગ ચાલે છે; છતાં તેમાંથી ઉત્પન્ન થતા ગ્લીસરીનનો કોઈ લાભ લેતું નથી, કેમકે ગ્લીસરીન બનાવવાની રીત જરા મુશ્કેલ હોઈ તેમાં પૈસા પણ સારીરીતે રોકવા પડે એમ છે. આથી આપણો બધો ગ્લીસરીન નકામો જાય છે. હિંદમાં માત્ર બે જગ્યાએ જ ગ્લીસરીન બનાવાય છે: એક બંગાળમાં લીવર બ્રધર્સ લિમિટેડ (ઈન્ડિયા)માં અને બીજું ધી તાતા ઑઇલ મિલ્સ કંપની લિમિટેડમાં. યુદ્ધકાળમાં તેમનો બધો ગ્લીસરીન સરકાર લઈ લેતી. પણ હવે તેમનો માલ બજારમાં દેખાવા લાગ્યો છે. (ચાલુ)

વાસુદેવ બળવંત ફડકે (પૃ. ૧૧૩થી ચાલુ) બે મહિના સુધી ગયા, પણ ફડકેએ સત્તાવનના સંગ્રામવીર તાત્યા ટોપેની માફક તેને એવા કૌશલ્ય તથા હિંમતથી ભમાવ્યો કે તેના બધા પ્રયત્નો વ્યર્થ ગયા. પણ આખરે રામાશી લોકો ફડકેનો ક્રાંતિનો સિદ્ધાન્ત સમજ્યા વગર કેવળ લૂટફાટનો જ ધંધો લઈ બેસવાથી ફડકે તરફની લોકોની સહાનુભૂતિ ઓછી થવા લાગી. આવી સ્થિતિમાં ફડકે એકલા પડી ગયા, અને અંતે ૧૮૭૯ના જુલાઈની ૨૦મીની રાત્રે વિજાપુર જિલ્લાના દેવરનાવડી ગામના બુદ્ધવિહારમાં તે ઘસઘસાટ ઊંઘતા હતા ત્યારે તેમને પકડવામાં આવ્યા.

સરકારે ત્યાંથી તેમને પૂનામાં લાવીને નવેમ્બરમાં તેમના પર કેસ શરૂ કર્યો. સાર્વજનિકકાકા અને મહાદેવ ચિમણાજી આપ્ટેએ તેમના બચાવ માટે ખૂબ જહેમત લેવા છતાં તેમને જન્મટીપની સજા મળી. હિંદભરમાં અપાએલી જન્મટીપની એ પહેલી સજા હતી. આ સજા સાંભળીને તે ધીરોદાત્ત પુરુષ જરા પણ ન ડગ્યો. ઊલટું, આ પરતંત્રતાના અસહ્ય જીવનમાંથી છોડાવી જન્મટીપ ઉપર મોકલવા માટે ન્યાયાલયનો તેણે આભાર જ માન્યો!

જન્મટીપ માટે તેમને આંદામાનને બદલે એડન મોકલવામાં આવ્યા. ત્યાં પણ આ સ્વાતંત્ર્યવાંછુ આત્માએ જેલમાંથી નાસી છૂટવાનો બહાદુરીભર્યો પ્રયત્ન કર્યો. હાથપગની બેડીઓ તોડી, કોટડીનું બારણું ભાંગી નાખી તે જેલથી ૧૫ માઇલ દૂર નાસી છૂટ્યા. પણ પૂરા ૧૨ કલાક આમ મુક્તિની હવા માણી ન માણી ત્યાં તો ફરી પકડવામાં આવ્યા અને વધુ કડક બંદોબસ્તમાં રાખવામાં આવ્યા. એ યાતના સહન કરતા તે વીરને એડનની હવા માફક ન આવી અને તેમને ક્ષય લાગુ પડ્યો. છેવટે ઇ. ૧૮૮૩ના ફેબ્રુઆરીની ૧૭મીએ ભારતનો એ પ્રથમ ક્રાંતિવીર મૃત્યુ પામ્યો.

હિંદના આધુનિક સ્વાતંત્ર્યયુદ્ધના ઇતિહાસનું પહેલું પાનું પોતાના બલિદાનથી લખનાર આ હુતાત્મા વિષે સ્વ. કેળકરે લખ્યું છે: 'નાનાસાહેબ પેશ્વા પછી જેમનું નામ લેતાં અંગ્રેજો ભીતિગ્રસ્ત બનતા એવા ફડકે જ પ્રથમ હતા. 'વાસુદેવ બળવંત' એ શબ્દ ટિળકની પહેલાંના કાળમાં રાષ્ટ્રીય સ્ફૂર્તિના શબ્દો ગણાતા.'

વાચનની કળા

સમજાવતા આ લેખના અંતે તમને એ વિષયનું આવનવું અને પ્રગતિકારક જ્ઞાન મળશે.



વાંચવામાં પણ કળા રહેલી છે એ ઘણાંને ખબર નહિ હોય. એક જ લખાણ વાંચવાનું શરૂ કરનારી બે વ્યક્તિઓમાંથી એક તે વહેલું વાંચી રહે છે. જ્યારે બીજીને તેનાથી બમણો વખત લાગે છે. તે છતાં પહેલીને તે લખાણમાંની જેટલી વસ્તુઓ યાદ રહે છે, તેટલી બીજીને યાદ રહેતી નથી આનું કારણ શું? જવાબ એક જ છે કે પહેલીએ વાચનની કળા હસ્તગત કરી છે; બીજીએ નથી કરી.

નીચે આપેલો ફકરો ધ્યાનપૂર્વક વાંચી જાઓ અને પછી તેની નીચે આપેલા સવાલોના જવાબો આપો. આથી તમારા વાચનમાં શી ખામી છે તે જણાઈ આવશે

'આજે આપણે હૃદયસ્થ પરમાત્માની પ્રાર્થના કરીએ કે હે હૃદયસ્થ દેવ! હે જનતારૂપી જનાર્દન! અમને સ્વરાજ્યના સાચા ઉપાસક બનાવ. સ્વરાજ્ય ઉપરની અમારી શ્રદ્ધા ચળે તે પહેલાં જ અમારા શરીરમાંથી અમારા પ્રાણ ચાલ્યા જાઓ! અમે આજ સુધી બહુ દુઃખ વેઠ્યું છે, તેથી કોઈ પર દુઃખ ગુજારવાની અમને બુદ્ધિ ન થાઓ. આજ સુધી પરાધીનતામાં સડ્યા છીએ, તેથી કોઈનું સ્વાતંત્ર્ય ખૂંચવી લેવાની વૃત્તિ કે શક્તિ અમારામાં ન આવો. સામ્રાજ્યના અમર્યાદ મદના ભોગ થઈ પડી, કોઈ કાળે ઐહિક સામ્રાજ્ય સ્થાપવાની લાલસા અમારા હૃદયમાં ઉત્પન્ન ન થાઓ. સામ્રાજ્ય એક તારું જ સ્થપાઓ ને આટલી તપશ્ચર્યાથી મેળવેલું સ્વાતંત્ર્ય અમારા દુર્વર્તાવ તથા બેદરકારીથી કલુષિત ન થાઓ. અનંતકાળ સુધી પરાક્રમ, સંયમ અને વિનયના ઉત્સવરૂપે દુનિયામાં તે શાશ્વત્ થાઓ.'

હવે આ ફકરો વાંચતી વખતે તમે (૧) જીભ કે હોઠ હલાવતા હતા? (૨) તમારા ગળામાંથી અવાજ નીકળતો હતો? (૩) વાંચતાં-વાંચતાં તમે બોલેલા શબ્દો સાંભળવાનો પ્રયત્ન કરતા હતા? (૪) વાંચતી વખતે લીટીની ઉપર તમારી આંગળી પણ ફરતી હતી? (૫) તમારું માથું આગળપાછળ થતું હતું?

આમાંનાં એક પણ સવાલનો જવાબ હકારમાં હોય તો તમારા વાંચવામાં એટલી ખામી છે, તમારી વાંચવાની કળા એટલી અધૂરી છે. આ ખામીભરીરીતે વાંચતો વાચક માંડમાંડ મિનિટના સો શબ્દો વાંચી શકે છે ને જે વાંચે છે તેનો અલ્પ ભાગ જ યાદ રાખી શકે છે. એવા વાચકને વાક્યનો અર્થ બેસાડવા તેને ફરીફરી વાંચવું પડે છે.

વાચનની કળાનાં મુખ્ય સાધનો બે: આંખ અને મગજ. આંખથી શબ્દો જોવાના અને મગજથી તેનો અર્થ તારવવાનો. તમારી જીભને બરાબર પકડી રાખો, હોઠને સ્થિર રાખો, તમારા સ્વરયંત્રને ઢીલું બનાવી દો, તમારા મસ્તક અને આંગળીઓને પણ સ્થિર રાખો અને માત્ર આંખો જ પાના ઉપર ફેરવો. આમ, જે ખરાં હથિયાર અગર સાધનોની જરૂર છે તેનો જ ઉપયોગ કરો. તમારી શક્તિનો દુર્વ્યય ન કરો માત્ર આંખો અને મગજ વડે તમે સાદી નવલકથાથી માંડી ભારે વાચનનું કોઈ પણ પુસ્તક સરળતાથી વાંચી શકશો.

પણ આંખનો ઉપયોગ કરવો કેવી રીતે? ખરાબ અગર નબળા

વાચકે પોતાની આંખને કેટલીક ખોટી ટેવો પાડેલી હોય છે અને તેથી તે આંખનો યોગ્ય ઉપયોગ કરી શકતો નથી. વાંચતી વખતે માત્ર આંખોનું જ હલનચલન થાય છે; પણ તે એવીરીતે કે આંખોને શબ્દો સિવાય બીજું કશું જ દેખાતું નથી. શબ્દ વાંચતી વખતે આંખ સ્થિર હોય છે અને વાક્ય વાંચતાંવાંચતાં આંખ ફરે છે.

વાંચની વખતે એક લીટી વાંચતાં કેટલેક ઠેકાણે આંખ અટકે છે. એક નબળો વાચક ૩ ઇંચ લાંબી એક લીટી વાંચતાં ૬ વાર અટકે છે, સામાન્ય વાચક ૪ વાર, જ્યારે બાહોશ વાચકને માત્ર બેથી ત્રણ વાર જ અટકવું પડે છે. જેમ માણસ વધુ વાર અટકે છે તેમ રસ્તામાં જ તેની શક્તિ ખલાસ થઇ જાય છે, અને તે છેડા સુધી પહોંચે છે ત્યારે ઘણું થોડું, ને કેટલીક વાર તો મુદ્દલ પણ યાદ રાખી શકતો નથી.

વાંચતી વખતે આંખ જેમ બને તેમ ઓછાં સ્ટેશને અટકે તે માટેનો ઉપાય એ છે કે એકએક શબ્દવાર વાંચવાની નહિ પણ એકીસાથે શબ્દસમૂહ વાંચવાની ટેવ પાડવી. પોતાની સ્મરણશક્તિથી જગતભરમાં પ્રખ્યાત થએલા વિવેકાનંદ વિષે એમ કહેવાય છે કે તે આખો ફકરો ને ફકરો આંખને ક્યાં યે અટકવા દીધા સિવાય વાંચી શકતા. આપણે એટલું બધું નહિ તો યે એક આખું વાક્ય (અથવા વાક્ય લાંબું હોય તો તેના બેત્રણ ભાગ સામટા) વાંચવાની ટેવ પાડવી જોઇએ. હવે નીચે બે વાક્યો આપ્યાં છે, તેમાં ક્યાંક્યાં અટકવું જોઇએ તે નિશાની કરીને બતાવ્યું છે:

જગતના કોઇપણ દેશે | હિંદ જેટલા મહાપુરુષો | પેદા કર્યા નથી.

દેશની પ્રગતિ તથા સલામતીનો આધાર | માત્ર તેના નેતાઓ પર જ નથી.

આમ દરેક શબ્દ જુદોજુદો ન વાંચતાં ઉપર બતાવ્યા પ્રમાણે શબ્દ–સમૂહ સાથે વાંચવાની ટેવ પાડવામાં આવે તો ઝડપથી તથા ચોકસાઈથી વાંચવાની માણસની શક્તિ અનેકઘણી વધી શકે.

પણ દરેક વાક્યમાં ઉપર બતાવ્યા પ્રમાણે શબ્દસમૂહો સ્પષ્ટ-રીતે જુદાજુદા પડી પણ ન શકે. તેથી આખું વાક્ય ને વાક્ય સામટું વણથોભ્યું વાંચવાની આંખને ટેવ પાડવી જોઈએ. બાહોશ વાચકને બે શબ્દસમૂહો કે વાક્યો વચ્ચે થોભીને વખત ગુમાવવાની પણ જરૂર પડતી નથી. તે તો સડસડાટ વાંચ્યે જાય છે.

આમ, વાચનની કળા હસ્તગત કરવાનો પહેલો નિયમ એ કે, માત્ર આંખો અને મગજની મદદ વડે શબ્દસમૂહો વાંચવાની ટેવ પાડીને તમારી વાંચવાની ઝડપ સુધારો.

પણ વાંચવું એ સાઈકલ ચલાવવા જેવું છે. સીધા અડચણ વગરના રસ્તા પર આપણે ઝપાટાબંધ સાઈકલ ચલાવી શકીએ છીએ, પણ ગીરદીવાળા અટપટા રસ્તા પર ધીમેધીમે સંભાળીને ચલાવવી પડે છે. તે જ રીતે જે પ્રકારનું સાહિત્ય આપણે વાંચતા હોઈએ તેને અનુસરીને આપણે વાચવાની પદ્ધતિ રાખવાની હોય છે. એકાદ નવલકથા આપણે જે ઝડપે તથા જે રીતે વાંચીએ તે ઝડપે તથા તે રીતે વિજ્ઞાન અગર ગંભીર વિષયનું પુસ્તક ન વાંચી શકીએ

સાધારણ રીતે વાંચવાની ત્રણ પદ્ધતિ ગણાય : (૧) ઝડપથી વાંચવું; (૨) જોઇતું સાહિત્ય શોધવા માટે ઉપલક દૃષ્ટિ ફેરવીને વાંચવું; અને (૩) અભ્યાસ કરવાની દૃષ્ટિથી ધીમેધીમે વાંચવું હવે આ ત્રણ પદ્ધતિ પૈકી કઈકઈ પદ્ધતિનો તમે નીચેનાં પાંચ પુસ્તકો વાંચવામાં ઉપયોગ કરશો ?

(૧) 'અર્વાચીન કવિતા': કાવ્ય પરના ગંભીર વિવેચનવાળું પુસ્તક

(૨) માસિકમાં આવેલી કોઈ વાર્તા

(૩) ઍરોપ્લેનની બનાવટ તથા કાર્ય સમજાવતો લેખ

(૪) અમદાવાદ શહેરનું વિસ્તૃત વર્ણન–જેમાંથી તમને જોઈતી હઠીસિંગના દહેરા વિષેની માહિતી કદાચ મળી આવે.

(૫) હાસ્યમય ટુચકા.

જો તમને વાચનની કળાનો સંપૂર્ણ ખ્યાલ હશે તો તમે (૨) અને (૫) માટે ઝડપી વાચન રાખશો, (૪) માટે ઉપલકિયું વાચન અને (૧) તથા (૩) માટે અભ્યાસયુક્ત વાચન કરશો.

તમે જ્યારે આનદ ખાતર અથવા હળવું વાચન કરતા હો તે વખતે ઝડપી વાચન ઉપયોગી છે. પણ ઝડપની સાથેસાથે નવલકથા કે વાર્તામાંના કોઇ મહત્ત્વનાં નામ તથા મુદ્દા ન ભૂલી જાઓ તે ખાસ જોવું જોઇએ. નહિતો તે વાર્તામાંનો સાચો રસ તમે નહિ માણી શકો. હવે, ઝડપથી ને સાવચેતીભરીરીતે વાંચવાની તમારી શક્તિ કેટલી છે તે નીચેનો નાનકડો પ્રસંગ વાંચીને તેની પછીના સવાલોના જવાબો તમે કેટલા સાચા આપી શકો છો તે પરથી જણાશે.

'એક વરૂ ગામમાંથી એક બકરું ઉપાડીને પોતાની બોડ તરફ જતું હતું. ત્યાં રસ્તામાં સિંહ મળ્યો. સિંહે કંઇ પણ દલીલ કર્યા વિના વરૂના મોંમાંથી શિકાર આંચકીને પોતાની ગુફા તરફ ચાલવા માંડ્યું. સિંહ જરા આઘે ગયો એટલે વરૂ બોલ્યો: 'આમ કોઈનો માલ પડાવી લેતાં શરમ નથી આવતી ?' સિંહ હસીને બોલ્યો : 'અને આપને તો આ માલ બકરાના માલિકે હોંશથી ભેટ દીધો હશે ખરૂ ?'

૧. વરૂ કોને ઉપાડી જતો હતો ? ઘેટાને કે બકરાને ?.

૨. વરૂને સિંહ ક્યાં મળ્યો? ગામમાં, બોડ પાસે કે રસ્તામાં ?

જ્યારે ઢગલાબંધ માહિતીમાંથી પોતાને જોઇતું સાહિત્ય શોધી કાઢવાનું હોય ત્યારે ઉપલક દૃષ્ટિએ જોઇ જવાની શોધક દૃષ્ટિથી વાંચવું પડે છે. આવે વખતે એક ડિટેક્ટિવની માફક તમારે વાંચવાનું હોય છે. દરેક વસ્તુ કાળજીપૂર્વક વાંચવા પાછળ વખત બગાડવો પરવડતો નથી. પૅરૅગ્રાફ કે વાક્યની શરૂઆતના માત્ર થોડાક શબ્દો વાંચ્યા ન વાંચ્યા કે તરત બીજે ઠેકાણે તમારે નજર દોડાવી જવાની હોય છે. તમારે જોઈતા સાહિત્યને લગતો ક્યાંક એકાદ શબ્દ દેખાય કે તેને તરત પકડી લેવાનો હોય છે. આમ, આ પદ્ધતિમાં એક ફકરા પરથી બીજા પર કૂદકા મારવાના હોય છે.

પણ કોઇ ગંભીર વિષયનું વાચન કરવાનું હોય તે વખતે અભ્યાસ-યુક્ત વાચન ઉપયોગી છે. તે માટેનું સમીકરણ આ પ્રમાણે છે :

ધીમી ગતિ + એકાગ્રતા = અભ્યાસયુક્ત વાચન

તેમાં ધીમેધીમે વાંચવાની સાથે તમારે આગલા ફકરાના વિચારો પકડી રાખી તેનો બીજા ફકરા સાથે કેવોક મેળ મળે છે તથા આખા પુસ્તક કે લેખમાં તે વિષયને કેવીરીતે ચર્ચ્યો છે ને સર્વ વસ્તુ મગજમાં પકડી રાખવાની હોય છે. એકાગ્રતાથી કરેલું આ જાતનું વાચન લાભકર્તા છે.

વાચનની કળાના ઉદ્દેશો બે : એક તો લખાણમાંના વિચારોને પચાવવા; અને બીજું, વાચનને જેમ બને તેમ ઝડપી બનાવવું. ઉપર જણાવેલી કેટલીક સૂચનાઓ ધ્યાનમાં લેવામાં આવે તો માણસની વાચવાની શક્તિ અસાધારણરીતે વધી જાય.

નવાં પુસ્તકો

કલ્યાણરાય જેઠાભાઈ બક્ષીનું જીવનવૃત્તાંત: ઈડર રાજ્યના એક વખતના દીવાન તથા છપ્પનિયા કાળમાં ભગીરથ રાહતકાર્ય કરનાર શ્રી કલ્યાણરાય બક્ષીનું વિસ્તૃત જીવન વૃત્તાંત : લે૦ ને પ્ર૦ હિંમતલાલ કલ્યાણરાય બક્ષી; **વિરાટ જાગે :** દેશી રાજ્યમાં પ્રજા જાગૃતિ તથા ક્રાંતિ આલેખતું નાનકડું નાટક: લે૦ નાથાલાલ દવે, ૧૧૧૬, કૃષ્ણનગર, ભાવનગર.

માભોમની મુક્તિ માટે જીવન નિછાવર કરનારાઓની પરિચયમાળા

૧ વાસુદેવ બળવંત ફડકે

સ્વાતંત્ર્યના શહીદો [૮]



૧૮૫૭ના પરાજય પછી જ્યારે પ્રજા પારતંત્ર્યની શાંતિશય્યામાં મોહનિદ્રા લેતી હતી ત્યારે હિંદમાં સૌ પ્રથમ પ્રજાસત્તાક રાજ્યની ઘોષણા કરીને બ્રિટિશ સલ્તનત સામે એકલે હાથે મહેલો સશસ્ત્ર બળવો જગાવનાર હિંદના આ આદ્ય ક્રાંતિકારીનો જન્મ ઈ. ૧૮૪૫ની ૪થી નવેમ્બરે કુલાબા જિલ્લાના શિરઢોણ ગામમાં એક પ્રતિષ્ઠિત ને શ્રીમંત કુટુંબમાં થએલો. માત્ર અંગ્રેજી ત્રણ ધોરણ સુધીનું જ શિક્ષણ લઈ, જી. આઇ. પી. રેલવેમાં ૧૦ રૂપિયાના પગારે તે નોકરીએ ચડ્યા, અને ત્યાંથી કૉલેજના કારકુન તરીકે રહ્યા પછી છેવટે ૧૮૬૫ના અરસામાં પૂનામાં 'મિલિટરી ફાઇનાન્સ ઑફિસ' ની સરકારી નોકરીમાં સ્થિર થયા.

સરકારી નોકરી સ્વીકારવા છતાં તેમના અંતરમાં તો સ્વાતંત્ર્યની જ્વાલા પ્રજ્જ્વલી રહી હતી. પૂનામાં ઠેરઠેર દેખાતા ગત-વૈભવનાં જીવતાં સ્મારકો સમા પેશ્વાઈ વખતના ભગ્નાવશેષો તેમની સ્વાતંત્ર્યઝંખનાને વધુ સચેત કરતા. ચિત્તની આવી બેચેન સ્થિતિમાં ઇ. ૧૮૭૨માં ગંભીર માંદગીને બિછાને પડેલી માતાની અંતિમ મુલાકાત નોકરીના બંધનને કારણે લઈ ન શકવાથી તથા તેમના શ્રાદ્ધ માટે પણ રજા ન મળવાથી ગુલામી વિરુદ્ધની તેમની ચીડ વધુ ઉગ્ર બની. પોતાની આ ભાવના લોકોમાં ફેલાવવા તેમણે પ્રભાત ફેરી કાઢવા માંડી તથા આજુબાજુનાં ગામોમાં પ્રચાર કરવા માંડ્યો.

આમ રાજકીય સ્વાતંત્ર્ય મેળવવાની તેમની તમન્ના જ્યારે આકાર લઈ રહી હતી ત્યારે જ, ૧૮૭૬-૭૭માં મહારાષ્ટ્રમાં ભયાનક દુકાળ પડ્યો. લોકોની દુઃસ્થિતિ જાણવા તે બધે ફર્યા અને જનતાનાં અકથ્ય દુઃખો જોઇ તેમનું અંતર કકળી ઊઠ્યું. પોતાથી બની શકે તેટલી તનમનધનપૂર્વક મદદ તો કરી. પણ તેટલાથી શું થાય ? આવી નિરાધાર સ્થિતિમાં તેમના અંતરની વેદના દૃઢ નિશ્ચય રૂપે તેમના મુખ વાટે બહાર પડી : 'ઓ મારા હિંદુસ્તાનવાસી બંધુઓ ! જેમ દધીચિ ઋષિએ પોતાના અસ્થિ દેવોના કલ્યાણ માટે કાઢી આપ્યાં હતાં તેમ હું પણ મારો પ્રાણ તમારા કલ્યાણ માટે કાઢી આપીશ.' આવા ભીષ્મ નિર્ધાર સાથે તે પૂના પાછા આવ્યા અને સ્વાતંત્ર્યપ્રાપ્તિ માટે નિશ્ચિત માર્ગની યોજના આંકવા લાગ્યા.

તે કાળે લોકોની સ્વાતંત્ર્ય-તમન્ના શમી ગઈ હતી, એટલું જ નહિ પણ સત્તાવનની અંધાધૂંધી તથા પરાજય પછી અંગ્રેજોએ દેશમાં સ્થાપેલી શાંતિ લોકોને ગમી ગઇ હતી. અંગ્રેજોના સામર્થ્ય અને રાજ ચલાવવાની શક્તિથી પણ લોકો અંજાઈ ગયા હતા. મહારાષ્ટ્રમાં ન્યાયમૂર્તિ રાનડે અને સાર્વજનિકકાકા 'સાર્વજનિક સભા' દ્વારા સ્વદેશીના પ્રચાર કરી જાતે પ્રજા-જાગૃતિનું કાર્ય કરતા હતા; પણ ફડકેનું ક્રાંતિકારી હૃદય આ નાનકડા કાર્યથી કેમ સંતોષ માને ? સ્વરાજ્ય-પ્રાપ્તિ માટે તો શસ્ત્રાસ્ત્રોનો જ ખણખણાટ જ આવશ્યક છે એમ તેમને તો લાગ્યું, અને તે માટે મજબૂત ક્રાંતિકારી સંગઠન ઊભું કરવાનો નિશ્ચય કરીને તે ઉત્સાહથી કામે લાગ્યા.

ક્રાંતિનું શિક્ષણ આપવા તેમણે ગુપ્ત વર્ગો શરૂ કર્યા. તેમા યુવાનોને તલવાર ચલાવતાં, બંદૂક ફોડતાં તથા ઘોડેસવારી કરતાં શીખવવા માંડ્યું. દેશદાઝવાળા ઉત્સાહી યુવાનો તેમને વીંટળાઇ વળ્યા. પણ રાજ્યક્રાંતિ કરવા માટે બે વસ્તુઓ આવશ્યક છેઃ માણસો અને પૈસા. મનુષ્યબળ માટે શહેરના સુશિક્ષિત મધ્યમ વર્ગના લોકોને બદલે પૂનાની આસપાસનાં ગામડાંઓમાંના અભણ પણ લડાયક જુસ્સાવાળા 'રામોશી' લોકોની મદદ લેવાનો નિશ્ચય કરી તે વારંવાર આસપાસનાં ગામડાંઓમાં જઇ રામોશી લોકોને અંગ્રેજો વિરુદ્ધ આંદોલન માટે તૈયાર કરવા લાગ્યા. આ મનુષ્યબળ ભેગું કર્યા પછી પૈસા મેળવવા માટે ક્રાંતિકારીઓનો રાજમાર્ગ ગણાતો લૂંટ અને ધાડનો રસ્તો લેવાનું તેમણે ઠરાવ્યું. અને તે માટે ઈ. ૧૮૭૯ના ફેબ્રુઆરીમાં તેમણે પૂના છોડ્યું અને ગામડાઓમાં જઈ અંગ્રેજ સલ્તનત સામે ખુલ્લો 'બળવો' પોકાર્યો.

ત્યાર બાદ ધામારી, વાલ્હે, નિંબગામ એમ એક પછી એક ગામો પર ફડકેની નીડર અને વીજળિક ધાડો પડવી શરૂ થઈ. પારતંત્ર્યના કાજળકાળા આકાશમાં થએલા આ તેજસ્વી ચમકારાથી મોહનિદ્રામાં પડેલો દેશ સળવળી ઊઠ્યો. મહારાષ્ટ્રમાં તો ફડકેનું નામ ઘેરઘેર પહોંચી ગયું. સરકાર ચોંકી ઊઠી અને ચાંપતી તકેદારી લેવા માંડી પણ ફડકેની હિંમતભરી પ્રવૃત્તિ વણઅટકી ચાલુ જ હતી. ચિખલી અને પળસ્પે ગામ પણ લુંટાયાં. ખુદ પૂના પર ફડકેનો હુમલો આવે છે એવી પણ અફવા ઊડેલી, અને બરાબર તે જ દિવસે પૂનાના વિશ્રામબાગ મહેલમાં મોટી આગ લાગવાથી તો સરકારના હોશકોશ ઊડી ગયા. રામોશીઓની મદદથી બળવો જગાવનાર ફડકેનો આ પ્રયાસ માવળા લોકોની સહાયથી સ્વરાજ સ્થાપનાર શિવાજી મહારાજના જેવો લોકોને જણાવા લાગ્યો.

અંગ્રેજ સરકારને હવે ડર લાગ્યો અને તેણે આકરા ઉપાય લેવા માંડ્યા. ફડકેને પકડી લાવવા માટે હજારો રૂપિયાનું ઈનામ જાહેર કર્યું અને એક મોટી સેના સાથે મેજર ડૅનિયલને આ બળવો દાબી દેવા મોકલવામાં આવ્યો. ફડકેએ પણ તે માટે સામાં પગલાં લેવાં શરૂ કર્યાં તેણે પોતાની સહીથી એક જાહેરનામું બહાર પાડીને તે વખતના મુંબાઇના ગવર્નર સર રિચર્ડ ટેમ્પલનું માથું લાવનારને મોટું ઈનામ આપવાનું જાહેર કર્યું ! મેજર ડૅનિયલે ઠેકઠેકાણે મોટી સુસજ્જ પલટણો મોકલીને ફડકેને પકડવા (અનુસંધાન પૃ. ૧૧૧મે)

Our Friends Abroad

જગતસંપર્ક સાધતો પત્રમિત્ર વિભાગ

[આ પત્ર મેળવનારઃ રામુ પટેલ, ૨૪ નારાયણ નગર, આગ્રારોડ, ઘાટકોપર (જી.આઈ.પી.)]

Vlada Richtr
Nam Republiky 8
Ostrov pkarlovy Vary (Czechoslovakia)
16th Feb. 1948

પ્યારા મિત્ર,

તમારા ૨૪ મી જાન્યુઆરીના પત્રનો જવાબ આજે લખી શકું છું. તમારા એ પત્રનો ઉત્તર મારા મિત્ર ચાર્લ્સને બદલે હું આપું છું તે માટે કૃપા કરીને મને ક્ષમા કરશો. પણ તેનું કારણ એ છે કે મારો મિત્ર અંગ્રેજીમાં સંતોષકારક લખી શકે તેમ નથી. તે માટે તે બહુ દિલગીર છે. હું તમને તેનાં હાર્દિક વંદન પહોંચાડું છું જોકે હું પણ અંગ્રેજી ભાષા સારીરીતે લખી શકતો નથી તે માટે ઘણો દિલગીર છું. પણ હું આશા રાખું છું કે તમે મારી ભાંગીતૂટી અંગ્રેજી સમજી શકશો, અને વિનતિ કરું છું કે મારી એ ત્રૂટી તમે નભાવી લેશો.

૧૯૪૭ની ૧૧ મી સપ્ટેમ્બરના મારા પત્ર સાથે અમારાં નામ-સરનામાં હિંદ મોકલ્યા પછી અમારા પત્રનો જવાબ મળવાની આશા અમે છોડી દીધેલી. આથી જ્યારે તમારો પત્ર આવ્યો ત્યારે અમને ઘણું આશ્ચર્ય થએલું. તમારા એ પત્ર માટે હું તમારો આભાર માનું છું અને વચન આપું છું કે મારી શક્તિની મર્યાદા બહાર નહિ હોય ત્યાં સુધી આપણી વચ્ચે મૈત્રી સાચવી રાખવા હું પ્રયત્ન કરીશ. એક એશિયાવાસીની યુરોપવાસી સાથેની—એક હિંદીની ચેક સાથેની એ મૈત્રી છે. હવે તમારા પત્ર તરફ વળું ને તમારા પ્રશ્નોના જવાબ આપું.

પ્રથમ તો હું મારા પોતાને વિષે થોડુંક જણાવું, કે જેથી મેં મોકલેલા મારા ફોટો દ્વારા તમને મારો સારો પરિચય મળી રહે. હું એક ૨૫ વર્ષનો ચેક યુવાન છું. મારી ઊંચાઈ ૧૮૨ સેન્ટિમીટર છે. તમારો ને મારો જીવનમાર્ગ પણ એક જ—વેપાર—છે. પણ મેં મારો વેપારનો અભ્યાસ પૂરો કરી દીધો છે. ૧૯૪૨માં પ્રાગની કમર્શિયલ ઍકેડેમીમાંથી હું તેનો સ્નાતક થયો. હાલ હું લશ્કરમાં છું અને સેકન્ડ લેફ્ટેનંટનો હોદ્દો ધરાવું છું. અમારા દેશમાં પ્રત્યેક યુવાને બે વર્ષ લશ્કરમાં નોકરી કરવી જ જોઈએ એવો નિયમ છે. વળી હું નોકરી કરવા સાથે અત્યારે યુનિવર્સિટીમાં કાયદાનો અભ્યાસ પણ કરું છું. એ અભ્યાસ પૂરો થયે મને J.U.Dr. (Jurist Universitae Doctor)ની પદવી મળશે.

હવે હું તમને અહીંની શાળાઓનો શિક્ષણક્રમ સમજાવું. દરેક ૬ વર્ષના બાળકે અહીંના 'સામાન્ય-શાળા'માં ફરજિયાત દાખલ થવાનું હોય છે. ત્યાંનો પાંચ વર્ષનો અભ્યાસ પૂરો કર્યા પછી સિવિલ શાળાનો ૪ વર્ષનો અભ્યાસક્રમ હોય છે, અને તે પૂરો કર્યા બાદ ત્રણ વર્ષનો વેપાર કે હાથકારીગરીનો અભ્યાસક્રમ હોય છે. હસ્ત વ્યવસાયના શિક્ષણ સાથે વિદ્યાર્થીએ શાળાનું શિક્ષણ ચાલુ રાખવું જોઈએ; અથવા તો સામાન્ય-શાળાનું શિક્ષણ પૂરું કર્યા પછી વિદ્યાર્થીએ માધ્યમિક શાળાનું ૮ વર્ષનું શિક્ષણ લેવાનું હોય છે, જેને અંતે તે સ્નાતક થાય છે. માધ્યમિક શાળાઓ ઘણા પ્રકારની હોય છેઃ (૧) વ્યાકરણશાળા અથવા લેટિન શાળાઃ જેમાં પાછળથી તત્ત્વજ્ઞાન શીખવાનું હોય છે અને એનું શિક્ષણ પૂરું થયા પછી Ph. Dr. ની પદવી મળે છે; (૨) રીઅલ-શાળાઃ જેમાં ઉદ્યોગધંધાનું વિજ્ઞાન ભણવાનું હોય છે; અને તેને અંતે Inj. Tech.ની પદવી મળે છે; (૩) રીઅલ-લૅટિન-શાળાઃ જેમાં વૈદક અથવા કાયદાનું શિક્ષણ લેવાને અંતે M. U. Dr. અથવા Justice J.U. Dr.ની પદવી મળે છે. (૪) વેપારની મહાશાળાઃ જેમાં ૪ વર્ષનો અભ્યાસ કર્યા પછી બીજાં ૪ વર્ષ માધ્યમિક શાળામાં ગાળવાનાં હોય છે. અને તે પછી વેપારના ઉચ્ચ શિક્ષણની શાળામાં ભણવાનું હોય છે. તેની પદવીઃ Comm. Ing.

અમારી હાઈસ્કૂલ (કૉલેજો)નો અભ્યાસ પણ સંકુચિત મર્યાદાવાળો નથી. તેનો અભ્યાસ પૂરો કરતાં પણ ઓછામાં ઓછાં ૪ વર્ષ લાગે છે અને કેટલાકને તો ૧૦ કે તેથી વધુ વર્ષ પણ લાગે. પણ તે તો પરીક્ષાઓ પૂરી કરવા પર આધાર રાખે છે. છેલ્લા કેટલાક સમયથી રાજકારણમાં જ જીવન વ્યતીત કરવા માગનારાઓ માટે રાજકારણ માટેની પણ હાઈસ્કૂલ કાઢવામાં આવી છે.

ઉપરાંત, વિશિષ્ટ અભ્યાસ માટે અહીં ખાસ શાખાઓ છે. દા.ત. હસ્તોદ્યોગ શાળા, પોર્સીલેઇન (માટીકામની) શાળા, ચિત્રકારો ને શિલ્પીઓ માટે કળાશાળા વગેરે. આ સિવાય બીજી કઈકઈ શાળાઓ છે તે હું જાણતો નથી. પણ તમારી જાણ માટે એક વાત લખું કે આખા યુરોપમાં જૂનામાં જૂની ગણાતી અમારી પ્રાગની ચાર્લ્સ યુનિવર્સિટીની સ્થાપના થયે આ વર્ષે ૬૦૦ વર્ષ પૂરાં થતાં હોવાથી તેનો એક મહોત્સવ અમે ઊજવવાના છીએ. (તેનો સ્થાપક ચાર્લ્સ ૪થો ૧૪મી સદીમાં ચેક રાજા થઈ ગયો.) હું આશા રાખું છું કે આ ઉપરથી તમને અમારી શાળાઓ વિષે ઘણો ખ્યાલ આવી ગયો હશે.

યુવકો માટે અમારા દેશમાં ઘણાં મંડળો છે, જેમાં વિદ્યાર્થીઓનું પણ સંગઠન સાધવામાં આવે છે. આ સિવાય દરેક શાળામાં એક વિદ્યાર્થી-સમિતિ હોય છે, જેમાં વિદ્યાર્થીઓ પોતાના રાજકીય પક્ષબળ અનુસાર પ્રતિનિધિઓ મોકલે છે. વળી ૧૮ વર્ષની ઉંમરનો પ્રત્યેક યુવક કે યુવતી—વિદ્યાર્થીઓ સુદ્ધાં—અમારી પાર્લમેન્ટના પ્રતિનિધિઓની ચૂંટણીમાં મત આપવાનો અધિકાર ધરાવે છે, અને ૨૪ વર્ષ બાદ કોઇ પણ વ્યક્તિ પાર્લમેન્ટના સભ્યપદ માટે ચૂંટણીમાં ઊભી રહી શકે છે. આ ઉપરથી તમે જોશો કે અમારું રાજતંત્ર લોકશાહીના સિદ્ધાંતો પર જ ચાલે છે.

હાલ અમારા દેશમાં નીચે પ્રમાણે રાજકીય પક્ષો છેઃ (૧) કૉમ્યુનિસ્ટ પક્ષ, જે રશિયામાંના પક્ષ જેવો જ છે અને ઈંગ્લંડના મજૂર પક્ષને કંઇક મળતો આવે છે. (૨) ચેક સોશિયાલિસ્ટ, (૩) સોશિયલ ડેમૉક્રૅટ અને (૪) પીપલ્સ વિંગ, જેના સભ્યો ધર્મ પર વધુ ભાર મૂકે છે. આ સિવાય બીજા કોઈ પક્ષો અમારે ત્યાં નથી. ગઈ ચૂંટણીમાં ૩૨ ટકા જગ્યાઓ કબજે કરીને વિજેતા પક્ષ બનેલા કૉમ્યુનિસ્ટ પક્ષ સિવાય અમારા બીજા બધા જ પક્ષો લોકશાહી પ્રમાણે વર્તનારા છે. કૉમ્યુનિસ્ટો પણ જોકે પોતા માટે એ જ દાવો કરે છે, પણ તમે તો કૉમ્યુનિસ્ટો વિષેનો દુનિયાનો ખ્યાલ કદાચ જાણતા હશો. પણ ચેક કૉમ્યુનિસ્ટો વિષે તમને ખબર નહિ હોય. મે માસમાં થનારી અમારી પાર્લમેન્ટની નવી ચૂંટણીમાં આ પક્ષ ૫૧ ટકા મત કબજે કરવાની ખ્વાહેશ ધરાવે છે. પણ હું ધારું છું કે તે અશક્ય હશે અને એ ચૂંટણીમાં લોકશાહીનો જ વિજય થશે. પણ અમારા દેશના રાજકીય જીવન વિષે હું તમને જુદા પત્રમાં લખીશ કારણ ટૂંકાણમાં તે સંપૂર્ણ ચિત્રનું બ્યાન આપવું અશક્ય છે. વળી યુરોપની આર્થિક કટોકટીની અમારા દેશ પર પડેલી અસર વિષે તમે પૂછેલા પ્રશ્નનો જવાબ પણ હું તમને પાછળથી આપીશ.

અને હવે ટૂંકામાં ચેકોસ્લોવાકિયા વિષે દંતકથા પ્રમાણે સ્લા-

વેનિક દેશમાંથી આવેલા ફાધર એકે આ દેશનું સર્જન કરેલું. સૌથી પહેલી મળતી ઐતિહાસિક તવારીખ ઇ. ૬૩૧ની છે, જે વેળા સામો (Samo) નામના રાજાએ પહેલું રાજ્ય સ્થાપ્યું. ત્યારથી ચેકો અને જર્મનો વચ્ચે ઝગડા શરૂ થયા. શાંતિ જાળવી રાખવા રાજા સેઈન્ટ વેન્સેસ્લાસે (St. Venceslaus) ઈ. ૯૨૮ માં જર્મનોને વાર્ષિક ખંડણી ભરવી પડતી. પણ ત્યાર બાદ એક રાજ્ય સ્વતંત્ર થયું અને કેટલોક કાળ તો ચેકના રાજાની સત્તા જર્મની પર પણ ચાલતી. આમ ઈ. ૧૬૨૧ સુધી ચાલ્યું. પણ ત્યાર પછી દેશદ્રોહીઓને કારણે અમે અમારું સ્વાતંત્ર્ય ગુમાવ્યું, તે ત્રણ સદી સુધી. અમારો બીજો વિભાગ સ્લોવાકિયા, માગીઅર (Magyars) લોકો પચાવી પડ્યા હતા. એ સ્લોવાકિયા તથા ચેક-બંને વિભાગો પહેલા વિશ્વયુદ્ધ પછી, ૧૯૧૮ની ૨૮મી ઑક્ટોબરથી સ્વતંત્ર થયા, અને અમારા પહેલા પ્રમુખ ટૉમસ ગૅરિક મસારિકે (જેમનું ચરિત્ર 'કુમાર'ના ગયા અંકમાં માસની 'વ્યક્તિ-વિશેષ' તરીકે આવી ગયું છે) અમારી પહેલી સરકાર સ્થાપી. ૧૯૩૮ સુધી તે સ્વતંત્ર સરકાર રહી. પણ ત્યાર બાદ ઇંગ્લંડ અને ફ્રાન્સના દ્રોહને કારણે અમે અમારી સ્વતંત્રતા ગુમાવી. જર્મનોએ અમારા દેશનો કબજો લીધો અને બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. તે કાળમાં અમ ચેકો પર જે જે વીત્યું છે તે તો અકથ્ય છે. જર્મનોના એ અત્યાચારો આગળ અમને તો એમ લાગ્યું કે આથી તો જાપાનીઓ સારા. ઈ.૧૯૩૮ થી ૧૯૪૫ના તે કાળમાં સ્લોવાકિયાને દેશદ્રોહીઓની મદદથી અમારાથી જુદું પાડવામાં આવ્યું, ને એક અલગ દેશ તરીકે મિત્રરાષ્ટ્રોની સામે લડ્યું હતું. આખરે ૧૯૪૫ની સાલ આવી અને અમે ફરી સ્વતંત્ર બન્યા. હવે હમેશ માટે અમે આ સ્વાતંત્ર્ય ટકાવી રાખીશું.

ઔદ્યોગિક અને વેપારની દૃષ્ટિએ તો અમારો દેશ બિનહરીફ છે. દક્ષિણ અને પશ્ચિમ યુરોપ વચ્ચે તે સદા એક પૂલ સમાન રહ્યો છે અમારું નાનકડું પ્રજાસત્તાક યુરોપનાં નાનાં રાજ્યોની વચ્ચે આવેલું હોઈ યુરોપનું હૃદય કહેવાય છે. અને જર્મન શાસન પહેલાં તો અમારો દેશ સમૃદ્ધ હતો. પણ ત્યાર બાદ અમે પણ પૂરા લુંટાઈ ગયા હોવાથી એમ કહી શકાય નહિ. આજે અમારા દેશની વસતિ ૧ કરોડ ૩૦ લાખ છે અને મોટા જંગી ઉદ્યોગો તથા અનેક નાના ઉદ્યોગો અમારે ત્યાં છે. પિલ્સનામાં આવેલા અમારા જગજાહેર સ્કૉડા (Skoda)ના જંગી કારખાના વિષે તો કદાચ તમે જાણતા પણ હશો. પણ અમારા સૌથી વધુ વિશિષ્ટ ઉદ્યોગો તો છે કાચ અને પોર્સલેઈન(ચીનાઈ માટીકામ)ના, અને તેની ગુણવત્તાને કારણે અમારી એ ઉદ્યોગની વસ્તુઓ દુનિયાભરમાં નિકાસ થાય છે.

ખેતીવાડીમાં મુખ્યત્વે ઘઉં, રાઈ (એ નામનું અનાજ), ઓટ અને બાર્લી (જવની જાતનાં અનાજ)ની ઊપજ થાય છે. બાર્લી તો બીર (Beer) દારૂ માટે આસવવાના કામમાં જ લેવાય છે. Made in Czechoslovakia (ચેકોસ્લોવાકિયામાં બનેલું) એ અમારું ચિહ્ન હિંદમાં પણ જાણીતું હશે એવી હું આશા રાખું છું. જો મને પરદેશ નિકાસ કરવાની રજા મળશે તો કાચ અને પોર્સલેઈનમાંથી બનતી કેટલીક વસ્તુઓ નમૂના તરીકે હું તમને મોકલીશ.

પૂરું કરતાં પહેલાં મારા કુટુંબ વિષે થોડું જણાવું. હાલ મારે ફક્ત મા જ છે. મારી બેનનું જર્મનોએ ૧૯૪૫ની ૧લી જાન્યુઆરીએ ખૂન કરેલું. મારા પિતા જે રેલવે ખાતાના પ્રધાનમંડળના ડાઈરેક્ટર હતા તે ૧૯૪૭માં મૃત્યુ પામ્યા. મારાં માતા ચેકોસ્લોવાકિયાની રાજધાની પ્રાહા–પ્રાગ-માં રહે છે અને હું પણ લશ્કરમાંથી છૂટો થઈ મુલ્કી નોકરીમાં જોડાઈશ એટલે પ્રાગમાં જ રહીશ. અદ્યતન પરાંઓવાળું ૧૨ લાખની વસતિવાળું પ્રાગ એક પ્રાચીન શહેર છે. તમને એ ભાગે ઉતારવું મુશ્કેલ છે, પણ યુરોપનું તે સૌથી સુંદર શહેર છે અને ઘણા પ્રવાસીઓ તો તેને દુનિયાનું સુંદરતમ શહેર કહે છે. તમને પ્રાગના વિવિધ ફોટોગ્રાફો મોકલીને આ વાત સમજાવવી બહેતર છે. પરદેશમાં જ્યારેજ્યારે હું એમ કહેતો કે હું પ્રાગમાંથી આવું છું ત્યારેત્યારે મને સાંભળવા મળતું કે 'કયું, પેલું સુવર્ણનગર ?' 'પેલી સુવર્ણનગરી પ્રાહા ?'

હું ધારું છું કે મેં સી. એસ. આર (ચેકોસ્લોવાકિયાનું ટૂંકું નામ) વિષે તમને પૂરતું લખી જણાવ્યું છે. આવતા પત્રમાં હું ખાસ કરીને તમારા વ્યક્તિગત પ્રશ્નોનો વિગતવાર જવાબ લખીશ. તમારો જવાબ બનતી વહેલી તકે આવશે તો મને ઘણો આનંદ થશે. તમને અને તમારા કુટુંબને મારી એક સલામ 'નઝદર' (Nazdar.)

—તમારો વ્લાડા રિચ (Vlada Richtr)

તા. ક. મારા શૉખ છે પ્રવાસ, ફોટોગ્રાફી, ટિકિટો, રમતો, લૉન ટેનિસ સ્કિપિંગ ને ઘોડેસવારી. પ્રાગ જઇને ત્યાંથી અમારા દેશનાં ચિત્રોનું જે પાર્સલ હું તમને મોકલવાનો છું તેની સાથે હું ટિકિટો મોકલીશ; કારણ મારો ટિકિટોનો સંગ્રહ પ્રાગમાં છે, તેથી હાલ તરત હું મોકલી શકતો નથી તે માટે તમે મને ક્ષમા કરશો.

તમારા પત્રમાં કૃપા કરીને મને આટલું જણાવશોઃ ગાંધીજીના ખૂનની પશ્ચાદ્‌ભૂમિ તથા ત્યાર પછીની હિંદની રાજકીય પરિસ્થિતિ વિષે, ઉપરાંત, ઇંગ્લંડની સરકાર વિષે, હિંદ વિષે, અંગ્રેજ અમલ દરમ્યાન જો કંઈ અભ્યાસ થયો હોય તો તે વિષે, તમારા ફક્રીરો ને યોગીઓ વિષે તમે જે જાણતા હો તે, અને અમારા કાચ અને પોર્સલેઈનની બનાવટો પૈકી તમારે શાની જરૂર છે તે વિષે.

INDIAN PEN-FRIENDS

(54) Rahul Thakore, C/o K. R. Thakore, 514 Diwan Buildings, Outside Panchkuva gate, Ahmedabad–Age: 16, Hobbies Sports, scouting. (55) Ariff A Bham, Nagina Street, Rander (Via Surat)–18, Stamps; (56) Chandrasinh Gordhandas Sampat, 429 E. Sandhurst Rd, Prarthana Samaj, Bombay-4–17, Music, photography; (57) Kantilal N. Shah, B. COM., 8 Brojo Dalal St., Calcutta-6–23, Photography, cricket, politics; (58) Rajendra D. Patel, C/o D. P. Patel, Pratap Road, Wankaner (Kathiawar)–16, Stamps, coins, photography; (59) Nanalal Nathalal Vadagama, Haveli Street, Jam-salaya (Kathiawar)–18, Stamps, film-stars; (60) Dinesh Bole, East Bhuggatdhi Colliery, Jharia, Manbhum–16, Stamps, sports, photography; (61) M. Saeed A. Gabru, Tata School Road, Navasari (B. P.)–17, Stamps, coins; (62) Pinakin Surendraprasad Vyas, C/o Mahendra R. Vyas, Goti's Pole, Khadia, Ahmedabad–16, Games, touring, reading; (63) Bhanukumar G. Nana, Nishal Falia, Po. Matvad, Dist. Surat (B. P.)–22, Sports, photography, stamps; (64) Bhupendra Patel, C/o A. N. Patel, 7 Mani Niwas, Lady Harding Rd, Manim, Bombay–16, Stamps, photography; (65) Kantilal K. Patel, Po. Govada, Ta. Vijapur, G. B. S. Ry, North Gujrat—24, Cricket, writing diary; (66) R. D. Mehta, C/o D. L. Mehta, 85A Elavia Building, Bombay-16—16, Stamps, sports; (67) Surendra M.

Swami Near Patel Hospital, Gojaria (North Gujarat) —22, Music, drawing, photography; (68) Khandubhai j. Naik, Limda Chawl, Po. Dhamdachha, via Amalsad (Gujarat)—19, Stamps, music, autographs; (69) Kantilal R. Dhruva, C/o Messrs P. T. Maniar, 41 Bhoiwada 2nd, Bombay-2—30, Spiritual science, stamps, coins; (70) Jagdishchandra M. Oza C/o Oza & Co, Subhash Road, Aligarh (U. P.)—20, Drawing, photography, languages; (71) Bhanuprasad Amratlal Parikh. Three Streets, Umreth (B P.)—16, Literature, games: (72) Mukundrai Somapura, 'Mukund Niwas', Gorawadi, Palitana—19, Science, art; (73) Rasik D. Reshamwala C/o Prabhudas G. Reshamwala, Rampur, Surat—20, Photography, stamps; (74) Laxman H. Solanki, Chauhan Fali, Jamnagar (Kathiawar)—28, Music, photography, drawing; (75) Ramnik A. Shah C/o A. P. Shah, Bazar road, Wankaner (Kathiawar)—23, Wally-ball, novels; (76) Punamchand F. Gandhi C/o Navanitlal F. Gandhi, Navi Khadki, Mahudha, Dist. Kaira (B.P.)—16, Drawing, touring; (77) Dahyalal V. Patel, Vallabha Rd, Near Dudhia Kuva, Gozaria (North Gujarat) –24, Music, travelling, reading; (78) Parshuram B. Amin Gokaldas Street, Vaso (Via Nadiad)—19, Cricket, photography, stamps; (79) Batuk Pandya C/o Karunashanker B. Pandya, 114 Vitthalbhai Patel Rd, Ranchhoddas Kanji's Wadi, Ground floor, Bombay-4—16, Stamps, science, foreign languages, literature; (80) Vijayendra D. Patel, Vakil Block, Manekwadi, Bhavanagar (Kathiawar) –18, Science, films: (81) Shashikant Narottamdas Shah, 185 Bazar-gate Street, 2nd floor, Fort, Bombay-1—16, Photography, science, sports; (82) Krishnkant C. Dikshit C/o C. M. Dikshit. Nani Brahm pol, Petlad, Via Anand, Gujarat—18, Cricket, swimming, cycling; (83) Ashabhai Patel, 11 Jalan Tunku Hassan, Seremban, via Singapore (Malaya)—24, Stamps, magazines, pictures; (84) Narendra N. Shethia, Dinesh Bhavan, 323F, Vincent Rd Matunga, Bombay-19—13, Stamps, photography: (85) Jitendra Chhagnlal Desai, Chhowala Street, Sagarampura, Surat—16, Stamps, coins, photography, sports; (86) Rasiklal Amritlal Shah, Wadia pole, Wadi, Baroda—21, Drawing; (87) Dharmsadas Paramar C/o N. K. Tijoriwala, Khetwadi, Main Rd, Bombay-4—18, Photography, stamps, sports; (88) Pravinkumar Shah, C/o Chaturlal C. Shah, Jeweller, Near Juni Mandai, Cambay (B.B.C.I.)—20, Stamps, autographs, photographs; (89 Nagin Avalani, 150 Tankiwala Building, R. N. 13, Parel Road, Bombay-12—18, Stamps, photography; 90) Vinay G. Shah C/o G. P. Shah, Zampa Street, Vankaner (kathiawar)—17, Stamps, football. (Please mention 'Kumar' monthly from Ahmedabad India while writing to any of the above pen-friends.)

ચેકોસ્લોવાકિયાનાં સરનામાં

દરેક સરનામાને છેડે Czechoslovakia ઉમેરી લેવું.

(1) Alena Jaros, Konevova 1886, Prague XI—Girl, 13; (2) Stanislav Tatzl, Hotel Jezek Blansko—Boy, 18, Scouting; (3) Vladimir Vyoral, Prague-Ruzyne 84, Near Aerodrome—Boy, 21, All aspcts of Indian life; (4) Lubomir Krozik; Posl. Vso, Konice c 470 U Prostejova—Boy, 21, Economics, Politics, music; (5) Alexander Sprinzel; 800 Tesla, Praha XIII—Boy, 19, Art, religion, Science; (6) Ruzena Sucha; Usti Nadtlabem Strekov 1, Kopernikova Ul 212—Girl, 21, Literature, art, music, politics; (7) Bozena Stechova; Radlicka 32, Prague XVI—Girl, 16, Painting, Literature, Sports; (8) Alena Kremrova, Radlicka 53, Prague XVI—Girl, 16, Painting, literature, sports; (9) Lubos Rehacek; Usezd 19, Prague III—Boy, 18, All aspects of life, youth movement; (10) Josef Flek, Studenska 10, Prague XIX—Boy, 22, Indian customs, political movement; (11) Radko Kouba; Nerudova 624-23, Decin—Boy, 18, Architecture, politics; (12) Vaclav Jehlicka; Ostruzinova 2346, Praha-Zabehlice—Boy, 22, Radio Experiments, geography, chemistry; (13) Frantisek Bouska; Pardubice-Nemosice 50—Man, 26, Geography, travel, sports; (14) Jaroslav Tobias; Liben Rokycanova 1357, Prague—Man, 27, Politics, sociology, literature, post-stamps and cards; (15) Johne Neradova; 615, Hornomecholupska Street, Hostiwar By Prague—Boy, 18, Theatre, books, flying; (16) Jaroslava Markova; Nam Generala Janina 7, Prague XIX—Girl, 18, Art, Literature: (17) Igor Satoplet; Sugar Raffinery, Louny—Man, 22, Indian life, Penfriendship; (18) Jiri Vandas; Pribram V-17—Man, 21, Literature, Economics; (19) Asta Rysova, Bilovee: ul. gen. Jermenka 2—Girl, 19, Literature, photography, stamps; (20) Jiri Becvar; Vojtesska 17, Prague II—Man, 21, Music, science, Indian life; (20) Johana Hribkova; Pod Sibernym 476, Revnice—Girl, 18; Literature, songs. (ઉલ્લેખ: કૃષ્ણવદન જેટલી).

પરદેશના એક નવા પત્રમિત્ર

ઇંગ્લંડથી એક ભાઈનો અમારી પર પત્ર આવ્યો છે. તેમાં તેમણે હિંદમાંથી કેટલાક પત્રમિત્રો મેળવી આપવાની વિનતિ કરી છે. તે લખે છે, 'તમારા દેશના કોઇ પત્રમિત્ર સાથે જો આપ મારો સંપર્ક સધાવી આપશો તો હું આપનો આભારી થઈશ. મારી ઉમર ૧૬ વર્ષની છે અને લંડનની મેરીઅસંની શાળામાં હું ભણું છું. મેં વૈદક(Medicine)નો અભ્યાસક્રમ પસંદ કર્યો હોઇ એ વિષયમાં રસ ધરાવતા કોઇ ભાઈ અગર બહેન મારી સાથે પત્રવ્યવહાર કરશે તો મને ઘણો આનંદ થશે.' તે ભાઈનું પૂરું નામ તથા સરનામું: Derek Victor Le More, 23 B Launceston Place, Kensington, London, W-8, England.

સ્વ. સિયોદિયાએ આલેખેલું... ...એક ભીંતશોભન (મ્યૂરલ) ચિત્ર



વિસારે પડેલા એક ચુનંદા પારસી ચિત્રકાર અને રૉયલ ઍકૅડૅમીશ્યન થનાર સૌપહેલા હિંદી

મર્હૂમ રુસ્તમ દાદાભાઈ સિયોદિયા

પારસી કોમ નાની હોવા છતાં તેમાં એવું ખમીર છે કે તે જીવનનાં લગભગ સર્વ ક્ષેત્રોમાં નામીચા નરરત્નોને જન્માવી શકી છે. મહાન વ્યાપારીઓ, રાજદ્વારીઓ, દાનેશ્વરીઓ, વિજ્ઞાનવેત્તા, પ્રવાસી, સાહિત્યકારો કે ધંધાદારીઓમાં કોઇ ને કોઇ પારસી આગળ આવ્યો જ હશે. મુંબાઈની જાહોજલાલી ને સંસ્કારમાં એ કોમનો મોટો ફાળો છે અને તે ગુજરાતના હુન્નરની તરીકે ગુજરાતને શોભા આપે છે. કળાના ક્ષેત્રમાં સર જમશેદજી જીજીભાઇએ મોટી સખાવત કરી સર જે. જે. સ્કૂલ ઑવ આર્ટને જન્મ આપ્યો ત્યાર પછી ઘણા પારસી જુવાનો કળામાં પણ ઊંચી પ્રવીણતા બતાવી શક્યા છે. સ્વ. પેસ્તનજી બમનજી અને મર્હૂમ પીઠાવાળાનાં નામો તો સર્વશ્રેષ્ઠ તસ્વીરકારો તરીકે મુંબાઈમાં મશહૂર છે; પરંતુ એમની તરત પછીની હરોળના એક તરુણ અને આશાવંત પારસીએ કલામાં તેમનાથી પણ આગેકદમ કર્યું અને તેની કારકિર્દી મુંબાઈમાં જરાજેટલી ઝબક આપી બુઝાઈ ગઇ તે નોંધ લેવી જરૂરી છે.


મર્હૂમ રૂસ્તમ સિયોદિયાએ એક ઊર્મિભરપૂર કલાકાર હતા. તેમનામાં કલાની અજબ ધૂન અને ભક્તિ હતી. તેમને જો મુંબાઇમાં યોગ્ય સન્માન ને આશ્રય મળ્યાં હોત તો મુંબાઈમાં ચિત્રકલાનું કોઈ નવું જ પ્રકરણ લખાયું હોત. પરંતુ સાંભળવા પ્રમાણે સરનારી નોકરીઓમાં આવેલા કલાકારોને આ ખાનગી સાહસથી પ્રવીણતા પામેલા જુવાનની શક્તિ ને પ્રતિભાની ઈર્ષ્યા થતી હતી. અંતે તેને આગળ વધવામાં નડતરરૂપ પ્રયત્નો થતાં તેણે કાયમ ખાતે પોતાનો નિવાસ લંડનમાં જ રાખ્યો ને હિંદ તેના પ્રસાદથી વંચિત રહ્યું.



કલાકાર સિયોદિયા : એમની આલેખેલી તસવીર સાથે

ઈ. ૧૮૮૨માં મુંબાઈમાં જ એમનો જન્મ થયો હતો. એમના પિતા દાદાભાઈ સિયોદિયા બહેરામજી જીજીભાઇને ત્યાં કારભારી હતા. બાળક રુસ્તમજીને નિશાળે બેસાડ્યા, ત્યાં મહેતાજી તેમને 'ક ખ' ઘૂંટવા આપે તો તે ઉપર ન ઘૂંટતાં તે બાજુમાં તેના જેવા જ વળાંકો કરી બતાવતા. આમ તેણે તેની આંખ અને હાથની શક્તિનો પરચો બચપણમાં જ બતાવ્યો હતો. ઉપરના ધોરણમાં ગયા ત્યાં પણ તેમનો નાદ ચાલુ રહ્યો. લેસનમાં રસ ન પડે ત્યારે સ્લેટમાં કે ચોપડીમાં માસ્તરનાં અને નિશાળિયાનાં મોઢાં કે ચવિત્રાં ચિત્રો કરતા અને પકડાઈ જતાં વર્ગની બહાર ઊભા રહેવું પડતું!

ગુજરાતી અભ્યાસ પૂરો કરીને ભરડા ન્યૂ હાઈસ્કૂલમાં તે દાખલ થયા અને ત્યાં ડ્રૉઇંગમાં ખૂબ આગળ રહી તે વખતની ડ્રૉઇંગની ત્રણે ગ્રેડની પરીક્ષા તેમણે પાસ કરી. એ શરૂના કાળમાં પણ તેમણે જૂના પ્રૌઢ કલાકારોની કૃતિઓની આબેહૂબ નકલો ઉતારેલી. એમના પિતાને તે ચિત્રકામ કરે એ બિલકુલ ગમતું નહોતું, પરંતુ કાકા તરફથી ઉત્તેજન મળતું. પણ એમની કિશોર વયમાં જ





જમણી બાજુ: કલાકાર રુસ્તમ સિયોદિયા વિદ્યાર્થી હતા ત્યારે.
ડાબી બાજુ મથાળે : ગ્રન્થચિત્રો માટે ઝરૂખા ને ઘુમ્મટોનો અભ્યાસ; નીચે: ગ્રંથચિત્રો માટે માનવ પાત્રોનો અભ્યાસ. (સ્કેચ-બૂકમાંથી)



પિતા બેહિસ્ત પામ્યા. તેમણે કળાના શિક્ષણ માટે વિલાયત જવા નિશ્ચય કર્યો. પણ તે પહેલાં સર જે. જે. સ્કૂલ ઑાવ આર્ટમાં ત્રણ વર્ષ પ્રાથમિક તાલીમ લીધી. એમને કોઈ શિક્ષક બતાવે તે ગમતું નહિ. પોતે જે કરે છે તે ખરું છે એવો દૃઢ વિશ્વાસ હોવાથી જ એમ બનતું.

આમ, કળાનો નાદ તથા પ્રગતિ ધીમેધીમે આગળ વધતાં અંતે તે પોતાનાં જ સાધન ને સાહસથી વિલાયત ગયા અને ત્યાંની રૉયલ ઍકેડેમીમાં દાખલ થયા. એ શાહી કળાશાળામાં દાખલ થનાર તે પહેલા જ હિંદી હતા. સ્વમાનને લઇ વિલાયતના ખર્ચ માટે તેમણે કોઈ પાસે સ્કૉલરશિપ પણ માગી નહિ. તેથી ખર્ચમાં ઘણી કરકસર કરવી પડતી. હાથે રસોઈ કરવી, હાથે કપડાં ધોવાં, એમ બધી રીતે સંકોચ કરી માત્ર અઢાર શિલિંગમાં તે પોતાનું પૂરું કરતા. એ પરથી એમની અભ્યાસની ધગશ અને શૂરાતન સમજાય છે.

ઍકેડેમીનો પાંચ વર્ષનો કોર્સ પૂરો કરી, ઝળકતી કારકિર્દી સાથે રૉયલ ઍકેડેમીશ્યન બની તે હિંદ આવ્યા ત્યારે એમને આશા હતી કે પ્રજા પોતાની ભારે કદર કરશે ને કળાના ઊંચા હોદ્દા મળશે, તથા તે દ્વારા દેશમાં પોતે ચિત્રકળાની ઉન્નતિ કરી શકશે. તેમણે ગૃહસ્થાશ્રમ શરૂ કર્યો અને પોતાનો સ્ટૂડિયો કાઢી કામકાજ શરૂ કર્યું.


કેટલીક સારીસારી સંસ્થાઓ માટે તેમણે સરસ તસ્વીરો પણ કરી અને વર્તમાનપત્રોમાં તેમની ભારે પ્રશંસા પણ થઈ. પરંતુ તેમના સ્વભાવમાં આકરાપણું હતું, તેથી બધી વખત કળાનાં ઉચ્ચ ધોરણનો પોતાનો આગ્રહ ચાલુ રાખીને પોતાના સામાન્ય ગ્રાહકોની મરજી માફક કામ તે કદી કરતા નહિ. ઘણીવાર ઘરાક છબિમાં સુધારો કે ફેરફાર કરવા કહે ત્યારે એ સહન કરી શકતા નહિ અને કહી દેતા કે 'હવે આગળ કંઇ નહિ થઇ શકે; જોઇએ તો પૈસા પાછા લઈ જાઓ.'

તસ્વીરકળામાં તો એમણે ખરેખર નવી લાક્ષણિક પ્રથા ઉપજાવી હતી અને ચાલુ રૂઢિમાંથી પ્રજાને બહાર લાવવા પ્રયત્ન કરતા હતા તેમનાં ચિત્રોના ફોટોગ્રાફો પરથી એ વાતની ખાત્રી થાય છે. એમણે કરેલું એક પારસી બાળકનું પૉર્ટ્રેટ (આ અંકનું મુખચિત્ર) તેમની કળાનો ઉત્કૃષ્ટ નમૂનો છે અને હાલ તે તેમનાં કલાકાર સુપુત્રી કુમીબેન દાલાસના કબજામાં છે. સર્વત્ર એની ખૂબ તારીફ થઇ છે.


વચ્ચે તેમને મુંબાઇમાં પ્રિન્સિપલ કૅપ્ટન સૉલૉમને વાઈસ પ્રિન્સિપલનો હોદ્દો આપવાં કહ્યું; પણ તેઓ પોતાની લાયકાત વડા તરીકે જ રહેવાની છે એમ સમજતા હતા તેથી ના પાડી દીધી.

હિંદમાં કોઈ કદર બૂઝતું નથી એવી લાગણી થતાં તેમણે લંડન જઇ રહેવાનિશ્ચય કર્યો.તેમને એટલો બધો નિર્વેદ થઇ ગએલો કે પોતાનાં કેટલાંક સારાં ચિત્રો અને આલેખોનો પોતાને હાથે જ નાશ કર્યો ! તે મોટે ભાગે કુટુંબથી અલગ જોગેશ્વરી ખાતે એક એકાંત બંગલામાં જ રહેતા. એમનાં પુત્રી અઠવાડિયામાં એકવાર તેમને મળવા જતાં. એક વખતે તેમણે બંગલો ખાલી જોઇ પૂછ્યું કે 'ચિત્રો ક્યાં ગયાં?' ત્યારે તેમણે પોતાની નિરાશા જણાવી કહ્યું કે 'હવે તો જે છે તેનો યે નાશ કરીશ !' આ પરથી કુમીબેન વધ્યાંસધ્યાં બધાં ચિત્રો પોતાને ત્યાં લઈ આવ્યાં; નહિ તો તેના પણ એ જ હાલ થાત ! અહીંની જિંદગી અકારી બનતાં તે ચોથી વખત ઇંગ્લંડ ગયા અને આખરે ૨૮મી ઑગસ્ટ ૧૯૪૬ના રોજ હિંદનો એ એકલવાયો, ભુલાએલો, અદનો કલાકાર પ્રભુની ગોદમાં આશ્રય લેવા પહોંચી ગયો.

રવિશંકર મ. રાવળ



સીને-ફિલ્મ માટે ચિત્રસંયોજન : પેન્સિલ સ્કેચ (કલાકાર સિયોદિયાની સ્કેચ-બૂકમાંથી)



બાળકો અને નિસર્ગદૃશ્યોનાં અભ્યાસચિત્રો (કલાકાર રુસ્તમ દાદાભાઇ સિયોદિયાની સ્કેચ-બૂકમાંથી)



ખેતરમાં સાંજ : પેન્સિલ સ્કેચિંગનું એક અભ્યાસચિત્ર (કલાકાર સિયોદિયાની સ્કેચ-બૂકમાંથી)

યુદ્ધ સમયમાં લેખો માટે ચિત્રસંચય : પેન્સિલ સ્કેચ (કલાકાર સિયોદિયાની સ્કેચ-બૂકમાંથી)





માધુકરી

ત્રણ અગ્નિની અંગુલી વડે
પ્રભુ ચૂંટી લીધું પ્રાણપુષ્પ તેં.
વર એવી વિભૂતિ સ્પર્શવા
ન ઘટે અગ્નિથી ઓછું શુદ્ધ કૈં.

(સંસ્કૃતિ) —ઉમાશંકર જોષી

સર મહારાજસિંગ - મુંબાઇ પ્રાંતના પહેલા હિંદી ગવર્નર

સવા સો વર્ષની બ્રિટિશ કારકિર્દીની ગોરા ગવર્નરોની અખંડ પરંપરા પછી મુંબાઈ જેવા મહત્ત્વના પ્રાંતના પ્રથમ હિંદી ગવર્નર નિમાવાનું ઉચ્ચ માન મેળવનાર સર મહારાજસિંગ હિંદના એક તેજસ્વી સપૂતોમાંના એક છે. આજથી ચાર દસકા પહેલાથી શરૂ કરીને આજ સુધીમાં એટલાં વિવિધ અને મહત્ત્વનાં સરકારી પદો પર તેમણે સફળ કામગીરી બજાવી છે કે રાજકાજના વિવિધ અંગો વિષેનાં તેમના જેટલાં જ્ઞાન અને અનુભવ ભાગ્યે જ બીજી કોઇ વ્યક્તિને હશે. આવા વ્યાપક અનુભવ ઉપરાંત તેમની તેજસ્વી અભ્યાસપરાયણતા તથા કુશાગ્ર બુદ્ધિમત્તા પણ જાણીતાં છે.


ઈ. ૧૮૭૯માં યુક્તપ્રાંતના એક સંસ્કારસંપન્ન મર્ભશ્રીમંત કુટુંબમાં સર મહારાજસિંગનો જન્મ થએલો. પિતાના ચાર પુત્રોમાં તે બીજા પુત્ર હતા. કપુરથલાની મોટી જાગીરની માલિકી ધરાવતા તેમના પિતા સર હરનામસિંગે પોતાના શિક્ષક ગોરખનાથ ચેટરજીના સહવાસથી ખ્રિસ્તી ધર્મનો સ્વીકાર કરેલો અને તે અધ્યાપકનાં જ પુત્રી સાથે લગ્ન કરેલાં. જ્યારે હરનામસિંગના મોટા ભાઇ રાજા રણધીરસિંગ મૃત્યુ પામ્યા ત્યારે ૧૯૪૧માં ગવર્નરે સર હરનામસિંગને 'રાજા'નો ઈલકાબ આપેલો.

પોતાના પુત્રોને પશ્ચિમની પદ્ધતિનું વ્યવસ્થિત શિક્ષણ મળે એ હેતુથી સર હરનામસિંગે સર્વ પુત્રો તથા પુત્રીને નાનપણથી જ ઈંગ્લંડ ભણવા મોકલી આપેલાં. ત્યાં તેમના પર દેખરેખ રાખવા તથા તેમને યોગ્ય માર્ગદર્શન કરવા અંગ્રેજ મિશનરીઓ મૂકવામાં આવેલા, જેઓ પ્યૂરિટન ધર્મના નિયમબદ્ધ વાતાવરણમાં તેમને ઉછેરવા લાગ્યા. એક રાજાના પુત્ર હોવા છતાં તે બુદ્ધિશાળી બાળકોને ત્યાં તદ્દન સાદું અને સંયમિત જીવન વ્યતીત કરવું પડતું. વાર્ષિક કેવળ ૨૫૦ પાઉન્ડ પર જ દરેકને નિભાવવાનું હતું. રજાના દિવસોમાં પરદેશની સહેલગાહને બદલે તેમને પેલા મિશનરી પાલકોનાં ઘરમાં આત્મોન્નતિના કડક પાઠો શીખવા પડતા. આ રીતે પૂરાં ૧૬ વર્ષ સુધી હૅરોના વિખ્યાત વિદ્યાલયમાં શિક્ષણ લઈ બૅરિસ્ટરની પદવી મેળવી ૨૪ વર્ષની વયે જ્યારે તે હિંદ પાછા ફર્યા ત્યારે ઉચ્ચ પ્રકારના શૈક્ષણિક દરજ્જા સાથે સાદા આદર્શ જીવનના પાઠો પણ જીવનમાં તેમણે ઉતારેલા હતા.



હિંદ આવતાં જ સરકારે તેમને યુક્ત પ્રાંતમાં સિવિલિયન નીમ્યા. હિંદ સરકારની રાજધાની કલકત્તામાં હતી તે કાળે તેમને હિંદ સરકારના શિક્ષણખાતાના ઉપમંત્રી નીમવામાં

માસમાસનાં પંખી (૨૮)
દેવચકલી



આ ઋતુમાં વગર આમંત્રણે ઘરમાં પેસી નિઃશંક મને વિચરતું દેખાતું આપણું આ સુપરિચિત પંખી 'દેવચકલી', 'દેવલી' કે 'કાળીદેહ'ને નામે ઓળખાય છે. સર્વાંગે ઘેરો કાળો રંગ, પીઠ ભૂખરા રંગની, પૂંછડીના મૂળમાં નીચેની બાજુ લાલ રંગનું છોગું, ઊડતી વખતે જ દેખાતો પાંખમાંનો સફેદ પટો અને પાતળી સહેજ સુકુમાર ચાંચ: એ તેના નર પંખીનાં લક્ષણો. માદા તો સર્વાંગે ધુમાડિયા રંગની જ હોય છે.

પણ તેની વિશિષ્ટતા તો કોઇ મરદ મૂછાળાની મૂછો પેઠે હમેશ પૂંછડી અક્કડ ઊભી રાખવાની ટેવ. જાણે આકાશ ટેકવતી હોય તેવી સીધી રહેતી એ પૂંછડી આમથી તેમ ફરતાં ને બોલતાં વારંવાર ઊંચીનીચી થાય છે. તેમાં યે કોઈ હરીફનો સામનો કરવાનો હોય ત્યારે તો તે છેક માથે જઈ અડે છે!

રૂપરંગના ઝળકારા વગરનું આ સુકુમાર પક્ષી પંખીઓમાં સંગીત-સમ્રાટ ગણાતા ગૌરવશાળી વંશમાં જન્મેલું છે. તેની મિઠાશભરી ગાનપ્રિયતાને કારણે 'હિંદના રૉબિન'નું મગરૂબીભર્યું ઉપનામ તે પામ્યું છે. તેનું ઝીણી સીસોટીવાળું, ધીમું, વિવિધતાવાળું કર્ણમધુર ગાન એના સંવનનકાળે તો ખૂબ આકર્ષક અને આલ્હાદક લાગે છે.

નરમ સુકોમળ કીડા, ઈયળ આદિ જંતુ તેનો ખોરાક. તેમાં યે તેને ઊધઈના કીડા બહુ ભાવતા હોવાથી ઘણુંખરું તે ઊધઈના રાફડા પાસે અવારનવાર જોવામાં આવે છે.

ઉનાળાની શરૂઆત એ તેનો સંવનનકાળ. થનગનાટભર્યા આ કાળમાં તેનું ગાવાકૂદવાનું બમણા ઉત્સાહથી ચાલે છે. ભીંતની બખોલમાં કોડિયા જેવો માળો બાંધી તેમાં તપખીરિયા રંગની છાંટવાળાં સહેજ લીલાશપડતા સફેદ રંગનાં ત્રણ ઈંડાં તે મૂકે છે.

('વનેચર'ના લેખ પરથી સંપાદિત)

આવ્યા. પણ પોતાના પ્રવૃત્તિમય જીવનનો મોટો ભાગ તેમણે યુક્ત પ્રાંતમાં જ વ્યતીત કરેલો. ઈ. ૧૯૩૫ માં નવા કાયદા અનુસાર જ્યારે ગવર્નરની કારોબારીમાં હિંદી માણસો નિમાયા ત્યારે સર મહારાજસિંગને યુક્તપ્રાંતમાં ગૃહખાતાના મંત્રી નીમવામાં આવ્યા. તે હોદ્દાનાં બે વર્ષ દરમ્યાન તેમણે અનેક મહત્ત્વનાં કાર્યો કરેલાં. જવાબદારીભર્યાં કાર્યો કુશળતાથી પાર પાડવાની તેમની શક્તિ જોઈ તેમને ત્યાર પછી ઘણાં મહત્ત્વનાં પદ મળવા લાગ્યાં. જોધપુર રાજ્યના તે દીવાન નિમાએલા અને કાશ્મીરના પણ થોડો કાળ તે દીવાન હતા. લખનૌ વિશ્વવિદ્યાલયના તે ઉપકુલપતિ પણ હતા. ત્યાર બાદ સરકારે તેમને મૉરિશ્યસ ને બ્રિટિશગાયાનાના હિંદીઓની સ્થિતિનો અભ્યાસ કરીને એક વિસ્તૃત અહેવાલ તૈયાર કરવા મોકલેલા, જે કામ તેમણે કાળજીથી પાર પાડ્યું હતું.

પણ એમની મહત્ત્વની કામગીરી તો દક્ષિણ આફ્રિકા ખાતેના હિંદના એજન્ટ જનરલ તરીકેની હતી. ૧૯૩૨ થી ૩૫ના એ કાળ દરમ્યાન તેમને ત્યાંના રંગભેદનો સારો એવો પરિચય થએલો અને હિંદીઓની હાડમારીઓ દૂર કરવા તેમણે સહૃદય પ્રયત્નો કરેલા.

ઈ. ૧૯૪૬ માં સંયુક્ત રાષ્ટ્રસંઘમાં હિંદ તરફથી જે પ્રતિનિધિમંડળ મોકલવામાં આવેલું તેમાં તેમની રાજપ્રકરણની ઊંડી સમજને કારણે મહારાજસિંગનો સમાવેશ કરવામાં આવેલો.

તેઓ ચાર્લી મેકાર્થીની માફક જાણે બીજો જ કોઇ માણસ બોલતો હોય તેવી બહુરૂપ-વાણી-અનુકરણ (Ventrioloquism) ની કળા જાણે છે. યુનોની સલામતી સમિતિના સભ્યો આગળ એક મોટો ઢિંગલો સામે રાખી તેની પાસે આ કળાવડે વિવિધ વકતાઓના ભાષણની નકલ કરી બતાવીને તેમને ખુશ કર્યા હતા. યુનોની આ હળવી બાજુને ન્યૂયૉર્કના છાપાઓએ ઠીક પ્રસિદ્ધિ આપી હતી.

તેઓ આહારવિહારમાં ઘણા મિતાહારી અને નિર્વ્યસની છે. આપણા પ્રાંતના ગવર્નર નિમાતાં વેંત પહેલે જ ધડાકે જ્યારે તેમણે જાહેર કર્યું કે હવેથી ગવર્મેન્ટ હાઉસમાં દારૂનું એક બુંદ પણ નહિ વપરાય ત્યારે આજ સુધીની આ રૂઢ પ્રથા એકદમ બંધ કરવા માટે ઘણાને આશ્ચર્યધક્કો લાગેલો. મહારાજસિંગ પોતે દરૂ તો શું પણ બીડી તમાકુને પણ અડતા નથી. તેમણે લગ્ન પણ ઘણી મોટી વયે–૪૨ વર્ષની ઉંમરે કરેલાં. લખનૌની કૉલેજમાં 'ફૅકલ્ટી' તરીકે કામ કરતાં શ્રીમતી ગુણવતી માયા દાસ સાથે પ્રેમ થતાં તેમની સાથે તે લગ્નથી જોડાયા. લેડી મહારાજસિંગ પણ સ્નાતક હોઈ સંગીત ને સમાજસેવાનાં ખાસ શોખીન છે સર મહારાજસિંગ Y.M.C.A. ની હિંદની કારોબારી સમિતિના પ્રમુખ છે જ્યારે લેડી મહારાજસિંગ Y.W.C.A. ની કારોબારીનાં પ્રમુખ તરીકે કામ કરે છે

ઇંગ્લંડથી બૅરિસ્ટર થઇ આવવા છતાં તેમણે ગયા વરસ સુધી વકીલાત કરી જ નહોતી. ગયે વર્ષે જ તેમણે પહેલો કેસ હાથમાં લીધેલો. રમતોના તે ઘણા શોખીન છે. આજે ૬૯ વર્ષની વયે પણ ટેનિસ, ફૂટબૉલ, ઘોડેસવારી અને શિકારનો તેમનો રસ હજુ જેવો ને તેવો છે. રાજકાજની સાથેસાથે તે સૂફીવાદ તથા ધાર્મિક ઇતિહાસના ઊંડા અભ્યાસી છે. પોતે ચુસ્ત ખ્રિસ્તી હોઈ નિયમિતરીતે દેવળમાં જનારા છે. કાર્યમાં તે ઝડપથી નિર્ણય કરનાર અને પત્ર-વ્યવહારમાં ઘણા દક્ષ છે. તેમના કુટુંબનાં બીજાં માણસો પણ ઘણા અગત્યના હોદ્દા પર છે. તેમનાં બહેન રાજકુમારી અમૃતકુંવર તો આપણી કેન્દ્રીય સરકારમાં આરોગ્યપ્રધાન છે. તેમના એક ભાઈ કુંવર દુલીપસિંગ પણ પરદેશખાતાના કાયદાના સલાહકાર છે. સર મહારાજસિંગને ત્રણ બાળકો છે–બે પુત્રો ને એક પુત્રી.

આવા રાજપ્રકરણના ઊંડા અનુભવી, અભ્યાસનિષ્ઠ, સહૃદયી કુમદા રાજપુરુષ મુંબાઇ પ્રાંતને પ્રથમ હિંદી ગવર્નર તરીકે મળ્યા તે મુંબાઈ પ્રાંતનું એકરીતે સદ્ભાગ્ય ગણાય. ('ઓરીએન્ટ' પરથી)

સકરટેટી

વસંત ઋતુ ઊતર્યાં પછી ગ્રીષ્મ ઋતુમાં પૃથ્વી પર સખત તાપ પડે છે અને તે પ્રાણીઓનાં શરીરના કસનું શોષણ કરે છે આ રીતે શરીરમાંથી થતા શોષણના ઉપાયો પણ કુદરતે યોજી રાખ્યા છે. આ ઋતુના ઉપયોગ માટે કેરી, ફાલસા, દાડમ, નારંગી, દ્રાક્ષ, રાયણ, સકરટેટી, તરબૂચ, ગોરસઆમલી, શેતૂર વગેરે અનેક પ્રકારનાં રસદાર ફળો પેદા કર્યાં છે. આ ફળોના ઉપયોગથી શોષણનો અટકાવ થઇ શરીરના ઓછા થતા રસકસનો બદલો વળી રહે છે.

એવું એક ફળ તે સકરટેટી. તેનું આ નામ તો મુગલ સમયમાં પડેલું. સંસ્કૃતમાં ષડભુજા ને મધુપાકા, મરાઠીમાં ખરબુજ કાકડી, સાકરમાશી, હિંદીમાં ખરબુજા, ખાબુક, દશાંગુલ અને ખર્બુજ એવાં તેનાં નામો છે. ગુજરાતીમાં ખર્બુજનો અપભ્રંશ થઇ ખડબુચું થયો છે. એનો સ્વાદ સાકર અગર ખાંડ જેવો મીઠો હોવાથી તેને સકરટેટી નામ મળ્યું. ષડભુજા એટલે છ હાથવાળું પણ આ હાથ કયા હશે તે એક વિચારણીય પ્રશ્ન છે. કદાચ ફળપરના આંકાઓ તે હોઇ શકે. આ ઉપરથી અપભ્રંશ બનીને ષડભુજ=ખડબુજ બન્યું હોય. ગુજરાતમાં કેટલાંક સ્થળે તે ગોટા નામથી પણ ઓળખાય છે.

આ ફળ તરબૂચનું સમકાલીન અને તેના જ વંશનું છે તે નદીની તળેટીમાં બારે માસ થાય છે, પણ ઉનાળામાં વધારે થાય છે. એ મોસમમાં તડકો આકરો પડવાથી ખડબૂચાં સારાં પાકી રહે છે. ભાઠાંની જમીનમાં મૂળ અંદર ઊતરે ત્યાં સુધી વેલાને પાણી પાવું પડે છે. તેને ખાતર બહુ જોઇતું નથી અને ત્રણ મહિનામાં એ ફળે છે. ખડબુચાં તૈયાર થયાં પછી તેને રેતીમાં દાબ્યાં હોય તો તેમાં મિઠાશ વધારે આવે છે. મૂળ આગળ જે ખડબૂચાં થાય છે તેમાં મિઠાશ વધારે આવતી હોવાથી ચારપાંચ ખડબુચાં થાય એટલે વેલાનો લબડતો છેડો કાપી નાખવામાં આવે છે. વેલા ઉપર જો ઘણાં ખડબુચાં થવા દે તો તેમાં મિઠાશ રહેતી નથી અને તેનું કદ પણ મોટું થતું નથી. સકરટેટીમાં બિયાં જુદાં જ રહેલાં હોવાથી તે સહેલાઇથી કાઢી નાખી શકાય છે. તેના ગર્ભનો ડુંદો જે 'પણો' કહેવાય છે તે એક મિઠાઇ તરીકે રોટલી સાથે ખાંડ મેળવી ખાવામાં આવે છે.

તરબૂચ અને સકરટેટી બન્નેની સરખામણીમાં લોકમતમાં તરબૂચ ઉત્તમ ગણાય છે. પરંતુ વસ્તુતઃ સકરટેટી જ ઉત્તમ છે. કારણ તે સ્નિગ્ધ, મધુર, પાકળથી શીતળ, વીર્ય વધારનાર ને પિત્ત હરનાર છે. વળી તે કોઠાને શુદ્ધ કરનાર મૂત્રલ, બળ આપનાર ને ભારે છે. તેથી તેના અતિસેવનથી તે ઉદરવાયુ, તથા મરડો કરે છે. ખાટી સકરટેટી રકતપિત્ત કરવાવાળી, મૂત્રલ ને અપથ્ય છે. સકરટેટીમાં જળ, પૃથ્વી, અને અગ્નિ તત્ત્વો છે, જ્યારે તરબૂચમાં અગ્નિ તત્ત્વ નથી સકરટેટી ભારે હોવાથી વધુ પ્રમાણમાં ન ખાવાની સંભાળ રાખવી જોઇએ. તે મૃદુ, રેચક, વાયુનાશક, પિત્તનાશક અને કફકારક છે.

સકરટેટી શરીરની અંદર જઇ શીતળતા આપે છે. તેનામાં તરબૂચ કરતાં પૃથ્વીનો ભાગ બમણો હોવાથી તે બળ પણ આપે છે. તેની વાસ તેના સ્વાદને કહી આપે છે. જે નદીનું પાણી મીઠું હોય છે ત્યાંની સકરટેટી સારી હોય છે. વેલાથી વિખૂટી પડ્યા પછી તાપમાં વધુ રહેવાથી તે ગંધાઇ જાય છે અને માવઠું થતાં કે વરસાદ પડતાં તેમાં સડો પેસે છે. એનાં કાચાં ફળ શાક તરીકે પણ વપરાય છે.

(ચિત્રમય જગત) —રમણલાલ અં. ભટ્ટ

નાશિકની લશ્કરી તાલીમ શાળા

કોઇ પણ સ્વતંત્ર દેશની હસ્તી ને સંરક્ષણનો મુખ્ય આધાર તેના રાષ્ટ્રીય લશ્કર પર હોય છે. લશ્કર એ દેશની કરોડરજ્જુ ગણાય છે. આજ સુધી અંગ્રેજો, પ્રજા સમસ્તને લશ્કરી શિક્ષણના પરિચયથી તદ્દન અંધારામાં રાખી પોતાની સત્તાની મજબૂતી પૂરતા ઓછું ભણેલા સૈનિકો તૈયાર કરી પોતાની મુઠીમાં રાખતા; પણ હવે પરિસ્થિતિ પલટાઈ છે. લશ્કર ઊભું કરવાની જવાબદારી હવે આપણા પર આવી છે તે માટે દેશના લશ્કર વિષે પ્રજામાં-ખાસ કરીને યુવાનોમાં આત્મભાવ કેળવવા સાથે હવે લશ્કરી શિક્ષણ તરફ પણ રુચિ અને પ્રેમ પ્રકટવાં જરૂરી છે. અને માટે થોડા સમયમાં સરકાર તરફથી ફરજિયાત લશ્કરી શિક્ષણ અપાવાનો પણ સંભવ છે. તે માટે યુવકો તથા વિદ્યાર્થીઓને તેમના અભ્યાસકાળ દરમ્યાન જ લશ્કરી જીવનનો પરિચય તથા તાલીમ આપવાની યોજના થવી જોઈએ. તો જ આપણા દેશના સૈન્યને સતત ઉત્સાહી, રાષ્ટ્રીય બુદ્ધિવાળા, સુશિક્ષિત યુવાનો મળતા રહેશે, એટલું જ નહિ પણ સમસ્ત પ્રજાજીવનમાં પણ શિસ્ત ને પૌરુષનું તેજ પથરાશે. એ દૃષ્ટિથી, શાળાના શિક્ષણની સાથેસાથે લશ્કરી તાલીમ આપતી નાશિકની ભોંસલા લશ્કરી તાલીમ શાળા હિંદની એક અગત્યની ખોટ પૂરી પાડતી ઉપયોગી શાળા છે.

પંદર વર્ષ પર સૅન્ડહર્સ્ટ નામે એક હિંદી શિક્ષણશાસ્ત્રી ઈંગ્લંડની વૂલિચ અને ક્રૉયડનની બ્રિટિશ સર્વિસ તાલીમી કૉલેજોનાં સુખદ સંભારણા લઇ હિંદ પાછા ફર્યા હતા. તે ઉપરથી તેમણે અહીં પણ ભાવિ હિંદી સૈનિકો તૈયાર થઈ શકે એવી એક ખાસ કુમારશાળા ખોલવાનું વિચાર્યું, જેમાં વિદ્યાર્થીઓને ચાલુ શિક્ષણક્રમના વિષયોની સાથે લશ્કરી તાલીમ પણ મળે.

પણ આવા સાહસને સરકાર ટેકો આપશે કે કેમ એ વિશે એમને શંકા હતી, કારણ કે તે વખતના મુંબાઇના ગવર્નર સર ફ્રેડરિક સાઇક્સ સાથેના વાર્તાલાપમાં એમને કહેવામાં આવેલું કે લશ્કરી શાળાઓ શરૂ કરવાની જવાબદારી સરકારની છે, કોઈ અંગત વ્યક્તિઓની નહિ. છતાં આથી નાહિંમત ન થતાં એમણે તે વખતના હિંદી સૈન્યના કમાન્ડર-ઈન્-ચીફ સર ફિલિપ શેરવૂડ સાથે આ વિષય પર ચર્ચા કરી. ફીલ્ડમાર્શલે કહ્યું કે જો તમારી શાળા પરિણામે હિંદી લશ્કરને સારા માણસ પૂરા પાડીને સમૃદ્ધ કરે તેમ હોય તો અમારી બનતી સહાય અમે કરીશું. આમ, એ અધિકારી તરફથી અનુમોદન મળતાં, સૅન્ડહર્સ્ટે પ્રયત્ન શરૂ કર્યો; ને તેમની સહાયથી, હમણાં ગયે જ મહિને સ્વર્ગસ્થ થએલા ડૉ. મુંજેએ અશ્રાન્ત પરિશ્રમપૂર્વક રાજવીઓ તથા વેપારીવર્ગ પાસેથી ત્રણ લાખ રૂપિયા ભેગા કરી નાશિક જેવા ઐતિહાસિક સંબંધો ધરાવતા શહેરમાં જૂન ૧૯૩૭માં શાળા ખોલી.

આ શાળાની વિશેષતા એ છે કે મુંબાઈ યુનિવર્સિટીનું મૅટ્રિક સુધીનું બૌદ્ધિક શિક્ષણ આપવા સાથે ત્યાં શારીરિક અને લશ્કરી શિક્ષણ પણ યોજનાપૂર્વક અપાય છે. વિદ્યાર્થીઓને રાઇફલનો ઉપયોગ કરવાની તથા બંદુકબાજીની તાલીમ માટે ખરા કારતૂસ વાપરવા દેવાની બ્રિટિશ સરકારે પરવાનગી આપી હોય એવી આ પહેલી જ બિનસરકારી શાળા છે. એકી વખતે ૫ હજાર કારતૂસ વપરાય એ રીતે વર્ષમાં ૧ લાખ ઉપર કારતૂસ વાપરવાની આ શાળાને સરકાર તરફથી રજા છે. બંદુકબાજી સાથે ઘોડેસવારી પણ ત્યાં શીખવાય છે તથા તરવા માટે 'ગંગા તુલસી સ્વિમિંગ પૂલ' નામનો ૧૦૦×૫૦×૧૦ નો મોટો હોજ પણ છે.

નાશિકની ઠંડી, તાજગીભરી અને રોચક આબોહવામાં, સમુદ્રની સપાટીથી ૨૦૦૦ ફૂટ ઊંચાઈએ રમણીય વાતાવરણ ધરાવતા ૧૭૦ એકર જમીનના વિસ્તાર વચ્ચે આવેલી શાળા એક નાના છતાં સુઘડ મકાનમાં ચાલે છે. આ મકાન સાથે પાંચ બૅરેક જોડવામાં આવેલાં છે. શાળાની ચારે બાજુ શિવાજીનાં પરાક્રમોનું સ્મરણ કરાવતી સુંદર ટેકરીઓ છે તથા ૧ માઈલ દૂર મનોરમ અને પવિત્ર ગોદાવરી નદી વહે છે.

હિંદુ, ખ્રિસ્તી, યહૂદી તથા પારસી એવા વિવિધ ધર્મ ને જાતિના હિંદના જુદાજુદા પ્રાંતના ૧૦૯ જેટલા વિદ્યાર્થીઓ આજે ત્યાં શિક્ષણ લઇ રહ્યા છે. લશ્કરી શિક્ષણ ઉપર શાળાનો ખાસ ભાર હોવાથી રોજના ત્રણ કલાક ત્યાં લશ્કરી તાલીમ ફરજિયાત રાખવામાં આવી છે. સવારે છ વાગ્યે બ્યૂગલ વાગતાં જ વિદ્યાર્થીઓ તૈયાર થઇ પી. ટી. (ફિઝિકલ ટ્રેઈનિંગ-શારીરિક તાલીમ) તથા બંદુકના શિક્ષણ માટે કવાયત મેદાન પર હાજર થાય છે. સવારે આ શિક્ષણ લીધા પછી સાંજના ઘોડેસવારી તથા તરવાનું શિક્ષણ અપાય છે. લશ્કરી તાલીમમાં સમૂહ કવાયત, ધ્વજ સંકેત, સંગીનનો ઉપયોગ, સ્થિર તથા હાલતાંચાલતાં નિશાનો પર નિશાનબાજી, નકશાવાચન તથા વ્યૂહરચનાનો સમાવેશ થાય છે. તે સિવાય નદી તરી જવાની, ટેકરીઓ ચડવાની, લશ્કરી સંચાલનની અને ગેરીલા યુદ્ધની પણ તાલીમ અપાય છે. લશ્કરમાં જોડાવા ઈચ્છનાર માટે છ માસની ટૂંકી મુદતના અભ્યાસક્રમો પણ શાળા તરફથી યોજાય છે. શાળામાં તૈયાર થએલા કેટલાક વિદ્યાર્થીઓ આજે હિંદી લશ્કરમાં મેજર, કૅપ્ટન તથા લેફ્ટેનંટ જેવા મહત્ત્વના હોદ્દા પર છે જે બતાવે છે કે શાળાનું શિક્ષણ સર્વાંગીણ તથા ઊંચી યોગ્યતાવાળું છે.

હિંદ સ્વતંત્ર થતાં તેના પર આવેલી તેની વિશાળ સરહદોના રક્ષણની મહત્ત્વની જવાબદારી પાર પાડવા જુવાનોને લશ્કરમાં નેતાગીરી મળે તે રીતે તૈયાર કરવા પડશે. તે માટે યુવકો મોટા પ્રમાણમાં આવી શાળાઓમાં રસ લે તે ઈચ્છવા યોગ્ય છે.

ટૅન્ટેલમ—એક ઉપયોગી ધાતુ

પૃથ્વીમાં બહુ થોડા પ્રમાણમાં મળી આવતી આ ધાતુ તેના વિશિષ્ટ ગુણધર્મોને લીધે હમણાં અતિ ઉપયોગી નીવડી છે. બીજા વિશ્વયુદ્ધ વખતે દુશ્મનોનાં શસ્ત્રાસ્ત્રોની ભાળ આપતા રડારની બનાવટમાં અને યુદ્ધક્ષેત્રમાં ઘવાએલા સૈનિકોને સાજા કરવા તથા જીવતા રાખવા માટે તેનો ઉપયોગ અદ્વિતીય લેખાયો હતો.

વિશ્વની બધી વસ્તુઓ જે ૯૨ મૂળ તત્ત્વોની બનેલી છે તેમાં ટૅન્ટેલમ ૭૩ મું મૂળ તત્ત્વ છે. સફેદ–આસમાની રંગની આ ધાતુ સખત છતાં વાળી શકાય એવી, અને વજનમાં લોખંડ કરતાં બમણી ભારે હોય છે. આજથી દોઢસો વર્ષ પહેલાં તેનું નામ આપનાર સ્વીડિશ વૈજ્ઞાનિકે તેને છૂટી પાડીને ઉદ્યોગમાં લેવાના પ્રયત્નો કરેલા, પણ નિષ્ફળતા મળેલી. ઈ સ. ૧૯૦૫માં તેનો ઉપયોગ વીજળીના દીવામાં આવતી ફિલામેન્ટ તરીકે થવા માંડયો અને ઈ. ૧૯૨૨માં ઉદ્યોગના ક્ષેત્રોમાં પણ તેનો વપરાશ થવા માંડયો.

ટૅન્ટેલમ વિરલ ધાતુ છે કેમકે જે ટૅન્ટેલાઈટમાંથી તે શોધાય છે તે રેડિયમ આપતા પીચબ્લૅન્ડ કરતાં પણ મેળવવું મુશ્કેલ છે. શ્યામરંગી એ ટૅન્ટેલાઈટ પશ્ચિમ ઑસ્ટ્રેલિયામાં વિપુલતાથી તથા થોડું યુગાન્ડા, બ્રાઝિલ ને નૈઋત્ય આફ્રિકામાંથી પણ મળી આવે છે.

ટૅન્ટેલમ અત્યંત સખત, વળે એવી અને તેજાબોથી ના કટાય એવા વિરલ ગુણધર્મોવાળી ધાતુ છે. તે એટલી તો મજબૂત છે કે

તેમાંથી માથાના વાળ કરતાં પણ બારીક તાર ખેંચી શકાય છે, ને તેને ટીપીને વરખ જેવાં પાતળાં પતરાં બનાવી શકાય છે. એ બંને વસ્તુઓ ઘવાએલા સૈનિકોને સાજા કરવા માટે અને અંગ ખોએલાઓને રૂપાળા બનાવવા માટે વપરાય છે. તેનાં પતરાંમાંથી કૃત્રિમ નાક અને પેટની દીવાલ બનાવવામાં આવે છે; અને તેના તાર કપાએલા જ્ઞાનતંતુઓના છેડા સાંધવા માટે વાપરવામાં આવે છે.

આપણા દેહના સ્નાયુઓ, માંસપેશીઓ ને રસસ્રોતો બહારના કોઈ પણ પદાર્થ સાથે ભળતાં નથી. બહારના કોઈપણ પદાર્થનો નાનો સરખો કણ પણ તે ફેંકીને બહાર કાઢી નાખે છે. પણ ફક્ત આ ધાતુ સાથે સ્નાયુઓ એવાં તો જોડાઇ જાય છે કે જાણે કે ખુદ બીજા સ્નાયુ સાથે જ સંધાઇ ગયાં ના હોય! આથી શરીરશાસ્ત્ર-વિશારદોએ ટૅન્ટૅલમને વાઢકાપની ક્રિયા માટે 'સંપૂર્ણ ધાતુ' (Perfect Surgical Metal) લેખી છે. અગાઉ અશક્ય ગણાતાં કેટલાંક રી-કન્સ્ટ્રક્ટિવ ઑપરેશનો હવે શક્ય બન્યાં છે. ઘવાએલા સૈનિકો, નાવિકો ને હવામાં લડનારા સેનાનીઓનાં શરીર તેનાથી સાજાં ને અણીશુદ્ધ થઇ શક્યાં છે ને સેંકડોને મરણની ચાંટીમાંથી ઉગારી શકાયા છે.

ટૅન્ટેલમ અર્વાચીન યુગની વિરલ છતાં અત્યંત માનવોપયોગી ધાતુ લેખાય છે.

— ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

રામનવમી

હિંદુ ધર્મના હાડેહાડમાં બે વિભૂતિઓ વ્યાપી ગઈ છે: રામ અને કૃષ્ણ. એ બન્નેની ઉપાસનાથી હિંદુ ધર્મ જેટલો રંગાયો છે તેટલો બીજા કશાથી રંગાયો નથી. દુષ્ટોનો—રાક્ષસોનો—અસત્ય ને અનાચારનો નાશ કરી, અધર્મને સ્થાને ધર્મની પ્રતિષ્ઠા કરી સમસ્ત માનવજાત માટે ઉચ્ચ જીવનના અચલ આદર્શો નિર્માણ કરનાર એ બંને, માનવ જીવનના આદર્શ તરીકે, પૂર્ણ પુરુષોત્તમ રૂપે ઇશ્વરના જ પ્રત્યક્ષ અવતારો મનાયા છે. આવી યુગદ્રષ્ટા વિભૂતિઓનો જન્મોત્સવ લોકો કૃતજ્ઞતાપૂર્વક તથા ધામધૂમથી ઊજવે તેમાં શું આશ્ચર્ય? આથી ભગવાન રામચંદ્રનો જન્મદિન 'રામનવમી' અને ભગવાન શ્રીકૃષ્ણનો જન્મદિન 'જન્માષ્ટમી' આ દેશમાં આ-સેતુ હિમાચલ પર્યંત રાષ્ટ્રવ્યાપી ધાર્મિક ઉત્સવનું મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

કથામાં વર્ણવ્યા પ્રમાણે રામજન્મ પહેલાંની સ્થિતિ કેવી ત્રાસદાયક હતી! અસુરો ઉન્મત્ત બન્યા હતા. તેમના ગર્વિષ્ઠ રાજા રાવણના જુલમ અને જોહુકમી હેઠળ કુદરતી શક્તિઓ અને દેવો જ નહિ પણ નવ ગ્રહો સુદ્ધાં તેના કિંકર થઈ રહ્યા હતા. પોતાના બેટમાં રહ્યોરહ્યો એ આખી પૃથ્વીને કંપાવી રહ્યો હતો. ત્રાસી ગએલી પૃથ્વી ત્રાહિત્રાહિ પોકારતી સર્જનહાર પાસે ગઈ. સર્જનહારે તેને આશ્વાસન આપીને જાતે રાવણના નાશ માટે અવતાર લેવાની ખાત્રી આપી. પૃથ્વીએ ઉત્સુકતાથી પૂછ્યું કે એ અવતાર થયો ક્યારે સમજવો? સર્જનહાર કહે, 'જ્યારે પ્રજામાં શ્રદ્ધા જાગે, લોકોમાં સદાચાર ને ચારિત્ર્યની ઉપાસના થાય, જ્યારે ત્યાગ અને પ્રેમ લોકોમાં પ્રગટ થાય ત્યારે ઈશ્વરનો અવતાર થયો છે એમ માનવું.'

ધર્માત્મા દશરથે તપશ્ચર્યા આદરી. પુત્રકામેષ્ટિ યજ્ઞ કર્યો. યજ્ઞપુરુષે પાયસરૂપ ચૈતન્ય તેને આપ્યું. દુનિયા રાહ જોવા લાગી. સંજોગો અનુકૂળ થયા. પાપની ઘડી પૂરી થઈ. પુણ્યનો ઉદય થયો ને આખરે રામજન્મ થયો. તે દિવસે પ્રજાએ મનઃપૂર્વક આનંદ કર્યો. હજુ રાવણ હણાયો નહોતો તોપણ પ્રજાએ ઉત્સવ કર્યો, કારણ સર્વ દુઃખ નિવારનાર ભગવાન રામચંદ્રનો જન્મ થઇ ચૂક્યો હતો. જેમ ખેડૂત આકાશના મેઘમાં સોળે આના પાક જોઇ લે તેમ પ્રજાએ મેઘશ્યામ રામચંદ્રમાં સ્વાતંત્ર્ય દેખ્યું, ધર્મરાજ્ય જોયું. તે દિવસથી માંડીને આટલો કાળ પ્રજાએ ચૈત્રી શુક્લ નવમીએ ઓચ્છવ કર્યો છે, કેમકે તે દિવસે માણસમાં સત્ય પરની, ધર્મ પરની શ્રદ્ધા જાગી.

આ ઉત્સવનો વિધિ હિંદમાં દરેક ઠેકાણે લગભગ એકસરખો જ છે. ચૈત્ર સુદ નોમને દિવસે રામચંદ્રજીની કથા—રામાયણ—નું વાચન કે કીર્તન થાય છે, પણ તે એવીરીતે કે રામનો જન્મ થયાના પ્રસંગનું વર્ણન બરાબર મધ્યાહ્ને ૧૨ વાગ્યે આવે. એ વખતે રામનો જન્મ કરીને રામની મૂર્તિની પૂજા થાય છે તથા આનંદપ્રદર્શન તરીકે ગુલાલ ઉડાડવામાં આવે છે અને રામચન્દ્રજીના જયજયકારથી વાતાવરણ ગાજી ઊઠે છે. ધાર્મિક લોકો તે દિવસે આખો દિવસ ઉપવાસ કરે છે અને બીજે દિવસે મિષ્ટાન્ન ભોજન કરે છે કેટલાક તો રામજન્મોત્સવ ઉજવાયા પછી ૧૨ વાગ્યા બાદ મિષ્ટાન્નનું ભોજન કરે છે. હોમ, પ્રતિમાદાન આદિ વિધિ શાસ્ત્રમાં કહેલા છે, પણ તે ખાસ ક્યાંયે પળાતા નથી. રામના અને વિષ્ણુના મંદિરમાં આ ઉત્સવ ખૂબ ધામધૂમથી ઉજવાય છે. ત્યાં પડવાથી નવમી સુધી રામાયણનું વાચન, કીર્તન તથા ભજન ચાલે છે અને નવમીને દિવસે પાલખીનો ભવ્ય વરઘોડો નીકળે છે. અયોધ્યા, તિરૂપતિ રામેશ્વર વગેરે ઠેકાણે તો આ ઉત્સવ તથા વરઘોડો ખાસ જોવા જેવો હોય છે ને દૂરદૂરથી ભાવિક લોકો તેના દર્શન માટે ભેગા થાય છે.

પણ રામનવમી એ કેવળ રામજન્મની વધામણીનો જ તહેવાર નથી,—ન રહેવો જોઇએ. રામજન્મ આજથી ૪૫૦૦ વર્ષ પહેલાં થયો તેમાં આપણે શું? એમ તો, એક માન્યતા પ્રમાણે, રામના જન્મને કશો ઐતિહાસિક આધાર ન હોતાં તે માત્ર કલ્પનાકથા જ છે. પણ રામજન્મના આ ઉત્સવનો અર્થ એટલો સંકુચિત નથી. રામનવમી એટલે ચારિત્ર્યનો ઉત્સવ, સદાચારનો ઉત્સવ, સાધનાનો ઉત્સવ. આપણા હૃદયમાં જ્યારે 'રામ'નો—સત્ત્વનો જન્મ થશે ત્યારે જ આપણે ધન્ય થવાના. રામનવમીને દિવસે ઈતર વિધિની સાથે માનવીને જીવનધર્મ પ્રબોધતા ગ્રંથ રામાયણનું પારાયણ ઘેરઘેર કરવાનો આશય પાછળ પુણ્ય પ્રાપ્ત કરવાની સ્થૂલ લાલસા નહિ પણ તેમાં પ્રબોધેલા આદર્શો આપણામાં ઉતારવાની આકાંક્ષા હોવી જોઈએ. માનવજીવનને માર્ગદર્શક અનેક સદ્‌ગુણોનાં રત્નો રામાયણમાં પડેલાં છે. રામચંદ્રજીનું નીતિશુદ્ધ ઉદાર ચરિત્ર, તેમની પિતૃભક્તિ, તેમનો ભ્રાતૃપ્રેમ, ટેકીલો સ્વભાવ, ન્યાયપરાયણતા, એકપત્નીવ્રત આદિ સાત્ત્વિક ગુણો અને ભગવતી સીતાનું તેજસ્વી વિશુદ્ધ આચરણ, લક્ષ્મણનો ઉત્કટ ભ્રાતૃપ્રેમ, વાનરમાંથી આર્ય બનેલા હનુમાનની સ્વામીભક્તિ ને બ્રહ્મચર્ય—આ બધા ગુણોને પોતાનાં કરવાનો સંકલ્પ જો તે દિવસે કરીએ તો જ રામનવમીનો તહેવાર સાર્થ થયો ગણાય. સર્જનહારે રામજન્મ પહેલાં પૃથ્વીને પ્રબોધ્યા પ્રમાણે 'આપણામાં આત્મશ્રદ્ધા જાગે, સદાચાર અને ચારિત્ર્યની ઉપાસના થાય અને ત્યાગ તથા પ્રેમ પ્રકટ થાય' તો જ આપણામાં 'રામ'નો—સત્ત્વનો જન્મ થવાનો છે અને તો જ આ સ્વતંત્ર જીવન ઉજ્જ્વળ અને ઉન્નત થવાનું છે.

માસમાસના તહેવારો—૪

સપ્તર્ષિ અને ધ્રુવ

[આકાશના તારાઓ ઓળખવાની તથા તેમનું રહસ્ય જાણવાની જિજ્ઞાસા કોનામાં ઉદ્‌ભવી નહિ હોય? પણ યોગ્ય માર્ગદર્શનને અભાવે ઘણાને તે હોંસ છોડી દેવી પડી હશે. નિર્દોષ આનંદ આપતી આ હોંસ પૂર્ણ કરવાના તથા ખગોળ-વિજ્ઞાનમાં સંશોધન કરવાના હેતુથી આણંદમાં એક 'તારક-મંડળ'ની સ્થાપના કરવામાં આવી છે, જે હિંદભરમાં આ જાતનું પહેલું જ મંડળ છે. ગુજરાતના ખગોળ-વિજ્ઞાનના અગ્રગણ્ય વિદ્વાનો દ્વારા સંચાલિત આ મંડળ તરફથી ઉપરના હેતુઓ પાર પાડવા પુસ્તકો, તારા-નકશા આદિ પ્રસિદ્ધ કરવા સાથે 'આકાશગંગા' નામનું ખગોળ વિષયનું એક અભ્યાસયુક્ત ને સચિત્ર માસિક પણ પ્રગટ કરવામાં આવે છે–જેમાંથી ઉપરનો લેખ ટૂંકાવીને ઉતાર્યો છે. આ મંડળના સભ્ય થનારને તે ઉપયોગી માસિક તથા મંડળનાં વર્ષ દરમ્યાનનાં સર્વ પ્રકાશનો વિના લવાજમે મળવા ઉપરાંત વિદ્વાનોદ્વારા વ્યક્તિગત માર્ગદર્શન પણ મળે છે.]

સપ્તર્ષિ મંડળ ઘણું જૂનું અને પ્રખ્યાત તારકમંડળ છે. તેને ઓળખવું ખૂબ સહેલું છે એપ્રિલ મહિનાની રાતોમાં ઇશાન તરફ નજર કરશો તો લગભગ એકસરખા તેજસ્વી સાત તારા જણાશે. તે પૈકી ચારનો ચોકડી જેવો આકાર બને છે. બાકીના ત્રણ તારા એ ચોકડી રૂપી પતંગને વળગાડેલી લાંબી પૂંછડી જેવા લાગશે.

સપ્તર્ષિને આમજનતા માછલીના નામથી ઓળખે છે. સપ્તર્ષિનાં બીજાં નામ ઋક્ષ અને શિખંડી છે. ઋક્ષનો અર્થ રીંછ અથવા ઋષિ થાય છે. પશ્ચિમના લોકો સપ્તર્ષિને 'ગુરુ ઋક્ષ' યા મોટું રીંછ Great Bear કહે છે. સપ્તર્ષિની છબિઓ જોતાં, જુદીજુદી સ્થિતિઓમાં એના પતંગ, માછલી, મંદિર પર ફરકતી ધજા, હળ, મોર અને સૂંઢ ઊંચી કરેલા હાથી જેવા આકારો સહેજે કલ્પી શકાય એમ છે.


સપ્તર્ષિના બધા તારા પૈકી છ તારા ચળકતા છે અને એક ઓછો ચળકતો છે. આ ઝાંખો તારો, સપ્તર્ષિના તારાઓને બંને બાજુથી ગણતાં બરાબર વચ્ચે આવે છે. એનું નામ છે અત્રિ. ચિત્રમાં બતાવ્યા પ્રમાણે સાતે તારાઓનાં શરૂથી નામ આ પ્રમાણે છે: ક્રતુ, પુલહ, પુલસ્ત્ય, અત્રિ, અંગિરા, વસિષ્ઠ અને મરીચિ. પુલહ અને ક્રતુને જોડતી સીધી લીટી દોરીશું તો એ (પૃથ્વી તરફ લંબાવતાં) એક પ્રકાશિત તારા સુધી પહોંચતી જણાશે. એ તારો તે ધ્રુવનો તારો. ધ્રુવ-તારો બરાબર ઉત્તર દિશામાં છે. ધ્રુવતારાની આજુબાજુ ધ્યાનપૂર્વક જોશો તો સપ્તર્ષિ જેવો આકાર બનાવતું એક ઝાંખુ તારક-મંડળ નજરે પડશે. એનું નામ છે ધ્રુવમત્સ્ય યા લઘુ ઋક્ષ–Liltte Bear.


ઉત્તર બાજુ તારાઓનું નિરક્ષણ કરતાં માલૂમ પડશે કે એ બધા તારા ધ્રુવતારાને કેન્દ્રમાં રાખી એની ચારે બાજુ ફરતા દેખાય છે. અને આ કારણે ધ્રુવને અચળ માનવામાં આવ્યો છે. પણ વાસ્તવમાં એમ નથી. ધ્રુવ પણ સરકતો તારો છે. નરી આંખે આ વસ્તુ જોઇ શકાતી નથી એટલે આપણે ધ્રુવતારાને સ્થિર માનીએ છીએ.

સપ્તર્ષિના વસિષ્ઠની તદ્દન નજીકમાં એક તારો જણાશે. એનું નામ છે અરુંધતી. જૂના કાળથી આ જાણીતો તારો છે. હિંદુઓમાં લગ્ન સમયે વસિષ્ઠ અને અરુંધતીનાં દર્શન કરવાનો રિવાજ હજી યે ચાલુ છે. અરબ લોકોએ અરુંધતી–દર્શનને ખૂબ મહત્ત્વ આપ્યું છે. જૂના સમયના અરબી લોકો, આંખના તેજની પરીક્ષા કરવા માટે અરુંધતી-દર્શનની કસોટી યોજતા હતા. આંખનું તેજ સારું હોય એને જ અરુંધતી નરી આંખે દેખાય છે. વસિષ્ઠ અને અરુંધતી જોડીઆ તારા લાગે છે, પણ ખરીરીતે એ બંને એકબીજાથી ઘણા દૂર છે.

સપ્તર્ષિનું ખાસ આકર્ષણ એની ચોકડીવાળો આકાશી વિભાગ છે. નરી આંખે એ સ્થાનમાં ૧૨ જેટલા ઝાંખા તારા સહેજે જોઈ શકાય છે. પણ આજના મોટા દૂરબીન વડે જોતાં એ વિભાગમાં લગભગ ૧૫૦,૦૦૦ તારા હોવાનું જણાયું છે!

દેખીતીરીતે એકલો જણાતો ધ્રુવતારો ત્રણ તારા મળીને બનેલો છે અને આપણાથી ૪૦૭ પ્રકાશ વર્ષ દૂર આવેલો છે. એનું તેજ સૂર્ય કરતાં ૨,૫૦૦ ગણું છે. ધ્રુવતારો બરાબર પૃથ્વીના ધ્રુવબિંદુની ઉપર આવેલો છે. આનો ફાયદો એ કે કોઇ પણ સ્થળે, તે સ્થળની જમીન સપાટી સાથે ધ્રુવતારો કેટલા અંશનો ખૂણો કરે છે એ શોધી કાઢવાથી તે સ્થળના અક્ષાંશ મળી આવે છે.(આકાશગંગા) —છોટુભાઈ સુથાર





૭૫૨: સપ્તર્ષિના સાત તારાઓનાં નામ, અરુંધતીનો તારો તથા ધ્રુવમત્સ્યનું તારકમંડળ અને સપ્તર્ષિના પહેલા બે તારાઓની મદદથી ધ્રુવનો તારો શોધનારી લીટી પણ દોરીને બતાવી છે. જમણી બાજુ: આકાશમાં સપ્તર્ષિની વિવિધ આકર્ષક સ્થિતિઓ. (બ્લૉક: 'આકાશગંગા'ના સૌજન્યથી)

ચાલુ તવારીખ : માર્ચ

તા.૧ પાકિસ્તાનને એક પરદેશી રાજ્ય ગણી તેને જકાત વગેરે બધી બાબતો લાગુ પાડવાનો હિંદ સરકારનો નિર્ણય.

તા. ૩ હિન્દુ મહાસભાના અગ્રણી તથા નાસિકની ભોંસલે લશ્કરી શાળાના સ્થાપક ડૉ.બી.એસ. મુંજેનું ૭૬ વર્ષની વયે અવસાન.

તા. ૧૦ ચેકોસ્લોવાકિયાના તારણહાર ટોમસ મસારિકના પુત્ર તથા ત્યાંની સરકારના વિદેશમંત્રી ડૉ. જ્હોન મસારિકે આપઘાત કર્યો.

તા. ૧૨ ઇ. ૧૮૬૬માં બર્મા જીતીને અંગ્રેજોએ હિંદમાં આણેલું ત્યાંના રાજા થીબૉ નું સિંહાસન હિંદે બ્રહ્મદેશને પાછું સોંપ્યું.

તા.૧૩ હિંદી યુવાનોને લશ્કરી તાલીમ આપવા રાષ્ટ્રીય કૅડેટ કૉર્પ્સ રચવાની જાહેરાત.

તા.૧૪ હિંદના કારીગરોને હાથે બનેલું ૮૦૦૦ ટનનું પ્રથમ જહાજ 'જળ-ઉષા' જવાહરલાલને હાથે વિઝગાપટ્ટમમાં તરતું મુકાયું.

તા.૧૫ મૅટ્રિકની પરીક્ષામાં ૪૩.૫૫૮ વિદ્યાર્થીઓ બેઠા. ◖ ગાંધીજીના અનુયાયીઓનું સંગઠન કરી તેમનું રચનાત્મક કાર્ય આગળ ધપાવવા 'સર્વોદય સમાજ' સંસ્થા સ્થપાઈ.

તા. ૧૭ પશ્ચિમ યુરોપના પાંચ દેશો:(બેલ્જીયમ, લકઝેમ્બર્ગ. નેધર્લૅન્ડ, ફ્રાન્સ અને બ્રિટન)એ આર્થિક સહકાર તેમજ લશ્કરી મદદ માટે ૫૦ વર્ષના કરારો કર્યા.

◖ માધ્યમિક શાળાના પહેલા ધોરણમાંથી અંગ્રેજી નાબૂદ કરવાનો મુંબાઇ સરકારનો નિર્ણય.

તા. ૨૦ કૉંગ્રેસથી છૂટા પડી અલગ વિરોધ પક્ષ સ્થાપવાનો સમાજવાદી પક્ષનો નિર્ણય.

તા. ૨૨ દીવાન ચમણલાલની તુર્કસ્તાન ખાતે હિંદી એલચી તરીકે નિમણૂક.

તા. ૨૬ ગોધરામાં ભયંકર રમખાણ. સેંકડો ઘરો બળી ગયાં. હજારોની હિજરત.

તા. ૨૮ બલુચિસ્તાનનું કલાત રાજ્ય પાકિસ્તાન સાથે જોડાયું ◖ ચીન ખાતેના હિંદી એલચી તરીકે સરદાર કે.એન. પાનીકર નિમાયા.

આ માસ (એપ્રિલ) ઈતિહાસમાં

તા. ૧ કાપડ ઉદ્યોગ માટે જગપ્ર્યાત ઈંગ્લંડના માન્ચેસ્ટર શહેરની સ્થાપના, ૧૮૫૩.
તા. ૬ રોલેટ કાયદા સામે ગાંધીજીએ હિંદમાં પહેલી દેશવ્યાપી હડતાળ પડાવી, ૧૯૧૯.
તા. ૮ 'નિદ્રિત દેશને જાગ્રત કરવા' ભગતસિંહે વડી ધારાસભામાં બૉંબ ફેંક્યો, ૧૯૨૯.
તા. ૧૪ એડિસને પહેલા સીનેમાની પોતાની શોધ ન્યૂ યોર્ક શહેરમાં બતાવી, ૧૮૯૪.
તા.૧૮ ચિતાગૉંગના શસ્ત્રાગાર પર બંગાળના ક્રાંતિકારીઓની હિંમતભરી સફળ ધાડ,૧૯૩૦.
તા. ૨૫ પેશાવરમાં ગઢવાલી પલટણે સત્યાગ્રહીઓ પર ગોળી છોડવાની ના પાડી,૧૯૩૦
તા. ૨૬ વિશ્વખ્યાત પ્રતિભાશાળી હિંદી ગણિતશાસ્ત્રી શ્રીનિવાસ રામાનુજમનું મૃત્યુ,૧૯૨૦
તા. ૨૮ ઇટાલીના સરમુખત્યાર મુસૉલિનીનું ઇટાલીઅનોને જ હાથે કરપીણ મૃત્યુ ૧૯૪૫.
તા. ૩૦ સ્વતંત્ર અમેરિકાના પ્રથમ રાષ્ટ્રપ્રમુખ તરીકે જ્યૉર્જ વૉશિંગ્ટનની નિમણૂક,૧૭૮૯.

આ માસની વ્યક્તિ-વિશેષ : **શિવાજી**



નિઝામશાહી, આદિલશાહી અને મુગલશાહી એવી ત્રણ સત્તાઓ સામે ટક્કર ઝીલીને વર્ધિષ્ણુ મરાઠી સામ્રાજ્યનો પાયો નાખનાર, તથા ભારતીય સંસ્કૃતિ પરના વિનાશકારી ઇસ્લામી આક્રમણ સામે અસામાન્ય પરાક્રમ ને નીડર મુત્સદ્દીગીરીથી હિંદુપદ-પાદશાહીનો ઝંડો રોપી પ્રજાને સ્વતંત્રતાના સ્વાતંત્ર્યનો પહેલો આસ્વાદ કરાવનાર આ નરવીરનો જન્મ ઇ.૧૬૨૭ની ૧૬મી એપ્રિલે (સંવત ૧૬૮૩ના વૈશાખ સુદ ૫મે) થએલો. મુસલમાન બાદશાહોના જુલમથી કંટાળીને મેવાડના શિશોદિયા મહારાણા દેવરાજજી, 'ભોંસલે' નામ ધારણ કરી દક્ષિણમાં આવી વસેલા. તેમની ૧૮મી પેઢીએ શિવાજીના પિતા શહાજીનો જન્મ થએલો. તેમના પત્ની જીજાબાઇએ લડાઈની નાસભાગમાં શિવનેરી કિલ્લા પર શિવાજીને જન્મ આપેલો.

ધર્મનિષ્ઠ તથા તેજસ્વી માતા પાસેથી ગળથૂથીમાંથી જ પરાક્રમ અને ચારિત્ર્યના ઉચ્ચ સંસ્કારો ઝીલનાર તે બાળક શાહજીની પૂના નજીકની જાગીરમાં દાદાજી કોંડદેવ નામના તેજસ્વી તથા કાર્યદક્ષ બ્રાહ્મણની દેખરેખ નીચે વીરોચિત સર્વાંગીણ શિક્ષણ પામ્યો. યવનોના ત્રાસ હેઠળ પીડાતા દેશને મુક્ત કરવાના ઉદ્દેશથી શિવાજીએ પ્રામાણિક અને કસાએલા એવા આસપાસના માવળા લોકોને પ્રેમથી વશ કરી તેમની એક સેના ઊભી કરીને ૧૬ વર્ષની વયે તોરણા નામનો કિલ્લો જીતી લઇ સ્વરાજ્યનું તોરણ બાંધ્યું. ત્યાર પછી એક પછી એક કિલ્લા નિર્ભય રીતે તેમને કબજે કરતા જોઇ આદિલશાહે અફઝલખાન આદિ ઘણા સરદારોને મોટા લશ્કરો સાથે તેમને હરાવવા મોકલ્યા. પણ શિવાજીની ગોરિલા પદ્ધતિની વ્યૂહરચના આગળ બધા જ હારીને પાછા જતા.

તાનાજી આદિ અનેક એકનિષ્ઠ સરદારોની સહાયથી શિવાજીએ મુગલોનો પણ પ્રદેશ કબજે કરવા માંડતાં મુગલોએ ૭૭ હજારના સૈન્ય સાથે શાહિસ્તખાનને તેમની સામે મોકલ્યો. પણ તેય હારીને પાછો જતાં ઔરંગઝેબે જયસિંહ અને દિલેરખાનને વિશાળ રજપૂત સેના સાથે મોકલ્યા. તેમની સાથે યુદ્ધ કરવાથી બંને બાજુ હિંદુઓનો જ વિનાશ થશે એ વિચારે શિવાજીએ જયસિંહ સાથે સંધિ કરીને પોતાના ૩૫ પૈકી ૨૨ કિલ્લાઓ તેને સોંપ્યા અને પોતે ઔરંગઝેબને મળવા દિલ્હી ગયા. પરંતુ ત્યાં વચનભંગ કરી ઔરંગઝેબે તેમને કેદ પકડયા. પણ મિઠાઇના ટોપલામાં છુપાઇ ત્યાંથી તે છટકયા.

પાછા આવીને, ગુમાવેલા બધા કિલ્લા જીતી લઈ રાયગઢ મુકામે તેમણે વિધિસર પોતાનો રાજ્યાભિષેક કર્યો. ત્યાર બાદ ૪ વર્ષ સુધી યવનોની ચડાઇઓ સામે પોતે રોપેલો સ્વરાજ્યનો ઝંડો અચળ રાખી આ જગતશ્રેષ્ઠ સેનાનાયક તથા ચારિત્ર્યશીલ મહાપુરુષ ૧૬૮૦ના એપ્રિલની ૮મીએ ઘૂંટણમાં ગાંઠ થઈ તાવ આવવાથી મૃત્યુ પામ્યા.

આબ્રાહમ લિંકનનું ખૂન (આ માસનો પ્રસંગ-વિશેષ): ઈ. ૧૮૬૦માં પ્રમુખપદે ચુંટાઇ આવતાં જ આબ્રાહમ લિંકને અમેરિકાને કલંકરૂપ એવી ગુલામીની અમાનુષ પ્રથા એક જ ધડાકે નાબૂદ કરવાથી મબલખ ગુલામ સેવકો ધરાવતાં દક્ષિણનાં રાજ્યોમાં રોષ ફાટી નીકળ્યો અને તેમણે અમેરિકાના સંઘમાંથી નીકળી જઈ પોતાનું સ્વતંત્ર કૉન્ફીડરેશન રચ્યું. દેશનું અખંડપણું જાળવવા લિંકને તેમની સામે યુદ્ધ જાહેર કરી ૪ વર્ષની સતત જહેમત બાદ ઇ. ૧૮૬૫ની ૯મી એપ્રિલે તેમને હરાવી ગુલામીની કાળી પ્રથા નાબૂદ કરવાની કલમ તેમની પાસે માન્ય કરાવી. દેશ આખો આનંદથી કિલ્લોલી ઊઠયો. જનસમસ્તના એ આનંદમાં સહભાગી થવા ૧૪મી એપ્રિલની રાત્રે નાટયગૃહમાં સકુટુમ્બ નાટક જોવા તે મહાપુરુષ ગયો હતો ત્યારે લિંકનની નીતિથી ક્રુદ્ધ બનેલા વિલ્કિસ બૂથ નામના દક્ષિણના તરફના એક યુવાને બૉક્સનો પાછલો દરવાજો ઉઘાડી રાતના ૧૦॥ વાગ્યે પાછળની બાજુથી લિંકન પર ગોળીઓ છોડી અને માનવતાને લાગેલું ગુલામીનું કલંક ધોવા આમ પોતાનું પવિત્ર લોહી વહાવનાર માનવતાનો એ મહારથી બીજા દિવસે સવારે ૭-૨૫ વાગ્યે મૃત્યુ પામ્યો.

વિના વિપુલ ભક્તિયોગ વરવસ્તુ ના રીઝતી,
વિના ધગશ ધ્યેયસિદ્ધિ સપને ય ના સીઝતી.

—પૂજાલાલ

કાંગડી ગુરુકુળમાં એકાએક આગ લાગતાં મોટી હોહા મચી રહી. પાસે કૂવો અને રેંટ હોવા છતાં બળદને અભાવે સૌ મુંઝાતા હતા. કોઈને કંઈ સૂઝતું નહોતું. એક ખૂણે ઊભેલા એક દૂબળાપાતળા માણસે આ જોયું. દોડીને તે રેંટમાં બળદને સ્થાને જોડાઈ ગયો અને ઝપાટાબંધ રેંટ ચાલુ કર્યો. જોતજોતાંમાં આગ બુઝાઈ ગઇ. બળદને સ્થાને જોડાનાર તે વ્યક્તિ ગુજરાતનું તેજસ્વી રત્ન ભિક્ષુ અખંડાનંદ.

કહેવતોની કથા: 'અકર્મીનો પડિયો કાણો'—આફતોથી ઘેરાએલો દુર્ભાગી મનુષ્ય ગમે તેટલી કાળજી રાખવા છતાં વધુ આપત્તિઓનો શિકાર બને છે, એવી માન્યતા દર્શાવતી આ કહેવત પાછળ એવી વાત છે કે અમુક એક ઠેકાણે સર્વેને મફત દૂધ અપાય છે એવા ખબર સાંભળીને એક ભૂખ્યો અભાગી ઘરમાંથી એક પડિયો લઇ વહેલો-વહેલો ત્યાં ગયો. દૂધ તો તેમાં લીધું, પણ પડિયો કાણો નીકળવાથી બધું ઢળી ગયું અને છેવટે તે ભૂખ્યો ને ભૂખ્યો જ રહ્યો. આ અર્થની બીજી કહેવતો: 'દુખતી આંખે ઝેકો વાગે'; 'મરતાંને સૌ મારે'; નબળી વાડે છીંડાં ઘણાં'; દુખતે દેસ ને દુબળે વેઠ'; 'દુકાળમાં અધિક માસ' 'દાઝ્યા પર ડામ.'


અનેકાર્થી શબ્દ **હેડ:** ગુનેગારનો પગ જકડાવી રાખવાનું કોરેલું મોટું ભારે લાકડું; સગર્ભા સ્ત્રીને દરેક વખતે થતી અમુક પીડા: જેમકે ઊલટીની હેડ; તોફાની ગાય ભેંસના પગ વચ્ચે રહે એમ બંધાતું લાંબુ લાકડું કે ડેરો; વેચવાના બળદનો કાફલો; જેલ કે કેદ:

તારાઓની ઉષ્ણતા તેના રંગો પરથી નક્કી થાય છે. લાલ રંગના તારા કરતાં વાદળી ને ધોળા રંગના તારા વધુ ગરમ હોય છે.

દુનિયાની સર્વ શક્તિઓ (Energy)નું મૂળ સૂર્ય છે. આપણને જોઈએ તે કરતાં વીસ હજાર ગણી શક્તિ તે આપે છે. ૨૮૦૦ મણ કોલસામાં જેટલી શક્તિ રહેલી છે તેટલી માત્ર એક જ દિવસમાં એક ચોરસ માઈલ પ્રદેશમાં સૂર્યને કારણે ઉત્પન્ન થાય છે.


'કુમાર'ના માર્ચ અંકના છેલ્લા પાના પર છપાએલું શ્રી બંસીલાલ વર્માનું 'ગાંધીજીના નામાક્ષરોમાં રચાએલી એમની મુખાકૃતિ'નું ચિત્ર 'ભારતી'ના સૌજન્યથી છપાએલું હતું.

ગણિતગમ્મત: કોઈપણ ત્રણ સંખ્યા લો. તેમાંની બીજીમાંથી પહેલી અને ત્રીજીમાંથી બીજી સંખ્યા બાદ કરો. પછી બીજી બાદબાકીના પરિણામમાંથી પહેલી બાદબાકીનું પરિણામ બાદ કરો. એમ કરતાં જે પરિણામ આવે તે પહેલાં લીધેલી ત્રણ સંખ્યાના સરવાળામાંથી બાદ કરો; જે આવે તેને ત્રણ વડે ભાગવાથી આપણે શરૂઆતમાં લીધેલી ત્રણ સંખ્યા પૈકી વચલી જ સંખ્યા આવી રહેશે. દા. ત. ૨૫, ૩૦, ૩૭ એ ત્રણ સંખ્યા છે. હવે ૩૦−૨૫=૫. ૩૭−૩૦=૭. ૭−૫=૨. ૨૫+૩૦+૩૭=૯૨. ૯૨−૨=૯૦. ૯૦÷૩=૩૦. (વચલી સંખ્યા) —મ. ના. ખત્રી



રૂપસુંદર રોનકથી શણગારેલો અકબરનો ૧૭૫ ગ્રેન વજનનો આ રૂપિયો તેના અમલના ૫૦મા વર્ષમાં આગ્રામાં પાડેલો. એક બાજુ સુશોભિત અષ્ટકોણ વેલમાં 'અલ્લાહુ અકબર જલ્લ જલાલહુ (ઇશ્વર મહાન અને તેના પ્રભુત્વથી પ્રભાવિત છે) એવું લખેલું છે, ને બીજી તરફ એવી વેલમાં 'ઝર્બ-ઈ-આગ્રાહ અમરદાદ ઈલાહી ૫૦ (આગ્રામાં અમરદાદ ઈલાહી વર્ષ ૫૦માં પાડ્યો) એવું લખાણ છે.

વિમાનમાંથી પેરેશ્યૂટની મદદથી પૃથ્વી પર ઊતરવાનો પહેલો સફળ યત્ન ૧૮૦૧માં ગાર્નુરીન નામના સાહસિકે કર્યો હતો.



પ્રવાસમાં સાથે લેવાની પેટીમાં તેલ આદિ પ્રવાહીવાળી બાટલીના મોઢે એડહેઝિવ ટેઇપની પટી સજ્જડ વીંટવાથી પ્રવાહી ઢળીને પેટીમાંની ઈતર વસ્તુઓ ખરાબ નહિ કરે.



કલાકણિકા: મુઘલ ઢબના હોક્કાની જીરજીરી (પાણી રહે તે પાત્ર): બારીકને સુશોભિત બિદરીકામનો નમૂનો.

કૂંડીમાં કે બીજે જામેલી લીલ સાફ કરવાનો રસ્તો એ છે કે તેના પર કળીચૂનો ઘોળીને સુકાવા દેવો. કળીચૂનાની ગરમી લીલને બાળીને સૂકવી નાખશે અને તે ઊખડી આવશે.

ઇંગ્લંડે હિંદ પરનું સ્વામિત્વ છોડ્યું તે સમયે હિંદની સ્થિતિ આ મુજબ છે: દરેક મનુષ્યનું સરાસરી આયુષ્ય–૨૫ વર્ષ; દરેક વ્યક્તિની સરાસરી વાર્ષિક આવક-૬૨ રૂપિયા; ભણતરનું પ્રમાણ-૧૦ ટકા; તથા દર ચાર મૃત્યુ પૈકી ત્રણનું કારણ ગરીબાઈને કારણે ઉત્પન્ન થતા રોગથી. આ છે બ્રિટિશ સામ્રાજ્યશાહીનો હિંદને મળેલો વારસો.

પોતાના આયુષ્ય દરમ્યાન દરેક માણસ સરાસરી ૨૮૦૦ મણ અનાજ ખાય છે.

મુંબાઇ પ્રાંતમાં નિશાળે જવા યોગ્ય વયવાળાં બાળકો પૈકી ૮૦ ટકા તો નિશાળે જતાં જ નથી અને ૨૧,૬૦૦ ગામડાંમાંથી ૭૮૦૦ ગામડાંઓમાં તો શાળા જ નથી.

પાતળા કરતાં જાડા માણસો વધુ આત્મહત્યા કરે છે. જગતમાંસૌથી વધુ આત્મહત્યા વીએના શહેરમાં થાય છે ને બાર મહિનામાં મે માસમાં જ એ સંખ્યા મોટી હોય છે.

તમે જાણો છો કે—


૨૫૦ રતલ ફૂલોમાંથી એક ઔંસ અત્તર તૈયાર થાય છે * ચીનમાં એક એવું ફૂલ થાય છે, જેનો રંગ દિવસે લાલ હોય છે ને રાત્રે ધોળો બની જાય છે * દેડકો પાણીની અંદર ડૂબેલો હોવા છતાં ડ્રાંઉં ડ્રાંઉં બોલી શકે છે. * એક મોટા હાથીનું વજન આશરે ૪૦૦ મણ હોય છે. * એક વર્ષમાં આંગળાંનાં નખ ૨॥ ઇંચ અને માથાના વાળ ૧૬ ઇંચ લાંબા વધે છે.

માતંગી દેવી—જે રાજમાતંગી દેવી પણ કહેવાય છે—એ પાર્વતીનું જ એક રૂપ હોઇ સંગીતની દેવી—'સંગીતમાતૃકા' પણ મનાયાં છે. મૂર્તિશાસ્ત્રમાં માનવ દેહના લાવણ્યભર્યાં અંગ-ભંગના જે પ્રકારો વર્ણવ્યા છે તે પૈકી 'આભંગ' (જેમાં શરીરનો કિંચિત જ ભંગ થઇને દેહ એક બાજુ નમેલો હોય છે એવી) સ્થિતિમાં એ ઊભાં છે. એમાં દેહભાર ડાબા પગ પર આવી જઈને જમણો પગ સહેજ આગળ પડતો વળેલો છે અને કમર આગળથી અંગ ભંગ થઇને દેહ મધુર વળાંક લે છે. બંને હાથ, જાણે વીણા ધારી રહ્યા હોય એ સ્થિતિમાં છે. કેશકલાપ ઉપર જટામુકુટની શોભા છે, જેમાં મુકુટનો નીચલો ભાગ કપાળ ઉપર સહેજ ઢળે છે અને વાળની નીચલી લટો સુંદર ગૂંચળાં લેતી પીઠ પર ઝૂલે છે. મુકુટ ચોમેર અલંકારોથી ખચેલો છે, અને પાછળના ભાગમાં માથાને અડીને પહોળું સુશોભિત 'શિરસ-ચક્ર' આવેલું છે. કાનમાં પણ અલંકારો છે. ગળામાં બે હાર છે, જે પૈકી બહારનો કેરી ભાતનો હોઈ તેની મધ્યમાં ખાસ શોભાનું ચકતું છે. એ ઉપરાંત ગળાનું એક સૂત્રાભૂષણ બે સ્તનની વચ્ચે થઇને નીચે ઊતરેલું છે, જેની વચ્ચેથી તેમજ સ્તનની ઉપરની તથા નીચેની તેની બાજુઓમાંથી સુશોભન-ફૂમતાં લટકે છે; અને તેને નીચેની બાજુએથી પીઠ પાછળ ખેંચી લઈને ત્યાં એક અલંકારથી બાંધી દીધેલું છે. હાથ પર કેયૂર (બાજુબંધ) છે, જે બહારની બાજુ જણાતી મોટી ગાંઠો વડે બાંધેલો છે. એ ઉપરાંત હાથની કોણી પર ઘરેણાં છે, કાંડાં પર કંકણ છે ને બંને હાથની ચારચાર આંગળીએ વેઢ છે. કમર પર 'કટિબંધ' છે, જેની આગલી તથા પાછલી બંને બાજુ પર મધ્યમાં એકએક અલંકાર છે. તેના છેડા ડાબી તરફ પાટલી વાળીને ખોસેલા છે, ને વચ્ચેવચ્ચે વળેલા તેના નાનાનાના ઘેરમાંથી ફૂમતાં લટકે છે. તેમાંથી અંગ પરનું વસ્ત્ર બંને પગની ઘૂંટી સુધી ઝૂલે છે અને તેના પર મોટીમોટી ચતુષ્કોણ કમળ તથા ચક્રની ભાત છે. વસ્ત્રનો સીવેલો પાટલિયાળો છેડો અંદરની બાજુથી નીકળી આવી ડાબા પગ પર લટકે છે બંને પગમાં 'પાદસર'નાં આભૂષણો છે; તેના આગલા ભાગમાં એકએક શોભન છે; અને બંને પગની ચારચાર આંગળીએ વીંટીઓ છે. પદ્મપીઠ પર તે ઊભેલાં છે.

આંખ પર ભમર જરા પણ ઉઠાવદાર ન હોવા છતાં નેત્રોને જે વિશિષ્ટરીતે નિમિલિત બનાવ્યાં છે તે કેટલાં આકર્ષક બની રહે છે! અને અંગ-ભંગનું લાવણ્ય કેટલું મધુર છે!

સ્વસ્થ સ્થિતિમાં ઊભેલી આ મૂર્તિ પ્રતિમા શિલ્પનો એક અદ્ભુત નમૂનો છે, અને એના દેહભારનાં સામંજસ્ય-સમપ્રમાણ-Balanceને-ભલભલાં શ્રેષ્ઠ પ્રતિમા-શિલ્પો પણ ટક્કર મારી શકે તેમ નથી. સંગીતભર હવામાં મધમાખોનું મુલાયમ ગુંજન થતું હોય એવી મધુર વાણી જાણે દેવી ગુંજી રહ્યાં છે. વીણાવાદન કરતાં હોય એવી સ્થિતિમાં ઊભેલાં દેવાની ઊંચી થએલી ટચલી આંગળી એમ દર્શાવી રહે છે કે એણે છેલ્લો ઝંકાર કરી લઇને તાર છોડી દીધો છે. વીણા પણ હાથમાં નથી અને તે સહેતુક છે; નહિતર એની સખત સીધી રેખાઓ, મધુર વળાંક લેતા આ દેહલાવણ્યની અદ્ભુત છંદલીલા (Rythm)માં ખૂંચત, પ્રતિમાની પીઠ જોતાંનો, કાંસાની એ સખત ધાતુમાં પણ જાણે માંસલ દેહ ડોકતો લાગે છે. અને દેહઘડતર તો તાદ્દશતાની એટલી કક્ષાએ પહોંચ્યું છે કે તેને અડવા કરતાં યે માનસ-દૃષ્ટિથી જ સ્પર્શનો અનુભવ થાય છે. અંગેઅંગના ઉઠાવમાંથી પ્રકટતી સુંદર રેખાઓએ રચેલા સનાતન સંગીત રૂપમાં કોઇ સૌંદર્યશક્તિ જ ઊભેલી હોય એમ ખરેખર લાગે છે.

અનન્ય ને વિરલ એવું આ ચિત્ર કેટલું સંપૂર્ણ છે!



માતંગી (દક્ષિણ હિંદના તાંજોર જિલ્લાની ૧૧મી સદીની કાંસુ પ્રતિમા)
(અમદાવાદના શ્રી ગૌતમ સારાભાઈના કલાસંગ્રહમાંથી)

वीणामालापयन्तीं च मातङ्गी प्रणमाम्यहम् ॥ (राजमातङ्गीकल्प)

नखमुखमुखरित-वीणानाद-रसास्वाद-नवनवोल्लासं ।
मुखमम्ब मोदयतु मां मुक्तातार्टंक मुग्ध हसितं ते ॥

(कालिदास काव्यमालाया: नवरत्नमाला)